
સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૦ | સળંગ અંક : ૪૮૫ | અંક : ૬ | જુલાઈ - ૨૦૧૭



# બાળકો કહે છે...

અમને ઉતારી ન પાડો.
અમારા પ્રત્યે પક્ષપાત ન કરો.
સારા દેખાવો, સારું વર્તન કરો.
વર્ગમાં ફડાકા (ગપ્પાં) ન મારો.
અમારી મહેનત પર નજર તો નાખો.
અમને વાત-વાતમાં ધમકાવશો નહિ.
અમને થોડા હસાવો અને તમે પણ હસો.
જે ભણાવો તે પૂરી તૈયારી કરીને ભણાવો.
બહુ બૂમ-બરાડા ન પાડો, શાંતિથી બોલો.
બાથરૂમ જવાની છૂટ આપો, ગોંધી ન રાખો.
ઈતર સાહિત્ય વાંચીને તેની વાતો અમને કરો.
અમારી સર્જકતાને વખોડો નહિ, પ્રોત્સાહિત કરો.
ધીરજ રાખો, અમને બધુ ઝટપટ ન આવડી જાય.
તમારું પાંડિત્ય ન દેખાડો, ભારેખમ શબ્દો ન વાપરો.
બધુ અમારા ઉપર ન છોડો, અમને વધુને વધુ મદદ કરો.
અમને માત્ર માહિતી ન આપો, વિષય ઊંડાણમાં લઈ જાઓ.
અમને માત્ર માહિતી ન આપો, વિષય ઊંડાણમાં લઈ જાઓ.
અમને સ્વાધ્યાયના ભાર નીચે ન દાબો, થોડીક મોકળાશ આપો.
અમે લેસન કરીએ ત્યારે બેસી ન રહો.
અમારી વચ્ચે ફરો, જુઓ અને પ્રેરો.
વર્ગ છોડીને બહાર ન જાઓ. તમારી ગેરહાજરીમાં
ઘણું બને છે જે અમને નથી ગમતું.

**બાલ દેવો ભવ:**

# ઘરશાળા


**જુલાઈ - ૨૦૧૭**

**વર્ષ : ૪૦ સળંગ અંક : ૪૮૫**



સ્થાપક તંત્રીઓ : **હરભાઈ ત્રિવેદી**, **રઘુભાઈ નાયક**

તંત્રીઓ : **જશીબહેન નાયક**, **જ્યોતીન્દ્રભાઈ દવે**, **સજુભા ઝાલા**

પરામર્શ : **મૃદુલાબહેન ત્રિવેદી**, **અમીતાબહેન પાલખીવાલા**, **અશોકભાઈ સોમપુરા**, **હેતલબહેન શાસ્ત્રી**

લે-આઉટ - ડિઝાઈન : **મનીષ પટેલ**


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતિ ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઇચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

| લવાજમ : | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક : | ૧૫૦/- | ૪૦ $ | ૨૫ £ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦/- | ૨૦૦ $ | ૧૦૦ £ |


**કાર્યાલય :**
**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
Email : gharashala@saraswatividyamandal.org
website : saraswatividyamandal.org


## અનુક્રમ


| | | |
|---|---|---|
| મારી શૈક્ષણિક વિભાવનાઓ | ડૉ. મોહનભાઈ પંચાલ | ૪ |
| સંપાદકીય | હેતલ શાસ્ત્રી | ૫ |
| સ્મરણયાત્રા | જશીબહેન નાયક | ૬ |
| અંગ્રેજી ભાષાનું શિક્ષણ | હરભાઈ ત્રિવેદી | ૧૨ |
| ભારતમાં સમાવેશી શિક્ષણ દિશા અને દશા | રવીન્દ્ર અંધારિયા | ૧૭ |
| વરસાદ (બાળગીત) | મિત્તલ પટેલ "પરિભાષા" | ૧૮ |
| શિક્ષણમાં 'પ્લેસિબો' ઈફેક્ટ.... | ડૉ. મીતા એચ. થાનકી | ૧૯ |
| 'ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયક-૨૦૧૭' - એક સમીક્ષા | રણછોડ શાહ | ૨૧ |
| શિક્ષણને મોંઘુદાટ કરવામાં સંચાલકો જેટલા જ જવાબદાર વાલીઓ પણ છે | રમેશ તન્ના | ૨૭ |
| ડૉ. આંબેડકર : સંઘર્ષમય અને કઠોર પરિશ્રમ દ્વારા માનવમૂલ્યોની કેળવણી | પ્રવીણભાઈ કે. મકવાણા | ૨૯ |
| પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય (સન્માન) | પાલખીવાલા અમિતા | ૩૨ |
| પ્રત્યેક ભારતીયને ડૉ. એ. પી. જે. અબ્દુલકલામનો પત્ર | | ૩૫ |
| મા - મારે તારા ખાળોમાં રમવું છે | શાહ ચૈતાલી હિરલભાઈ | ૩૭ |
| વિદ્યાર્થી આલમ | | |
| અભ્યાસને પ્રેમ કરો | જાદવ મિતાલી વી. | ૩૮ |
| લોકશાહીમાં સબળ વિપક્ષનું મહત્ત્વ | પંચાલ રિદ્ધિ એ. | ૩૯ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા | ૪૧ |
| વરસાદ.... | કિરીટ ગોસ્વામી | ૪૨ |


**"ઘરશાળા" શૈક્ષણિક માસિક**

**લેખક જોગ - વાચકો જોગ**

**માહિતી મોકલવા માટે ઈ-મેઈલ**

**gharashala@saraswatividyamandal.org**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## પ્રેમ અને શોખ આત્મીયતા સ્થાપે છે

આપણે જોઈએ છીએ કે, બાળકોમાં પ્રેમ, અભિરુચિ અને શોખની લાગણી વિશેષ પ્રમાણમાં હોય છે. કોઈ મનગમતી વસ્તુ, વ્યક્તિ કે સ્થળ પરિસ્થિતિ માટે બાળકોને સાહજિક પ્રેમ જન્મે છે, ભાવના જાગે છે. આવી કોમળ લાગણીથી પ્રેરાઈને તે સાથે આત્મીયતા બંધાય છે. વળી, બાળકોને સારાં, સુન્દર, રંગબેરંગી વસ્ત્રો પહેરવાનો, અવનવી રમતો રમવાનો અને ફૂલો, સિક્કા, ટપાલટિકિટો ભેગી કરવાનો શોખ પણ હોય છે. આવો શોખ સંબંધિત વસ્તુ કે વ્યક્તિ પ્રત્યેના પ્રેમનો નિર્દેશ કરે છે.

નવમા ધોરણમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીને તેની શિક્ષિકા ખૂબ ગમે છે, કેમ કે તેનો સ્વભાવ, મધુર વાણી અને વસ્ત્રપરિધાનથી તે આકર્ષાયેલો છે. વાતવાતમાં તે વીણાબહેનનાં વખાણ કરે છે. તેમની અનેક બાબતો વિષે તે ગૌરવથી અભિપ્રાય આપે છે. હંમેશા તેમના સાનિધ્યમાં રહેવાનું પસંદ કરે છે. આના પરિણામે તે વિદ્યાર્થી અને તેની પ્રિય શિક્ષિકા વચ્ચે આત્મીયતા બંધાય છે.

આવા વાતાવરણમાં વિદ્યાર્થીઓના વિવિધ વસ્તુઓ, પ્રવૃત્તિઓ કે ટેવો પ્રત્યેનો તેમનો શોખ, પ્રેમ અને આત્મીયતા કેળવવા માટે શિક્ષકે ઉચિત અભિગમ વિકસાવવો ઘટે. તેમના રસ, રુચિ ને શોખના વિષયો, વસ્તુઓ અને આત્મીયજનો પ્રત્યે માબાપ તથા શિક્ષકોએ આદર દાખવવો ઘટે.

બીજી એક વિદ્યાર્થિનીને ટપાલટિકિટોનો સંગ્રહ કરવાનો શોખ છે, તો શિક્ષકે તેના એ શોખની તારિફ કરી, સહાય અને પ્રોત્સાહન પૂરાં પાડવાં જોઈએ. તેમ કરતાં પેલી વિદ્યાર્થિનીની લાગણીનો વિકાસ થશે, જે ક્રમશઃ તેનો વ્યક્તિત્વ વિકાસ સાધવામાં ફાળો આપશે. એ જ વિદ્યાર્થિનીને તેની સહિયર સાથે આત્મીયતા બંધાઈ ગઈ છે. ત્યારે શિક્ષકે તેની આત્મીયતાની કદર કરી, સ્વીકાર કરવો ઘટે.

## સંપાદકીય

**હેતલ શાસ્ત્રી**

# ક્ષણ-ક્ષણનો સંઘર્ષ

તાજેતરમાં UPSCMíkTનું પરિણામ જાહેર થયું. આ પરિણામોમાં કેટલાક છાત્રોના પરિણામોનું વિશ્લેષણ તેમની ભૌગોલિક અને આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કરીએ તો રાષ્ટ્રના યુવાનો માટે તેમની સફળતા ચોક્કસથી પ્રેરણાદાયી અને હકારાત્મક બની શકે તેમ છે. આઝાદી પછી હંમેશા વિવાદોમાં ઘેરાયેલું ભારતનું રાજ્ય જમ્મુ-કાશ્મીર, જ્યાં છેલ્લા ત્રણ દાયકાથી પરિસ્થિતિઓ ખૂબ વિપરીત રહી છે. ત્યાંનો પ્રત્યેક નાગરિક ક્ષણે-ક્ષણે સંઘર્ષ અનુભવી રહ્યો છે. યુવાનો ગેરમાર્ગે દોરાઈ રહ્યા છે. રાજકીય લાભ લેવા માટે વિવિધ પક્ષો હંમેશા તૈયાર હોય છે પણ રાજ્યની પરિસ્થિતિને વિષમ બનતી જતી રોકવા માટે કે યુવાનોને વિશ્વાસમાં લેવાની કોઈ ઈચ્છાશક્તિ દેખાતી નથી. તાજેતરનું ચિત્ર એવું છે કે પ્રત્યેક સવારે, પ્રત્યેક ભારતીયને લાલ બહાદુર શાસ્ત્રીનું સૂત્ર 'જય જવાન - જય કિસાન'ની યથાર્થતાની સંવેદનાની અનુભૂતિ થયા વગર રહેતી નથી. કાશ્મીરના આ અંધકારમય વાતાવરણમાં પણ પ્રકાશ દેખાઈ રહ્યો છે તેવું કહેવાનું મન થઈ રહ્યું છે. કારણ છે,..... UPSC ના છેલ્લા પાંચ વર્ષના પરિણામોનું વિશ્લેષણ કરીએ તો જમ્મુ-કાશ્મીરના ૬૦ જેટલા યુવાનો IAS, IPS બન્યાં છે. ૨૦૧૭નાં વર્ષમાં UPSC પાસ કરનાર ઉમેદવારની સંખ્યા ૧૪ છે. તેમાંની એક ઉમેદવાર છે, બિસ્મા કોઝી. જે ૨૫ વર્ષીય એન્જિનીઅર યુવતી છે. છેલ્લા ઑગસ્ટથી કાશ્મીર ખીણની પરિસ્થિતિ ખૂબ ખરાબ થયેલ છે. સતત લોકોના, વિદ્યાર્થીઓના ઉશ્કરાયેલ ટોળાઓ રસ્તાઓ પર ઘસી આવે છે, પથ્થરમારો કરે છે. દિવસો સુધી કરફ્યૂ રહે છે. આવા વિસ્તારમાં જ્યારે એક યુવતી પોતાના મગજ પર કાબૂ રાખીને હાથમાં લીધેલ કાર્ય સુપેરે પાર પાડે છે. ત્યારે આશાનું કિરણ પ્રગટતું દેખાઈ આવે છે. આવું બીજું ઉદાહરણ દક્ષિણ કાશ્મીર સ્થિત સફળ ઉમેદવાર સોહેલ કાસિમનું છે. જેના પિતા હેડ કોન્સ્ટેબલ છે અને તેણે પ્રથમ પ્રયત્ને UPSC ની પરીક્ષા પાસ કરેલ છે. હકીકતમાં છેલ્લા પાંચ વર્ષમાં કાશ્મીર યુવાનોને પ્રેરિત કરનાર યુવાન છે, ૨૦૦૯નો UPSC ટોપર શાહ ફેઝલ. તેની પ્રેરણાએ અનેક કાશ્મીરી યુવાન-યુવતીઓના વિચારોમાં બદલાવ લાવ્યો છે. આઘાત આપનારી વાત એ પણ છે કે છેલ્લા પાંચ મહિનામાં સરકારી આંકડા મુજબ ૧૨૮ જેટલા નવયુવાનો આંતકવાદી સંગઠનોમાં જોડાયા છે. ભણેલા-ઉચ્ચ ડિગ્રીધારકો પોતાનો માર્ગ ભટકી ચૂક્યા છે. તેવા સંજોગોમાં શાહ ફેઝલ, બિસ્મા કોઝી, સોહેલ કાસિમ જેવા હકારાત્મક સફળ યુવાન-યુવતીઓનો ચહેરો વ્યાપકપણે દેશમાં આગળ કરીને, તેમની મદદથી ગેરમાર્ગે દોરાયેલા નવયુવાનોને સંદેશો આપી શકાય, સમસ્યાઓના મૂળ સુધી પહોંચી શકાય અને એક સામાન્ય કાશ્મીરી નાગરિકની મનોદશાનો તાગ મેળવી શકાય. અહીં બેસીને પરિસ્થિતિનો સંપૂર્ણ તાગ મેળવવો કે વધુ લખવું અશક્ય છે. પરંતુ આવી ભયાનક પરિસ્થિતિઓ વચ્ચે પણ જેઓ પોતાના મન અને હૃદયને કેળવી રહ્યા છે, શાંત રાખી રહ્યા છે તેવા સફળ કાશ્મીરી યુવાન-યુવતીઓને અભિનંદન.

## સ્મરણયાત્રા

**જશીબહેન નાયક**

મૈત્રી સોસાયટી, આંબવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

# અમારું પહેલું નવું વર્ષ...

અમારું આ નવું વર્ષ અમારે માટે ઉત્સાહ, છતાં થોડી પરિસ્થિતિને સમજીને કામ કરવાનું હતું.

૧૯૪૫-નો જૂન માસ. ઉત્સાહ ઘણો હતો. છતાં નવા વાતાવરણને સરસપુરને સમજીને આ ક્ષેત્રમાં કામ કરવાનું હતું. એ માટે અમે મનમાં સતત જાગૃત રહેતાં, કારણ આ લત્તાને પોતાને જ પોતાનાં મૂંઝવતા પ્રશ્નો હોવા છતાં એ માટે જાગૃતિ નહિવત્ હતી.

"આપણે માટે એકેડેમી-શૈક્ષણિક વર્ષ આ પહેલું ગણાય નહીં? શાળા ઊઘડતાં પહેલાં આ પ્રશ્ન મનમાં ઊભો થતો અને મેં રઘુભાઈને પૂછ્યું :

"કોઈ પણ શાળા શરૂ થાય ત્યારે નવા વર્ષે વિદ્યાર્થીઓ, શિક્ષકો આવે ત્યારે તેમને કંઈક નવું જોવા મળે તો તેઓને ખૂબ ગમે." શાળાને રંગ કરેલો એ જોતાં જોતાં રઘુભાઈ બોલ્યા,

"હા-હો-છાપરાં રંગાયા-કાણાં પૂરાયાં, દીવાલો રંગાઈ, થોડા ઘણા ફૂલોના છોડવાઓ નંખાયા, એ બધું તો થયું પછી હવે નવું શું કરવાનું ?"

"આ લત્તામાં આપણી આ એક જ શાળા. આ બાળકો માટે હમણાં તો વર્ગો સરસ ચાલે, નિયમિત ભણાવાય અને તેઓને ભણાવવાનો, જ્ઞાન પ્રાપ્ત કરવાનો શોખ લગાડી શકીએ, એ જ અગત્યનું અને મોટું કામ છે. "ભણવું જોઈએ." "આગળ વધવું જોઈએ." એ જ ચા પીતાં પીતાં આવી સ્પષ્ટતા મનમાં થઈ અને અમે ૧૦ વાગે તૈયાર થઈ ગયાં.

આજે શાળાનો પહેલો દિવસ હતો. અમે અમારી નાની અંધારી-અજવાળી ઓરડીમાંથી બહાર નીકળ્યાં.

નાની-ઓરડીમાંથી વિશાળ મેદાનમાં આવ્યાં.

અમારી રૂમ ખરેખર નાની હતી, એવું મનમાં થતું, છતાં એવી લાગણી તરત જ ભૂલાઈ જવાતી કારણ મિલનાં ગોડાઉનની આ જૂની શાળાને આગળ-પાછળ બંને તરફ વિશાળ મેદાન હતું. આ વિશાળ ખાલી જગાઓ અમારી શાળાનું મકાન ૧૦૦ વર્ષ જૂનું છે, એ વાત ભૂલાવી દેતી.

"બધું વ્યવસ્થિત છે કે નહીં?" એ અમે તપાસી રહ્યાં હતાં ત્યાં તો શાળામાં નવચેતનાએ પ્રવેશ કર્યો.

૧૦-૧૨ બાળકો હાથમાં પોતાના નવા વર્ગનાં પુસ્તકો સાથે પ્રવેશ્યાં. મોં પર ખુશાલી હતી. છેલ્લા નવેમ્બરમાં મોં પર જે "શુષ્ક-ડલ" ભાવો દેખાતા હતા તેને બદલે તેજ હતું.

"જૂઓ, જૂઓ-આ બાળકોમાં ગયા સત્ર કરતાં કેવો ફરક લાગે છે?" મારાથી મનનો આનંદ એકાએક વ્યક્ત થઈ ગયો.

"હા - થોડો ઘણો ફેરફાર લાગે છે. તરવરાટ પણ જણાય છે."

રઘુભાઈના જવાબો હંમેશા સમતોલ વાણીમાં મળતા.

"ચાલો બીજાં બાળકો આવે તે પહેલાં આપણી ઑફિસ પણ વર્ગોની જેમ જ ચોખ્ખી અને વ્યવસ્થિત છે કે નહીં એ જોઈ લઈએ?" રઘુભાઈ ઓફિસ તરફ વળ્યાં.

"ઑફિસમાં વળી શું જોવાનું ? ધીરે ધીરે અડધો કલાકમાં તો..." ઑફિસ તો શાળાનું હૃદય છે-જેમ શરીરમાં હૃદય અગત્યનું છે તેમ દરેક સંસ્થાની ઑફિસ પણ અગત્યની છે. હૃદય સ્વસ્થ-ઑફિસ સમજણપૂર્વક કામ કરે તો સંસ્થા સારી જ ચાલે."

અમે ઑફિસનું નિરીક્ષણ કરીને ૧૦-૧૫ મિનિટમાં બહાર આવ્યાં.

વિશાળ કમ્પાઉન્ડમાં આવેલા બે ઘટાદાર લીમડાનાં

ઝાડવાંઓ અમને બહુ ગમતાં. આ બંને ઘટાદાર વૃક્ષો શાળાને રૂપાળી બનાવી દેતાં.

ઘટાદાર લીમડાની નીચે ઊભાં ઊભાં અમને કામ કરવાની કંઈક ઓર મજા પડતી. અમે ઑફિસમાંથી જેવાં બહાર આવ્યાં ત્યાં જૂન માસની બે-પાંચ નાની નાની વાદળીઓ વરસી. જાણે છાંટણા છાંટીને મેદાનને રૂપાળું બનાવ્યું. એ પહેલા જ વરસાદના છાંટાઓ હોવાથી માટીની સોડમ ચારેકોર પ્રસરાવી દીધી.

"તમારા ઉત્સાહથી હું ખુશ છું પણ તમે શુકનમાં ક્યારથી માનવા લાગ્યા ? હરભાઈ ત્રિવેદીની દીકરીને વળી શુકન શું, અપશુકન શું ?"

રઘુભાઈએ અવાજમાં જાણે હરભાઈ પોતે હસતા હસતા જાણે કહી રહ્યા હતા. "બહેન-સારા કામ કરોને વિજય તમારી સામે આવીને ઊભો રહેશે. શુકન દોડતા આવશે. રઘુભાઈ અને હરભાઈના વિચારો ઘણી વાતોમાં સરખા જ લાગતા.

"શુદ્ધ હેતુથી કરેલું કામ જ ઊગી નીકળશે."

રઘુભાઈ આ વાત તો મને વારંવાર કહેતા છતાં બાળકોનું આગમન, મેદાનને ભીનું કરી ગયેલી વાદળી, મારા મનમાં ઉત્સાહ અને આનંદ વધાર્યે જતા હતા. આદરેલા દરેક કાર્યમાં પગલે-પગલે રઘુભાઈની વાતો સમજવા મળતી જે સ્વરૂપ તેઓ આપતા રહેતા, આપ્યાં જ કરતાં.

ચાલો શાળા શરૂ કરવાના પહેલા દિવસની પૂર્ણ તૈયારીઓ લગભગ થઈ ચૂકી છે.

**વ્યક્તિત્વમાં તફાવત :**

ચાલો, હવે "આગે કદમ બઢાઓ" અમારી વાતો પૂરી થઈ ત્યાં તો યુવાન બાળકોના અવાજો આવ્યા. લગભગ અડધા ભાગનાં બાળકો આવી પહોંચ્યા હતાં. દફતર સાથે હસતા ચહેરાઓ જોઈને ખુશ ખુશ થઈ ગયા. બાળકોના વ્યક્તિત્વમાં ફેરફાર લાગે છે ? રઘુભાઈએ નજીક આવીને મને પૂછ્યું.

આજે સૌ મુક્ત-મનથી હરતા ફરતા અને વાતો કરતા હતા. શાંત શાળાની દિવાલોમાં જીવન-ચેતનાએ પ્રવેશ કર્યો. "પાંચ-છ માસના કામથી બાળકોમાં કેવો ફરક લાગે છે, નહીં ?" હા...શ... જાણે સમજણપૂર્વક બાળકો સાથે કામ કરવાની મજા પડશે." મારા મનનો તો ઉત્સાહ માતો નહોતો. અનહદ આનંદ વ્યક્ત થતો હતો. રઘુભાઈના મોં પર પણ સ્મિત વારંવાર આવતું હતું.

"હવે માથાના વાળ વ્યવસ્થિત રાખો, ચોખ્ખાં કપડાં પહેરો વગેરે આવી સૂચનાઓ વારંવાર નહીં આપવી પડે." એનો ખ્યાલ અમને આવી ગયો. અમારાં બંનેની નજર બાળકના વ્યક્તિત્વમાં આવેલા ફેરફાર તરફ જ હતી."

૧૧ વાગતાં તો શાળાનું કમ્પાઉન્ડ બાળકોના અવાજોથી છવાઈ ગયું. "હા...શ... ૧૯૪૫ના નવેમ્બરમાં દેખાતા બાળકો જૂનમાં સ્માર્ટ દેખાવા લાગ્યાં, થોડી મહેનત ફળી હતી, એનો સંતોષ થયો.

જો આટલા બધા શિક્ષકો અને બાળકો ન હોય તો અમે એકબીજાને ભેટી પડત.

"ચાલો ત્યારે તમે હવે પ્રાર્થનાની તૈયારી કરાવો." મેં સૌને વર્ગ પ્રમાણે બેસાડવાની શરૂઆત કરી. લાઈબ્રેરીમાં મદદ કરતો "મોહન" તો બધી જ પ્રવૃત્તિઓમાં મદદ કરવા હાજરા-હજૂર જ હોય. તેના બે ચાર દોસ્તોને લઈને મને મદદ કરવા લાગ્યો.

"મોહન આ અગરબત્તી, ફૂલદાની, ટેબલક્લોથ-બધું સરસ ગોઠવજો હોં." મોહન તો મારી વાત સાંભળતાં જ બધું સમજણપૂર્વક ગોઠવવા પ્રયત્ન કરતો હતો. હું પણ મોહનને મદદ કરવા લાગી. અમારી પાસે ટોળું વળીને ઊભેલા શિક્ષકોને મેં વિનંતી કરી. "તમે પણ અમને મદદ કરશો તો સારું" તેઓ સૌ પહેલાં તો એકબીજાની સામે જોવા લાગ્યાં. કદાચ આવું કામ કદી કર્યું નહીં હોય !

"કોણ પહેલ કરે ?" મદદ કરવા લાગીએ તો બીજા

શિક્ષકો ટીકા તો નહીં કરે ને ? આવા અનેક પ્રશ્નો તેમના મનમાં જરૂર ઊભા થયા હશે, પણ જે બે શિક્ષકો વેકેશનમાં લાઈબ્રેરીમાં મદદ કરતાં, તેઓએ અમારી ગોઠવણીમાં મદદ કરવાની પહેલ કરી. તેઓને જોઈને બીજા એક-બે શિક્ષકો પણ આવ્યા. આમ, શિક્ષકો હું અને વિદ્યાર્થીઓએ પ્રાર્થનાની ગોઠવણી કરી નાખી. સૌનો સહકાર મળતાં પ્રાર્થના સૌની બની ગઈ.

સૌ વ્યવસ્થિત ગોઠવાઈ ગયાં. સંગીત શરૂ થયું. આજે સંગીત અને પ્રાર્થનામાં સૌનું ઈન્વોલ્વમેન્ટ હતું.

રઘુભાઈએ સંગીત પૂરું થતાં શાળાની વ્યવસ્થા-કયા વર્ગોને ક્યાં બેસવાનું છે એની સમજણ આપી. અને 'આજથી જ ભણવાનું શરૂ કરો તો વર્ષને અંતે બધા જ વિષયોનો અભ્યાસક્રમ પૂરો થઈ જશે. એ વાત ઉપર ભાર મૂકીને સમજણ આપી.

નવા વર્ષનો આવકાર આપ્યો અને ''આપણે સૌ ભેગા મળીને સરસ કામ કરીએ'' એવો ઉત્સાહ આપ્યો. પછી જેમ જેમ વર્ગોનાં નામ બોલતાં ગયાં તેમ તેમ સૌ વર્ગો પોતાના વર્ગ-શિક્ષક સાથે વર્ગોમાં પહોંચી ગયા.

આમ ૧૯૪૫ના જૂન માસમાં શાળાનું નવું વર્ષ અનેક ભાવનાઓ, ઉત્સાહ અને સમજણ સાથે શરૂ કર્યું.

બાળકોનો વિકાસ અને જીવનમાં આગળ વધવા માટેની અનેક નાની નાની યોજનાઓ વિચારવાનું અમે શરૂ કર્યું.

દરેક નવા દિવસે બાળકોમાં ફરક આવતી સમજણ વધવા લાગી. અમારું કામ આગળ ધપ્યું.

ઑગસ્ટમાં બાળકોની પહેલી પરીક્ષાઓ લેવાની યોજના હતી. દર અમુક દિવસે અમુક યુનિટ પૂરા થાય ત્યારે ટેસ્ટ લેવો એ યોજના પ્રમાણે લગભગ ૬૦ દિવસના કામ પછી પરીક્ષા લેવાની હોવાથી ઑગસ્ટનાં અંતમાં પરીક્ષાઓ લેવાઈ.

ધાર્યા કરતાં દરેક વર્ગનું પરિણામ નબળું આવ્યું.

**સ્તર ઊંચું લાવવાની યોજના :**

પરિણામની, નબળા-પરિણામની વિચારણા કરવા અમે શિક્ષકોની સભા કરી અને દરેક વર્ગના નબળા બાળકોની વ્યક્તિગત ચર્ચા કરી. દરેક વર્ગના નબળા બાળકોને પહેલાં સહેલું સહેલું હોમવર્ક આપવું પછી ધીરે ધીરે અઘરું હોમવર્ક આપવું. ચાલુ વર્ગે આ નબળા બાળકોને વધારે પ્રશ્નો પૂછવા, પ્રશ્નોના જવાબો વખતે પ્રેરણા આપવી વગેરે યોજનાઓ બનાવી. વ્યક્તિગત જે શિક્ષકોને બીજા પ્રયત્નો કરવા હોય તો તે પણ કરવા દેવા. પણ ''તમે સૌ આવતી બીજી પરીક્ષામાં સારું જ પરિણામ લાવવાના છો'' એવો આત્મ-વિશ્વાસ ઊભો કરવો. આવી ચર્ચા-વિચારણાઓથી સૌ શિક્ષકો વર્ગમાં વધારે જાગૃત થયા અને અભ્યાસમાં નબળા બાળકો પર ધ્યાન વધારે આપતા થયા.

આમ આવી યોજનાને લીધે થોડા પ્રયત્ને બીજી પરીક્ષાઓમાં (લગભગ નવેમ્બરમાં) સારું પરિણામ અમે લાવી શક્યા.

પરિણામની ટકાવારીમાં પણ ફરક પડ્યો, તેથી અમે, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને મા-બાપો ખુશ હતાં.

આમ નવા વર્ષમાં છ એક માસમાં વિદ્યાર્થીઓને અભ્યાસ માટેનો ઉત્સાહ આપવામાં અને સારી ટેવો પાડવામાં અમને સફળતા મળી.

''બાળકોમાં જે ફેરફાર દેખાય છે એ જોતાં ''આ લત્તામાં આપણે કામ કરી શકીશું-એવી શ્રદ્ધા મનમાં વધતી જાય છે, નહીં ?'' શાંતિ તોડીને મેં વાત શરૂ કરી. રઘુભાઈ ઊંડા વિચારમાં હતા. ''અત્યારે જરૂર કંઈક બીજા પ્રોજેક્ટના વિચારમાં હોવા જોઈએ.'' મારા મનમાં વિચાર આવી ગયો. મારા પ્રશ્નનો જવાબ માત્ર ''હં'' ટૂંકો જવાબ આવ્યો. ફરી મેં પૂછ્યું. ''મારી વાત સાંભળી ? તમે કંઈક બીજા વિચારમાં લાગો છો ?'' જુદી જુદી યોજનાઓ કરીએ તો જ વિદ્યાર્થીઓનું ભાવિ ઊજળું બનાવી શકીએ, ''તમારી વાત મેં સાંભળી છે પણ હવે આગળ શું ?

બાળકોમાં જે ફરક આવ્યો છે એ એક આશાનું સોનેરી કિરણ છે એને ધ્યાનમાં લઈને તેમને હવે અભ્યાસક્રમ ઉપરાંત કંઈક આપવું જોઈએ. "રઘુભાઈનો અવાજ ધીર-ગંભીર હતો.

"તો એ માટે શું થઈ શકે ?" સૌને આગળ વધારી શકાય એવી શ્રદ્ધા તો વધતી જાય છે."

**ઇત્તરપ્રવૃત્તિઓ :**

રઘુભાઈ બોલી ઊઠ્યા : "આ અભ્યાસક્રમમાં તેઓ આગળ વધ્યા છે. એ જોઈને બેસી રહેવાય ? આપણી શાળા તો ઇત્તરપ્રવૃત્તિઓથી ધમધમતી હોવી જોઈએ. ઇત્તર-પ્રવૃત્તિથી જ એમનો વિકાસ કરી શકીશું. આ બાળકો તો એલિસબ્રિજની શાળાઓના બાળકોથી કોઈ રીતે ઉતરતા નથી. એવા જ બુદ્ધિશાળી છે.

માત્ર અભ્યાસક્રમ તો બાળકોને પોપટિયું જ્ઞાન આપે છે. ઇત્તર-પ્રવૃત્તિ કે પૂરક-પ્રવૃત્તિ જ જીવન-વિકાસમાં કામ લાગે છે. રવીન્દ્રનાથ તો બધું યે ભણતર શાળાની બહાર રહીને જ ભણ્યા હતા. આપણે એમાંનું કંઈક તો કરીએ. "સાહિત્ય સંગીત કલા વિહીન" જે હોય એમનું જીવન હંમેશા અધરું હોય છે.

ઇત્તર-પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને પૂરો માનવી બનવામાં મદદરૂપ બને છે. આજે ય અમે શાંતિ નિકેતનની પ્રવૃત્તિઓને યાદ કરીને ગૌરવ અનુભવીએ છીએ. "આટલી વાત થતાં થતાં તો મારા મનમાં વિચાર-ધારાઓનો પ્રવાહ ચાલ્યો. શાંત ગંભીર લાગતા રઘુભાઈની છાપ જરૂર જુદી પડે છે. શિસ્તમાં માનનારા રઘુભાઈ જ્યારે રવીન્દ્રનાથ ટાગોરના કાવ્યો મનમાંને મનમાં ગણગણતા હોય છે, કોઈ પૂછે તો પોતે જ ગીત ગાતા હોય - એની ભાવના સમજાવવા લાગી જાય. સંગીતકાર નહીં પણ સારા કાવ્યો અને સંગીતના ઉપાસક જરૂર કહી શકાય. મને મારી શાળા પણ યાદ આવી ગઈ. દક્ષિણામૂર્તિ વિનયમંદિરમાં શ્રી હરભાઈ આચાર્ય હતા. ત્યારે રમતો, સંગીત પત્રિકાઓ, એડિટિંગ વગેરે પ્રવૃત્તિઓ અમારામાં આત્મશ્રદ્ધા ઊભી કરતી. ઇત્તર-પ્રવૃત્તિ માનવીના જીવનની બધી બાજુઓને વિકસાવે છે જ પણ સાથે સાથે આત્મશ્રદ્ધાને પણ જન્મ આપે છે. માનસિક વિકાસ આ સંસ્કાર-પ્રવૃત્તિઓ કરે છે.

આપણે આવી સંસ્કૃતિક પ્રવૃત્તિઓને ધીરે ધીરે શાળામાં લાવવી જોઈએ.

આ વાત પ્રાર્થનામાં જ બાળકોના મનને અપીલ કરે એ રીતે કરી અને જાહેરાત કરી કે જે બાળકોને સાહિત્ય, સંગીત, કલા, વિજ્ઞાન વગેરેમાં રસ હોય તે સૌ આજે સંમેલન ગૃહમાં રિસેસમાં ભેગા થાય.

રિસેસ પડી, હું પ્રાર્થના હૉલમાં ગઈ તો લગભગ ૧૫-૨૦ બાળકો મારી રાહ જોઈને બેઠાં હતાં. આજે આ બધા વિદ્યાર્થીઓનાં સાચાં નામ યાદ નથી. પણ તે વખતે સમાજમાં જે નામો પ્રચલિત હતાં - તે કાલ્પનિક નામો લખું છું. હૉલમાં થોડી ઘણી વાતો કરીને વ્યક્તિગત મેં સૌને પૂછવા માંડ્યું : "છગન" તને શામાં રસ છે ?

છગન કહે, "બહેન મને છાપા વાંચવામાં.

"રમણ તને ?" બીજાને પૂછ્યું, તેણે તરત જ જવાબ આપ્યો.

"બહેન મને ગીતો ગાવામાં"

"ધીરું તને ?"

વાર્તાઓ અને નવલકથા વાંચવામાં "કનુ તને ?"

"વિજ્ઞાનના પ્રયોગો કરવામાં" બસ આ જવાબો જ અમારે માટે એક શોધ થઈ.

આટલાં ૧૫-૧૭ વિદ્યાર્થીઓ બીજાને જરૂર પ્રવૃત્તિ કરીને પ્રેરણા આપી શકશે. "કનુભાઈ" તમે વિજ્ઞાન પત્રિકા શરૂ કરી શકો ? હું અને વિજ્ઞાન શિક્ષક આવી પત્રિકાઓમાં શું લખવું ? એ બતાવીશું.

સંગીત-શિક્ષકે રિસેસ છોડી દીધી અને અઠવાડિયામાં બે વખત રિસેસમાં બાળકોની એક સંગીત ક્લબ શરૂ કરી,

પછી તો શાળા પૂરી થયા પછી પણ બે દિવસ ૩૦-૪૦ મિનિટ બાળકોને યૌવનનાં ગીતો શીખવતાં "વિજ્ઞાન પત્રિકા" તો એવી સરસ બની કે દર અઠવાડિયે વિજ્ઞાન પત્રિકા બહાર પાડવાના દિવસની સૌ રાહ જોતાં. અઠવાડિયામાં બે પિરિયડમાં ચર્ચા સભાઓ યોજાઈ. સંગીતના કાર્યક્રમો યોજ્યાં. વિજ્ઞાનની શોધો ઉપર અહેવાલ આપવા લાગ્યાં.

બસ હવે સાંજ પડ્યે આ બીજી પ્રવૃત્તિઓના રસિકો શાળાના એકાદ ક્લાસરૂમમાં બેસીને કંઈક પ્રવૃત્તિઓ કરે અને કંઈક સર્જન કરે. આ દરેક પ્રવૃત્તિને વિષય-શિક્ષકની પ્રેરણા મળે તો રંગ જામી જાય.

આમ બે યોજનાઓની શરૂઆત થઈ.

(૧) અભ્યાસમાં નબળા બાળકોને આગળ ધપાવવા.

(૨) બીજી પ્રવૃત્તિઓથી બાળકોનો વિકાસ કરવો. પ્રવૃત્તિ ચાલે ત્યાં સુધી અમે પણ શાળામાં કંઈક કામો કર્યા કરતા.

(૩) ક્લાસરૂમની ચાર દિવાલો વચ્ચે ચાલતાં શિક્ષણમાં બાળકોનો વિકાસ રૂંધાતો હતો તે બાળકો ઇત્તર-પ્રવૃત્તિને લીધે મુક્તપણે હરતાં ફરતાં થઈ ગયાં.

**અણધારી મુશ્કેલી :**

અનેક પ્રવૃત્તિઓ કરતાં બાળકો પોણો કલાક પછી ઘેર ગયાં. તેઓ ગયાં એટલે હું અને રઘુભાઈ પણ ઘર તરફ જવા નીકળ્યાં. શાળા સાંજે પણ ચેતનવંતી રહેતી એ એક એચીવમેન્ટ હતું.

એક બાજુથી શાળાનો પાયો નંખાતો હતો ત્યાં જ બે ત્રણ શિક્ષકો અમને ઘેર જતાં જોઈને જ બે કવરો હાથમાં આપી ચૂપચાપ ચાલ્યા ગયા.

આ બંને શિક્ષકોનાં રાજીનામાં હતાં. જૂના સમયના આ બંને શિક્ષકો કદાચ અમારી સાથે અને અમારી રીતે ભાત નહીં ફાવી હોય એ સિવાય બીજું કારણ અમને ન મળ્યું.બીજે દિવસે બીજા ત્રણ શિક્ષકોએ પણ રાજીનામાં આપ્યાં. આમ એક જ સપ્તાહમાં આઠ શિક્ષકોએ સ્કૂલ છોડવાનો નિર્ણય લીધો.

એક શિક્ષકને બોલાવીને પૂછ્યું, "તમે સૌએ આમ એકાએક જવાનો નિર્ણય કેમ લીધો ?"

"સાહેબ ! અમને એ નવી નવી પદ્ધતિઓ ફાવતી નથી. અમને લાગે છે કે અમે જે ઘરેડમાં કામ કર્યું છે એ ઘરેડમાંથી બીજી રીતે અપનાવી શકીશું નહિ." એક શિક્ષકે હિંમત કરીને જવાબ આપ્યો.

"અમને આ નવી વાતોમાં રસ નથી અમને તો વર્ગમાં ભણાવીને જવાનું ગમે." તેમનો જવાબ સાંભળીને રઘુભાઈ કહે, "તો પછી શરૂઆતમાં જ ચાલી જજો પણ વર્ષ તો પૂરું કરો." પણ તેઓ ત્યારે માન્યા નહીં ત્યારે અમને થયું કે આમ ૮ જણની મંડળી સાથે જાય છે એટલે એની પાછળ જરૂર કોઈએ યુક્તિપૂર્વક યોજના ઘડી છે એવી અમારી શંકા ધીરે ધીરે દૃઢ થતી ગઈ.

એક તરફ અમારા કામની પ્રશંસા થવા લાગી હતી તેવી રીતે બીજી તરફ અમારા કામની ટીકા કરનારાઓ હોવા જોઈએ. "નૂતન-શિક્ષણવાળાઓ અહીંથી ચાલ્યા જાઓ." એવા પત્ર અમને શરૂઆતમાં મળવા લાગ્યા.

અમને શિક્ષકો જાય એના કરતાં શરૂ થયેલી કામગીરી ભાંગી પડે એની અસ્વસ્થતા મનમાં વધારે હતી. બાળકોના મનમાં પણ સલામતી ઓછી થઈ જશે, બીજું સરસપુરના લત્તાવાળાઓ પણ કહેશે, "લ્યો મોટા ભા થઈને શાળા કાઢી પણ ચલાવી શક્યા તો નહીં."

વાલીઓ, બાળકો-સંસ્થા, લત્તો આ બધા વિચારો આવતા. શિક્ષણકાર્ય કેવી રીતે આગળ ચલાવવું ? કોયડો ઊભો થયો. સંસ્થાના વિકાસના મંગલા-ચરણ વખતે જ આમ અમારા ઉપર ઉપાધિ આવી પહોંચી. "આ લત્તામાં અમારી છાપ કેવી પડશે ?" અમારી ચિંતાનો પાર ન હતો. રઘુભાઈ તો મજબૂત મનના, મારી જેમ ઢીલા ન પડી જાય.

મારા મોઢા પર તો ચિંતાઓ સ્પષ્ટ દેખાઈ આવતી. તેમનું મન દઢ હોવાને લીધે તેઓ પ્રશ્નનો નિકાલ કરવાનું શોધવા લાગે, ઊભી થયેલી પરિસ્થિતિની ચિંતા સાથે જ તેઓ તેમનો ઉકેલ લાવવા પ્રયત્નો શરૂ કરતા, જ્યારે મને લોકોનો ડર રહેતો. "લોકો મનમાં શું વિચારશે?", "શિક્ષકોને અમને સાચવતા ન આવડ્યા?" મારી આ ચિંતાને રઘુભાઈએ વજુદ વિનાની ગણાવી.

રઘુભાઈએ તો સારા શિક્ષકો શોધવાનું શરૂ કર્યું. અમદાવાદમાં શાળા ચલાવતા બે પાંચ હેડ માસ્તરોની ઓળખાણ હતી. પણ આવા કામ માટે જવું કે નહીં? એ પણ મનમાં પ્રશ્ન થતો. મારું ચિંતાવાળું મોં જોઈને રઘુભાઈ કહેતા, "વાહ રે આફતોની ઝાફતો ઉડાવતા જવાનું એ ગીત ગાવા માટે જ હતું. સમજીને જીવવા માટે નહી?" અને હું હસી પડતી. "આ તો નાનકડી આફત છે. આપણને ઓળખી શકે એવું પણ ગ્રૂપ છે. ચિંતા ન કરો." અને થોડો સમય હું શાંતિ અનુભવતી.

અમદાવાદમાં એવા પણ મિત્રો હતા જેઓ માનતા કે "અમારું કાર્ય કંઈક નવું જરૂર કરશે જ."

માત્ર ક્લાસરૂમના ભણતરમાંથી અમે જરૂર બહાર આવીશું જ એવી અમારી માન્યતાને તે જાણતા અને એવું પણ બનેલ કે આવા અમારા વિચારોને લીધે તેઓ અમારાથી દૂ...ર પણ રહેતા. તો કેટલાક અમારા આ દોઢ બે વર્ષના કાર્યો નજરે પણ જોતાં. કેટલીક શાળાઓની બસ અમારા લત્તામાં બે-પાંચ બાળકોને લેવા આવતી. તો અમારા કામને લીધે સરસપુર બહાર જતાં બાળકો અહીં આવવા લાગ્યાં. તેઓને પણ કદાચ અમારી તરફ અણગમો થયો હોય. કારણ થોડા ઘણા લોકો ફી ભરી શકે એવા હોય તેવા જ કુટુંબો બહાર મોકલતા. આ વાલીઓને અમારા કામ તરફ આકર્ષણ થયું આમ આવી પરિસ્થિતિનો અભ્યાસ અમારાથી થઈ ગયો. મારી ચિંતા ચાલુ જ હતી. કોઈવાર ઊંઘી પણ ન શકું.

એક દિવસ સવારમાં ઉઠતાંવેંત રઘુભાઈએ પૂછ્યું : "તમે કેટલા વિષયો શીખવી શકો?" મેં કહ્યું : "ઓછામાં ઓછા ત્રણ-સંગીત થઈને ચાર." "તો હું પણ બે ત્રણ વિષયો શીખવી શકું. મુશ્કેલીઓમાંથી રસ્તો કાઢવાના એમના પ્રયત્નો ચાલુ હતા. વર્ષની વચ્ચે શિક્ષકો જાય તો... કેમ સંભાળી લેવું એ તરફ એમનું મન કામ કરવા મંડ્યું, જે ત્રણ-ચાર શિક્ષકો મમતાથી કામ કરતા હતા અને અમારી સાથે જ હતા તેમને અમે મળ્યા, પૂછ્યું : "તમારા કોઈ મિત્રો છે? જે ભણાવવા આવી શકે?" આ ત્રણેય શિક્ષકો બીજા શિક્ષકોએ રાજીનામાં આપેલા તે પણ જાણતા હતાં. તેઓને આ શાળા ગમવા તો લાગી જ હતી. પણ અમારા બંને માટે મમતા પણ થઈ. "સર અમે જરૂર તપાસ કરીશું. અને કોઈને લઈ આવીશું. "તમને જરૂર પડે તો તમે ચાલુ શાળાએ પણ જઈ શકો." રઘુભાઈએ તેમને ભણાવવામાંથી મુક્ત કર્યાં. આ ત્રણેય શિક્ષકોની મમતાને લીધે અમને એક સહારો મળ્યો ગણાય. દિવાળીની રજાઓ પહેલાં જ જેમણે રાજીનામાં આપ્યાં હતાં. તેઓ વારાફરતી ગેરહાજર રહેવા લાગ્યાં.

મેટ્રિક પાસ થઈને સરસપુરમાં જ રહેતા બે યુવાનોએ સેવા આપવાનું સામેથી કહેવડાવ્યું. અમે હવે કમર કસી.

વિદ્યાર્થીઓનું ભણતર ન બગડે એ માટે પરિસ્થિતિનો સામનો કરવાના પ્રયત્નો ચાલુ કરી દીધા. આ લત્તામાં કામ કરવાની અમે શરૂઆત કરી ત્યારે કેટલાક લોકોને આ ગમ્યું ન હતું. તેઓ આ વાત સાંભળીને ખુશ થાય. પણ અમે....

"તારી જો હાક સુણી

કોઈના આવે તો એકલો જાને રે."

એ કડીઓમાંથી તાકાત મેળવતાં -

પેલા આઠ શિક્ષકો ગયા અને બીજા આઠની શોધ કરી. વખત જતાં અમને ખબર પડી કે આ સૌ શિક્ષકોને રાજીનામાને માર્ગે વાળનાર કોણ હતું. પણ...

"તેથી કાંઈ ચિંતા કર્યે ચાલશે?"

બારણા સામે બંધ મળે તેથી શું તો પાછો વળે?
આ પંક્તિઓ અમને તાકાત આપતી.

# અંગ્રેજી ભાષાનું શિક્ષણ

**હરભાઈ ત્રિવેદી**

ભાવનગર.

આપણાં રાષ્ટ્રમાં અંગ્રેજી ભાષાનું પ્રાધાન્ય વધવા લાગ્યું છે, ત્યારથી બોલાતી ભાષાના શિક્ષણનો પ્રશ્ન મહત્વનો ગણાવા લાગ્યો છે. માતૃભાષાથી પર એવી કોઈપણ પરદેશી ભાષાના અભ્યાસ માટે શિક્ષણની સંસ્થાઓને વિચાર નહોતો કરવો પડ્યો તેટલો વિચાર આ અંગ્રેજી ભાષાના શિક્ષણે કરાવ્યો. માણસને બીજી ભાષાનો ઉપયોગ માત્ર વ્યવહાર પૂરતો જ હોય છે. ભાષાશાસ્ત્રીઓને બાદ કરીએ તો બીજાઓને પરભાષાનું જ્ઞાન વ્યવહારથી વધારે નથી હોતું. અંગ્રેજી ભાષા પણ વ્યવહાર પૂરતી જ શીખવવાની હોય. છતાંએ એ ભાષાના શિક્ષણ ઉપર રાજ્ય કરતી પ્રજાએ વધારે પડતો ભાર મૂક્યો; તેથી તેનું શિક્ષણ શિક્ષણસંસ્થાઓનું એક મહત્વનું અંગ થઈ પડ્યું. આવી પરિસ્થિતિમાં બોલાતી પરભાષાના શિક્ષણને શાસ્ત્રીય સ્વરૂપ આપવાના પ્રયત્નો થાય તે તદ્દન સ્વાભાવિક છે.

અંગ્રેજી ભાષાનું શિક્ષણ પહેલાં તો જુદી જુદી પદ્ધતિથી તરજૂમા દ્વારા અપાવા લાગ્યું. બીજી ભાષાઓનું જ્ઞાન શિક્ષણ સંસ્થાઓ દ્વારા નહીં પણ સીધા લોક પરિચય દ્વારા મળ્યા કરતું હતું; તેથી શિક્ષણની સંસ્થાઓને તેનો વિચાર કરવાપણું રહેતું ન હતું. આથી શિક્ષણપદ્ધતિ સંબંધે શાસ્ત્રીય વિચાર થયો ન હતો. સાધારણ અક્કલ પ્રમાણે પરભાષાને સ્વભાષામાં ઉતારવી અને સ્વભાષાને પરભાષામાં ઉતારવી એવી તરજૂમા પદ્ધતિથી શરૂઆત કરવામાં આવી. શિક્ષણ સંસ્થાઓને શિક્ષણ પદ્ધતિઓની શોધ કર્યા વિના છૂટકો પડતો નથી એ ન્યાયે આ અંગ્રેજી ભાષાના શઇક્ષણની પદ્ધતિ શોધવાની ફરજ માથે આવી પડી. કેવળ તરજૂમા પદ્ધતિથી કામ સંતોષકારક નહોતું થતું એટલું જ નહીં પણ શિક્ષણ વિદ્યાર્થીના સમય અને શક્તિ પણ બહુ ખરચાતા હતા. શિક્ષણમાં રસ જામે, જામેલો રસ જળવાઈ રહે, થોડા વખતમાં ઝાઝું કામ થાય અને ભાષાનું જ્ઞાન ઉત્તરોત્તર સંગીન બનતું જાય એવી પદ્ધતિ જોઈએ જ જોઈએ. પ્રયોગોને અંતે શિક્ષણકારોએ પ્રત્યક્ષ પદ્ધતિની શોધ કરી હતી. તેનો ઉપયોગ આપણાં દેશમાં જુદાં જુદાં સ્થળોએ પ્રત્યક્ષપદ્ધતિથી અંગ્રેજી ભાષાનું શિક્ષણ-જ્ઞાન આપવામાં થવા લાગ્યો. આજે તેના પ્રયોગો ઘણે ઠેકાણે ચાલી રહ્યાં છે. આપણે ત્યાં અંગ્રેજી ભાષાનું મહત્વ ખૂબ સ્વીકારાયેલું છે અને તેથી અંગ્રેજી ભાષાને જલ્દી ભણી લેવાની જરૂર છે એવી માન્યતા પ્રચલિત હોવાથી પ્રત્યક્ષપદ્ધતિ શાસ્ત્રીય દૃષ્ટિએ વિશુદ્ધ નથી રહી શકી. જુદા જુદા પ્રયોગકારોએ તેને જુદાં જુદાં સ્વરૂપો આપ્યાં છે. કોઈ તત્ત્વનાં બહાનાથી, કોઈ વ્યવહારની દૃષ્ટિથી, કોઈ પરિસ્થિતિ આડે ધરીને તો કોઈ સંયોગો બતાવીને પ્રત્યક્ષપદ્ધતિમાં અનેક ફેરફારો સૂચવે છે અને કરે છે.

અંગ્રેજી ભાષાના શિક્ષણ પરત્વે પ્રયોગો કર્યા છે. શરૂઆતમાં અમે પ્રત્યક્ષ પદ્ધતિને બહુ જ કડક રીતે વળગી રહ્યાં પરંતુ પાછળથી એ શિક્ષણપદ્ધતિમાં જુદા જુદા ફેરફારો કરવા પડેલા. એ ફેરફારોની પાછળ ચોક્કસ પ્રકારની દૃષ્ટિઓ રહેલી હતી, અને છે. પણ એ વાત જવા દઈએ. અંગ્રેજી ભાષાના શિક્ષણને પ્રત્યક્ષ પદ્ધતિ દ્વારા સફળ કરવા જતાં તેના અંગઉપાંગો માટે જે જુદા જુદા પ્રયત્નો કર્યા છે તે નોંધવા જેવા જણાયા છે. અંગ્રેજી ભાષાના સમગ્ર શિક્ષણને જેટલી જેટલી પ્રયોગભૂમિકામાંથી પસાર કર્યું છે તેને નોંધવા જતાં પુષ્કળ પાનાં રોકવા પડે તેમ છે આથી પ્રત્યક્ષ પદ્ધતિના પ્રયોગોમાં જુદા જુદા અંગોમાંથી વાતચીતના અંગને પકડી લઈ તેના ઉપર આગલા વર્ષોમાં જે પ્રયોગો કર્યા તે સંબંધે અહીં ટૂંક નોંધ કરીશું.

પરભાષાના શિક્ષણમાં જ્યાં પ્રત્યક્ષ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે ત્યાં વાતચીતના અંગને અત્યંત મહત્ત્વ અપાય છે. એમ કહીએ તો વધારે સાચું છે, કે પ્રત્યક્ષ પદ્ધતિથી અપાતું શિક્ષણ વાતચીતથી શરૂ થાય છે તેનાં દરેકે દરેક અંગઉપાંગો જેવાં કે વાચન, લેખન, વગેરેમાં વાતચીત દ્વારા થયેલાં કામનો પુષ્કળ આધાર લેવામાં આવે છે. વાતચીત પ્રત્યક્ષ પદ્ધતિના કેન્દ્રમાં હંમેશાં રહે છે. પદ્ધતિનું આવું મહત્ત્વનનું અંગ શિક્ષકનું સંપૂર્ણ લક્ષ્ય ખેંચી

રાખે એ સાવ સ્વાભાવિક છે. વાતચીતના આ અંગને જેટલું સફળ બનાવી શકાય તેટલી સફળતા શિક્ષણપદ્ધતિને મળે છે. અમારે ત્યાંના પ્રયોગોમાં પણ વાતચીતના અંગને પુષ્કળ મહત્ત્વ આપવામાં આવે છે. કેટલીક વખત તો વાતચીત પૂરા બાર મહિના સુધી પણ શિક્ષકના કાર્યક્ષેત્રને પકડી રાખે છે. વાચન, લેખન કે વ્યાકરણના પ્રયોગો વાતચીતના પ્રયોગની સફળતા ઉપર ઘણો મોટો આધાર રાખતા હોય છે એવો અમારો અનુભવ થયો છે. એ અનુભવના બળે વાતચીતના પ્રયોગ વધારે વિશાળ અને વધારે શાસ્ત્રીય બનાવવા તરફ અમારા પ્રયત્નો રહ્યાં છે.

વાતચીતના શિક્ષણમાં તત્ત્વ તેમજ પ્રયોગો બંને દૃષ્ટિ ધ્યાનમાં રાખીને જે કાંઈ અમે કર્યું છે તે આ પ્રમાણે છે :

વાતચીતની શરૂઆત કરતાં પહેલાં શિક્ષકે વિદ્યાર્થીઓને જણાવી દેવાનું કે તેમણે વાતચીતના સમય દરમ્યાન અંગ્રેજી ભાષા સિવાય બીજું કશું બોલવાનું નથી. વાતચીત શરૂ કરવા ખાતર અને શાના ઉપર વાતચીત ચાલવાની છે તે જણાવવા ખાતર, શિક્ષક શરૂઆતમાં ગુજરાતી દ્વારા સમજણ આપી દે. દાખલા તરીકે શિક્ષક એમ કહી દે કે, "હું અહીં પડેલા પદાર્થોને એક પછી એક મારા હાથમાં પકડતો જઈશ અને તેના અંગ્રેજી નામો બોલતો જઈશ." અથવા તો "આ શું છે? એમ અંગ્રેજીમાં પૂછીશ અને તમારે It is a pencil એમ અંગ્રેજીમાં જવાબ આપવાનો." વિગેરે. વાતચીતની શરૂઆત એક એક શબ્દથી ભલે થાય, પણ તેને વહેલામાં વહેલી તકે વાક્ય ઉપર લઈ જવાની. પહેલે જ દિવસે ચાર-પાંચ શબ્દો વિદ્યાર્થીઓ પાસે મૂકી દઈ તુરત જ What is this ? અને What is that ? ના પ્રયોગો ઉપર લઈ જવા. આમ થવાથી વિદ્યાર્થીઓનો રસ જાગૃત થશે અને તેઓ અભિમુખ બનશે. શિક્ષક અંગ્રેજીમાં પ્રશ્નો પૂછે અને વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં જવાબ આપે તેવો ક્રમ થોડાંએક દિવસો રાખવા. શબ્દો વિદ્યાર્થીઓના મગજ ઉપર ઠીક ઠીક ચોંટી ગયા જણાય કે તુરત જ નવા શબ્દો ધરવા. શરૂઆતના દિવસોમાં વાક્યરચનાની સંખ્યાને મર્યાદામાં રાખવી અમારો એવો અનુભવ થયો છે કે નવા નવા શબ્દોની સાથે નવી નવી વાક્યરચના આપવાથી વિદ્યાર્થીઓના મગજ ઉપર ભાર થાય છે અને તેઓ કંટાળે પણ છે. શબ્દભંડોળ ઠીક પ્રમાણમાં વધી પડે પછી તેમને નવી સાદી રચનાઓમાં આગળ વધારવામાં વાંધો નહીં આવે.

વિદ્યાર્થીઓનો શબ્દભંડોળ ઠીક ઠીક વધી ગયો હોય, છૂટથી વાતચીત શક્ય બને તેટલા વાક્યપ્રયોગોમાં પ્રવેશ થઈ ચૂક્યો હોય, વર્તમાન, ભૂત અને શક્યાર્થ કાળના પ્રયોગો વપરાવા મંડ્યા હોય કે તુરત જ વિદ્યાર્થીઓની અંદરઅંદરની વાતચીતનો ક્રમ દાખલ કરી દેવો. દરેક નવા પાઠની શરૂઆતમાં ચાલી ગયેલી વાતચીતના અગત્યના અંગનું પુનરાવર્તન ખૂબ આવશ્યક હોય છે. આવા પુનરાવર્તન વખતે શિક્ષકે વિદ્યાર્થીઓ સાથે ભળી જવું અને તેમાંના એક બની જઈ આખી વાતચીતને અંદર અંદર પતાવી જવી. આવા પુનરાવર્તનો અત્યંત મહત્વના છે. જે નવી બાબતો વિદ્યાર્થીઓના મગજ ઉપર સ્થિર થઈ જાય તેમ આપણે ઈચ્છીએ છીએ તે બાબતોની સ્થિરતા માટે આજે સામાન્ય શાળાઓમાં ગોખણનો ક્રમ ચાલે છે. નવીન શિક્ષણપદ્ધતિએ આ ગોખણને કાઢી નાખ્યે જ છૂટકો. ગોખણને કાઢી નાખવા માટે પ્રત્યક્ષપદ્ધતિમાં ચાલતો અને અત્યંત મહત્વનો પુનરાવર્તનનો પ્રયોગ એ એક જ સબળ સાધન છે. હરહંમેશ આ પુનરાવર્તન ચાલવું જ જોઈએ, અને તે વખતે જૂના નવા તમામ શબ્દપ્રયોગો તેમજ વાક્યપ્રયોગો અનેક વખત વિદ્યાર્થીઓના મુખમાંથી પસાર થઈ જ જવા જોઈએ.

પુનરાવર્તનનો આ મુદ્દો કંટાળાભરેલો અથવા તો ભારરૂપ ન બને તે જોવાનું રહે છે. આ માટે શરૂઆતના છ માસ સુધી ક્રિયાત્મક પ્રયોગો (Action Verbs) સિવાય બીજા કોઈ પ્રયોગો લેવા જ નહીં. વાતચીતનું પુનરાવર્તન ચાલતું હોય ત્યારે આખું વાતાવરણ જડપબંધ થતી ક્રિયાઓથી સભર ભરેલું રહેવું જોઈએ. પોતાને પૂછાતી ક્રિયાઓ કરવામાં તેમજ બીજાને ક્રિયા કરવાનું પૂછવામાં વિદ્યાર્થીઓને અસાધારણ રસ પડે છે. આવા રસને પરિણામે થાક, કંટાળો કે નિરુત્સાહ તેમને સ્પર્શી પણ શકતાં નથી. ક્રિયા કરવાનો અને કરાવવાનો રસ એવો તો અદ્‌ભૂત

હોય છે, કે એક ક્રિયા પાછળ બીજી ક્રિયા કરાવવી, તેમજ એક ક્રિયા કર્યા પછી બીજી તેવીજ ક્રિયાની અપેક્ષા રાખવી, એ માટે તેઓ તલપાપડ થઈ રહ્યાં હોય છે. નાન નાના વિદ્યાર્થીઓ, નવી ભાષા, રસિક ક્રિયાઓ કરવા કરાવવાના અવકાશો, અને તેની સાથે જ શિક્ષકનું વિદ્યાર્થીઓ સાથેનું અભેદ-આ બધી વસ્તુઓ એક ચમત્કાર સાધી શકે છે. આ કામ ચાલતું હોય તે વખતે જોવા આવનાર પણ મંત્રમુગ્ધ થઈ જાય છે. આનું પરિણામ એ આવે છે કે નવા શબ્દો કે શબ્દસમૂહો તેમજ નવી નવી વાક્યરચનાઓ વગર આયાસે વિદ્યાર્થી હસ્તગત કરી શકે છે.

વાતચીતના પ્રયોગમાં શબ્દોને છેડે આવતા વ્યંજનો ઉપર ખૂબ કાળજી રાખવી પડે છે. જો તેવી કાળજી રાખવામાં નથી આવતી તો પાછળથી ભારે ગોટાળો થવા પામે છે. Mat અને Mad જેવા શબ્દો કે Book અને Boot જેવા શબ્દો વિદ્યાર્થીઓના મનમાં સેળભેળ થઈ જવાના દાખલા પણ બને છે. એટલે વાતચીતની શરૂઆતમાં દરેક શબ્દના અંત્ય વ્યંજનનો સ્પષ્ટ ઉચ્ચાર વિદ્યાર્થીઓ પાસે મૂકવાની જરૂર રહે છે. વાતચીત ચાલતી હોય તે દરમ્યાન થઈ રહેલાં વાક્યપ્રયોગો વખતે પણ દરેક શબ્દનાં અંત્ય વ્યંજનોને તેટલી જ સ્પષ્ટતાથી વિદ્યાર્થીઓ પાસે રજૂ કરવા. Stand up on the bench માં Stand નો "ડ" અને Bench નો "ચ" સ્પષ્ટ રીતે બોલીને જ સવાલ પૂછવા. આવા સવાલોના જવાબ મળે તેમાં પણ અંત્ય વ્યંજનના સ્પષ્ટ ઉચ્ચારોનો આગ્રહ રાખવો. જ્યાં આવાં ઉચ્ચારણ મંદ કે ઝાંખા હોય ત્યાં વાતચીતની વચ્ચે જ વિદ્યાર્થીને થોભાવવો અને ઉચ્ચારને વધારે સ્પષ્ટ કરાવ્યા પછી જ આગળ વધવું.

વાતચીતને વર્ગના ઓરડામાં ચલાવવાની હોય તે વખતે ઓરડાની અંદર વાતચીત દરમ્યાન વાપરવાના જૂનાનવા શબ્દો માટેના જૂનાનવા પદાર્થો વર્ગમાં હાજર રાખવાની જરૂર રહે છે. થયેલી વાતનું પુનરાવર્તન ચાલતું હોય કે નવી વાતચીત દાખલ કરવાની હોય તેવે વખતે વાતચીત માટેના જૂનાનવા પદાર્થોને વિદ્યાર્થીની આંખ આગળ હાજર રાખવાની ખૂબ જરૂર રહે છે. તેમ કરવાથી વિદ્યાર્થીને વાતચીત ચલાવવા માટે મગજને વિનાકારણ ખેંચવાની જરૂર રહેતી નથી. અને જૂના શબ્દોને યાદ લાવવા માટે જે વખત જવાનો ભય રહે છે તે પણ રહેતો નથી. આખા વર્ગમાં તેવા પદાર્થો સુંદર રીતે વેરી દેવા અને પછી એ ઓરડામાં વિદ્યાર્થીઓને બેસીને, ફરીને, અડીને, કૂદીને એમ વિવિધ પ્રકારની ક્રિયાઓ કરીને સવાલ જવાબ કરવા છૂટા મૂકી દેવા. વાતચીત માટેના પદાર્થોથી ભરપૂર ભરેલો ઓરડો, નવા નવા પ્રયોગો વિદ્યાર્થીઓ પાસે ધરવાનો શોખીન શિક્ષક, વિદ્યાર્થીઓને ચારેકોર ઘૂમવાની અને ફાવે તે પૂછવાની છૂટઃ આવું વાતાવરણ જ્યારે વર્ગમાં હોય છે ત્યારે બહારથી જોનારને પણ મુગ્ધ કરી નાખે છે. આવા વાતાવરણમાં રહેતા વિદ્યાર્થીને કશો જ થાક લાગતો નથી, અને તેમના કામના કલાકો ક્યારે પૂરા થયા તેનું પણ તેને ભાન રહેતું નથી. વાતચીતને વધારે રસિક બનાવવા માટે અને સવાલ જવાબને વધારે ક્રિયાત્મક કરવા માટે કેટલાક પદાર્થોને જાણી બુઝીને બહારથી અંદર લાવવાનું અને અંદરથી બહાર લઈ જવાનું કહેવામાં આવે તે પણ ઈષ્ટ છે. તેમ કરવાથી વર્ગનું વાતાવરણ સતત ગતિવાળું અને વધારે રસિક રહેવા સંભવ છે.

વાતચીતને વહેલામાં વહેલી તકે વર્ગની બહાર લઈ જવાની પ્રેરવી કરવા માટે શિક્ષકે હંમેશાં તૈયાર રહેવું. શાળાની બહાર જે અફાટ કુદરત આપણી પાસે ખડી છે તેમાંથી વિદ્યાર્થીઓ અનેક નવા શબ્દો તથા શબ્દસમૂહો શીખે છે અને તે કુદરતની સાથે ખેલવાની હોંશમાં નવી વાક્યરચનાઓ પણ ઝીલી શકે છે. બહારની કુદરત વિદ્યાર્થીઓ માટે એટલી બધી મોહક હોય છે. અમારા અનુભવ પ્રમાણે જે કામ શાળાના ઓરડામાં ચાર દિવસે આપણે સાધી શકીએ તેજ કામ બહાર બે દિવસમાં સાધી શકાય છે. વળી બહાર રખડતા, કુદરતને ખોળે નાચતા, વિદ્યાર્થીઓના મગજમાં જુદી જુદી ક્રીયાઓના એટલા બધા વિચારો ફૂટતા રહે છે કે તે વિચારોને વ્યક્ત કરવા માટે તેમના મનમાં ભારે થનગનાટ જાગે છે; અને તેવો થનગનાટ ભાષામાં ઉતરે નહિ ત્યાં સુધી તે જંપતા નથી. વિદ્યાર્થીઓ પાસે નવા વિચારોને નવીન પ્રયોગો દ્વારા રજૂ કરવા માટે આપણે વર્ગમાં એક પ્રકારનું રસિક વાતાવરણ

પહેલાં ઊભું કરવું પડે છે; ત્યાં સુધી એ પ્રયોગો વિદ્યાર્થીઓ ઝીલી કે સંઘરી શકતા નથી. પણ અહીં કુદરતમાં આપણે તે માટે પ્રયત્નો કરવાની જરૂર રહેતી નથી. કુદરતના સાક્ષાત્ પરિચયના પરિણામે જ તેમનામાં રસવૃત્તિ અને જિજ્ઞાસાવૃત્તિ જાગે છે. આ વૃત્તિઓને પોષવા માટે તેઓ આપણી સહાય ઈચ્છે છે. આવી સહાય માટેનો કાળ પરિપક્વ થયેલો આપણને લાગે એટલે તુરત જ આપણે જો તેમની પાસે નવીન બાબતો રજુ કરી દઈએ તો નવી નવી વસ્તુઓ ઝીલવા અને સંઘરવા માટે તત્પર થયેલું મન તુરત જ તેનો સ્વીકાર કરે છે. આમ ઓછી મહેનતે અને ઓછા વખતમાં આપણે ઘણું કામ સાધી શકીએ છીએ. વાતચીતના પ્રયોગને સફળ બનાવવા માટે શાળા બહારનું કુદરતી વાતાવરણ ખૂબ ઉપકારક છે તેવો અમારો અનુભવ થયેલો છે. સર્વ શિક્ષકોને તેવો જ અનુભવ થયો છે.

વાતચીત માટેનો સામાન્ય વિચાર કર્યા પછી હવે આપણે તેને માટેનાં નામોનો, વિશેષણોનો તથા ક્રિયાપદોનો થોડોએક નિર્દેશ જોઈ લઈએ. શરૂઆતમાં વાતચીત માટેના પદાર્થો આપણે વર્ગમાં જ તૈયાર કરવાનાં રહે. ઉપર જોઈ ગયા તેમ આવા પદાર્થોનો વર્ગમાં સુવ્યવસ્થિત સંગ્રહ તૈયાર રાખવો તેજ ઈષ્ટ છે આવા પદાર્થોનાં થોડાએક નામો જણાવીએ :—

| | | | |
|---|---|---|---|
| Book | Duster | Rupee | Pen |
| Cap | Pice | Paper | Coat |
| Silver | Ink | Water | Gold |
| Pin | Oil | Copper | Chalk |
| Glass | Lemon | Sugar | Leather |
| Wool | Cotton | Cup | Jug |
| Bottle | Dish | Ring | Key |
| Box | Ball | Stick | Needle |
| Button | Soap | Watoh | Chain |

વર્ગમાં સ્થિર પદાર્થો પણ લઈ શકાય :—

| | | | |
|---|---|---|---|
| Window | Table | Door | Chair |
| Ceiling | Floor | Black-Board | Hook |
| Desk | Bench | Stopper | Wall |
| Clock | Board | Shelf | |

શાળા બહારના પદાર્થોની યાદી આવી થઈ શકે :—

| | | | |
|---|---|---|---|
| Tree | Bush | Post | Hut |
| House | Sky | Cloud | Sun |
| Garden | Fire | Smoke | Tower |
| Crow | Sparrow | Cow | Sheet |
| Lamb | Kite | Horse | Buffalow |
| Bullock | Fly | Mosquito | Monkey |

શાળા છોડીને જરા આગળ ચાલીએ તો વળી આવા પદાર્થો મળે :—

| | | | |
|---|---|---|---|
| Shop | Market | Carriage | Motorcar |
| Cart | Cycle | Temple | Mosque |
| Gatter | Road | Jail | Hospital |
| Court | Bank | Pond | Driver |
| Sweeper | Grocer | Tailor | Police-man |
| Post-man | Man | Woman | Child |
| Girl | Hill | River | Sea |
| Island | Plain | Jungle | Harbour |
| Dock | Ship | Boat | Steamer |

વાતચીત માટે શબ્દભંડોળ હજીપણ વધારે કરવો હોય તો આપણે મિત્રોનો ઉપયોગ કરી શકીએ છીએ. કેટલાંક પદાર્થો એવા હોય છે કે જે આપણે વર્ગમાં ન લાવી શકીએ, કુદરતમાં તુરત જ ને દેખાડી શકીએ, તેમજ દૂર જઈએ તો પણ આપણને તે જોવા માટે ન મળે. આવા પદાર્થો માટે આપણે મિત્રોનો ઉપયોગ કરી શકીએ છીએ. જુદી જુદી જાતના પશુઓ, પંખીઓ વગેરેના નક્શાઓ રાખીએ તથા કારખાનાઓ, સંચાઓ અને ઐતિહાસિક કે ભૌગોલિક વસ્તુઓ માટેના પણ નક્શાઓ તૈયાર કરી શકીએ. ઉદાહરણ તરીકે —

| | | | |
|---|---|---|---|
| Fish | Rabbit | Snake | Rat |
| Lion | Tiger | Elephant | Camel |
| Bear | Wolf | Swan | Eagle |
| Factory | Boiler | Machine | |

આ તો માત્ર માર્ગસૂચક યાદી છે. આ ઉપરથી એમ કરવાનો આશય છે કે વિદ્યાર્થીઓને રસ પડે તેવા પદાર્થો તરફ તેમને વાળી જઈ તેવાં નામોનો ઉપયોગ શરૂઆતથી જ કરાવવા માટે શિક્ષકે આગ્રહ રાખવો ઘટે. તેમ કરવાથી વિદ્યાર્થીઓનો શબ્દભંડોળ ઘણી ઝડપથી વધારી શકાય છે.

નામોની માર્ગસૂચક યાદી આપી તેની સાથે જ જેને આપણે Action-verb કહી ગયા તેવા ક્રિયાપદોની પણ માર્ગસૂચક નામાવલી મૂકીએ.

| | | | | |
|---|---|---|---|---|
| Walk | Draw | Call | Read | Eat |
| Write | Lift | Sit | Give | Stand |
| Sleep | Tear | Talk | Drop | Answer |

| | | | | |
|---|---|---|---|---|
| Put | Learn | Smell | Breave | Look |
| Do | Leap | Open | Run | Shut |
| Recite | Catch | Come | Throw | Go |
| Seize | Sing | Snatch | Repeat | Laugh |
| Place | Drink | Breathe | Hit | |
| Pull | Speak | Wash | Fall | |
| Watch | Hear | Clear | Dress | |
| Jump | Take | Fetch | Strike | Listen |

આ બધા Action Verbs ની સાથે ઉપર ગણાવેલા નામોને જુદાં જુદાં જોડીને વિદ્યાર્થીઓ પાસે મૂકી શકીએ. આવા અનેક નામો અને ક્રિયાપદોની વિધવિધ પ્રકારની રચનાઓથી સેંકડો વાક્યો રચી શકાય અને કલાકોના કલાકો સુધી ક્રીયાઓને ગતિમાન રાખી શકાય.

પણ આવા નામ અને ક્રિયાપદ એટલા બેજ શબ્દોથી બનેલાં વાક્યો થોડોએક રસ ઓછો કરી નાખે તેવો સંભવ છે. એટલા માટે તેમની સાથે આપણે વિશેષણો તેમજ ક્રિયાવિશેષણોને જોડી દઈએ તે અત્યંત જરૂરનું છે. વાતચીત નામ અને ક્રિયાપદથી શરૂ થઈ ઠીક ઠીક આગળ વધે, એટલે ઘણાં નામો અને ઘણાં ક્રિયાપદોની જુદી જુદી રચનાઓ આપણે ધ્યાન ધરી દઈએ, પછી તુરત જ તેમની પાસે વિશેષણો અને ક્રિયાવિશેષણો ધરવાથી વાતચીતમાં વધારે રસ જામશે અને વૈવિધ્ય લાવી શકાશે. આવાં થોડાંએક વિશેષણોની યાદી આ રહી :—

| | | | |
|---|---|---|---|
| Black | White | Grey | Red |
| Yellow | Green | Blue | Round |
| Square | Broad | Narrow | Large |
| Small | Empty | Full | Heavy |
| Light | Long | Short | Bad |
| Good | Sweet | Bitter | Strong |
| Weak | Old | New | Fat |
| Thin | Dark | Bright | High |
| Low | Blunt | Shart | |

થોડાંએક ક્રિયાવિશેષણો મૂકીએ :—

| | | | | |
|---|---|---|---|---|
| Quickly | Fast | Out | At | Up |
| Roughly | Quietly | On | Above | There |
| Slowly | Well | Below | Here | Near |
| Loudly | Noisily | Then | Far | Under |
| Now | In | Upon | Down | |

શબ્દભંડોળ વધારવામાં વિદ્યાર્થીના પોતાના શરીરના અવયવો અને તેને અંગેની નાની મોટી ક્રિયાઓ ખૂબ કામ આવે છે. એટલે તેને પણ વીસરીયે નહીં.

| | | | |
|---|---|---|---|
| Ear Eye | Nose | Head | |
| Finger | Toe | Leg | Hand |
| Wrist | Fist | Thumb | Food |

આટલો શબ્દભંડોળ થયા પછી ક્રિયાપદોનાં જુદાં જુદાં કાળ તરફ જવાનું રહે છે. વાતચીતનું અગત્યનું અંગ પ્રશ્ન અને તેનો ઉત્તર છે. એટલે ક્રિયા કરવા માટે પ્રશ્ન કરવામાં આવે અને તેના જવાબમાં ક્રિયા કરાય અને તે ક્રિયાને ભાષામાં વ્યક્ત કરાય. શરૂઆતમાં આમ કરીએ :—

સવાલ: Touch my cap.

જવાબ: I touch your cap.

સવાલ: Take this book.

જવાબ: I take this book.

પરંતુ આ ક્રિયાત્મક સવાલ જવાબ પછી તુરતજ ચાલુ વર્તમાનકાળમાં વિદ્યાર્થીને પ્રવેશ કરાવી દેવો. તેમ ન કરવામાં આવે તો પછી વર્તમાન અને ચાલુ વર્તમાનનો ભેદ પાછળથી વિદ્યાર્થી પાસે મૂકતા બહુ ભારે પડે છે. આમ કરો અને તેમ કરો તેમ પ્રશ્ન પુછાય, અને તેના જવાબમાં હું આમ કરું છું અને હું તેમ કરું છું તેમ જવાબો અપાય. એ રીત ઠીક ઠીક ચાલુ થઈ જાય કે તુરત જ શિક્ષકે પોતે કોઈ પણ એક ક્રિયા કરવી, અને તે ક્રિયા ઉપર પ્રશ્ન પૂછવો. શરૂઆતમાં સવાલ જવાબ હતા તેમાં શિક્ષક પૂછે અને વિદ્યાર્થી ક્રિયા કરે અને બોલે એમ હતું. બીજું પગથિયું શિક્ષક શરૂઆતમાં ક્રિયા કરે અને પછી સવાલ પૂછે તે થયું. આવા સવાલનો જવાબ વિદ્યાર્થી પાસે ચાલુ વર્તમાનકાળમાં અપાવવાનો રહે છે. ઉદાહરણ તરીકે :—

શિક્ષક પોતે પાણી પીએ અને પીતાં પીતાં પૂછે :—

What am I doing ?

તુરત જ શિક્ષક કહે : Drink water

વિદ્યાર્થી પાણી પીવા માંડે એટલે શિક્ષક પૂછે :—

What are you doing ?

વિદ્યાર્થી જવાબ આપે :— I am drinking water.

આ ક્રમ જુદી જુદી ક્રિયાઓનાં સંબંધમાં શરૂ રાખવો અને એક પછી એક વિદ્યાર્થી સાથે સવાલજવાબ ચલાવવા.

(ક્રમશ:)

# ભારતમાં સમાવેશી શિક્ષણ દિશા અને દશા

**ડૉ. રવીન્દ્ર અંધારિયા**

૨૨૨૫, પૂજાપાર્ક, વરલ હાઉસ પાસે, વાઘાવાડી રોડ, ભાવનગર-૨.

શિક્ષણ વ્યક્તિની નિપૂણતા વધારનાર ઉપકરણ જ નથી, બલ્કે તે લોકશાહીમાં સક્રિય ભાગીદારી કરી શકવા અને સામાજિક જીવન સ્તર ઉન્નત કરવા માટે પણ જરૂરી છે. માટે જ સરકાર અને સામાજિક સંસ્થાઓ શિક્ષણને ગુણવત્તા યુક્ત કરવા સતત પ્રયત્નશીલ રહે છે. આ સંદર્ભે ભારત સરકારે બંધારણમાં ૮૬મો સુધારો કરી સન્ ૨૦૦૨ થી શિક્ષણને મૂળભૂત અધિકારોની યાદીમાં સમાવ્યું છે. તદર્થે સન્ ૨૦૦૯માં ભારતીય સંસદે ૬ થી ૧૪ વર્ષની વયજૂથનાં તમામ બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો કાયદો ઘડ્યો. પરિણામે હવે સમાજનાં દિવ્યાંગ, પછાત કે સામાન્ય એવાં તમામ બાળકોના પ્રાથમિક શિક્ષણ માટે વિચારણા થઈ અને સમાવેશી શિક્ષણ (ઈન્કલ્યૂસિવ એજ્યુકેશન) માટેની યોજના અમલમાં આવી. તદ્અનુસાર જો કોઈ બાળક દિવ્યાંગ છે તો તેને સામાન્ય બાળકો માટેની શાળામાં સામાન્ય વિદ્યાર્થીઓની સાથે શિક્ષણાનુભવો પૂરા પાડવાનું જરૂરી બન્યું. સૌને શિક્ષણનો અધિકાર દેવા છતાં ભારતમાં ૫ ટકાથી પણ ઓછાં દિવ્યાંગ બાળકો શાળામાં પ્રવેશ મેળવે છે, જે પ્રવેશ મેળવે છે તે પૈકીના ૨૦ ટકા બાળકો મફત અને અનિવાર્ય પ્રાથમિક શિક્ષણના ત્રણ વર્ષનો અભ્યાસક્રમ પૂરો કરે છે. સૌને માટે શિક્ષણના અધિકાર સામે આ એક મોટો પડકાર છે.

**ભારતમાં સમાવેશી શિક્ષણની દશા (સ્થિતિ)**

ભારત સરકારે સન્ ૨૦૦૭માં આંતરરાષ્ટ્રીય સંમેલનમાં ધ રાઈટ્સ ઓફ પર્સન વિશ્વ ડિઝેબિલિટી શીર્ષક ઘોષણાપત્રમાં હસ્તાક્ષર કરી દિવ્યાંગ અને વિવિધ પ્રકારની શારીરિક-માનસિક, સામાજિક નબળાઈઓ ધરાવતાં બાળકોને શિક્ષિત કરી સમાજની મુખ્ય ધારામાં સામેલ કરવાનું સ્વીકાર્યું. ત્યારે સન્ ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર આ દેશમાં ૦ થી ૯૦ વર્ષની વય જૂથમાં દિવ્યાંગ વ્યક્તિઓની સંખ્યા ૨,૬૮,૧૦,૫૫૭ની છે. તે પૈકીની ૫૦,૩૨,૪૬૩ વ્યક્તિઓ દૃષ્ટિદોષ, ૫૦,૭૧,૦૦૭ શ્રવણદોષ, ૧૫,૦૫,૬૨૪ માનસિક રીતે પછાત, ૫૪,૩૬,૬૦૪ આંગિક ક્રિયા શેષ, ૧૯,૯૮,૫૩૫ વાક્દોષ અને ૭,૨૨,૮૨૬ માનસિક રોગગ્રસ્ત તથા અન્ય પ્રકારની દિવ્યાંગતા ધરાવતાં લોકોની સંખ્યા ૪૯,૨૭,૦૧૧ની છે. આ વિવિધ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા લોક સમુદાય પૈકીના ૦ થી ૪ વર્ષની વયજૂથમાં, ૫ થી ૯ વર્ષની વયજૂથમાં તથા ૧૦ વર્ષથી ૧૯ વર્ષની વયજૂથમાં વિવિધ પ્રકારની દિવ્યાંગતા ધરાવતાં દિવ્યાંગ બાળકોની સંખ્યા દર્શાવેલ કોષ્ટક મુજબની મળેલ છે.

**ભારતમાં ૦ થી ૪ તથા ૫ થી ૯ અને ૧૦ થી ૧૯ વર્ષના વયજૂથમાં દિવ્યાંગોઃ**

| ઉંમર | કુલ દિવ્યાંગ સંખ્યા | દૃષ્ટિ દોષ | શ્રવણ દોષ | માનસિક પછાત | ગતિ વિકલાંગતા | વાક્ દોષ | મનોરોગી | અન્ય | વિવિધ દિવ્યાંગતા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૪ | ૧૨૯૧૩૩૨ | ૨૭૭૦૦૬ | ૩૧૫૪૮૫ | ૪૯૩૬૧ | ૧૧૭૩૨૬ | ૩૨૪૬૧ | ૮૩૫૨ | ૪૧૨૬૯૦ | ૭૮૬૫૧ |
| ૫થી૯ | ૧૯૫૫૫૩૯ | ૩૫૯૧૧૮ | ૪૦૬૨૮૧ | ૧૩૫૭૦૯ | ૨૧૦૬૬૨ | ૨૧૨૮૧૮ | ૨૬૨૪૦ | ૪૧૭૨૩૪ | ૧૮૭૪૭૭ |
| ૧૦થી૧૯ | ૪૬૧૬૦૫૦ | ૭૭૪૦૩૪ | ૮૭૨૮૪૩ | ૪૧૦૦૧૯ | ૭૧૭૬૬૮ | ૪૩૮૪૨૩ | ૧૦૧૧૮૯ | ૮૮૯૯૨૧ | ૪૧૨૩૧૩ |

આ કોઠાનું વાચન કરતાં સ્પષ્ટ થાય છે કે ભારતની કુલ વસ્તી પૈકીના ૦ થી ૧૯ વર્ષની વયજૂથના કુલ ૭૭,૯૦,૯૨૧ દિવ્યાંગતાગ્રસ્ત બાળકો છે. તે પૈકીના શાળાએ જવાની ઉંમર ધરાવતા ૬૫,૭૧,૫૮૯ દિવ્યાંગ બાળકો છે. આ પૈકીના માત્ર પાંચ ટકા દિવ્યાંગ બાળકો શાળામાં પ્રવેશ મેળવી શક્યા છે એ દર્શાવે છે કે આ પ્રકારનાં બાળકો માટેની શિક્ષણની દશા અત્યંત નબળી છે. આ સ્થિતિ ત્યારે જ સુધરી શકે કે જ્યારે સમાજ સમાવેશી શિક્ષણ પરત્વે જાગૃત થાય, હકારાત્મક વલણ ધરાવતો થાય. શિક્ષણ વ્યવસ્થામાં સેવારત કર્મચારીઓ પણ દિવ્યાંગતા ધરાવતાં બાળકોને સામાન્ય બાળકો સાથે ભણાવતાં ઉત્સાહ દર્શાવે, સરકાર સમાવેશી શિક્ષણ માટે પૂરતી સુવિધાઓ આપે, પ્રશિક્ષણની વ્યવસ્થા કરે, આ દિશામાં થયેલાં સંશોધનો પરથી સમાવેશી શિક્ષણના માર્ગમાં આવતા અવરોધો તારવવામાં આવ્યા છે તે આ મુજબ છે.

- શિક્ષકો, વાલીઓ-માતાપિતા તથા સમાજનું ક્ષતિગ્રસ્ત બાળકો તરફને વલણ.
- વિશિષ્ટ શાળા હોય કે સામાન્ય શાળા હોય, તમામમાં તાલિમી શિક્ષકોની ખેંચ
- શાળા ભવન અને શાળાની કાર્યપ્રણાલી દિવ્યાંગ બાળકોને લક્ષમાં રાખીને થતી નથી.
- કેન્દ્ર અને રાજયની અનેક ઉપયોગી યોજનાના અમલીકરણમાં ખામીઓ
- વાલીઓ અને સમાજનો સમાવેશી શિક્ષણ પરત્વેની જાગૃતિનો અભાવ
- સમાવેશી શિક્ષણ અભિગમ ધરાવતી શાળાઓમાં પણ શૈક્ષણિક ટેક્નોલૉજી અને ઉન્નત શૈક્ષણિક ઉપકરણોનું ન હોવું.
- સમાવેશી શિક્ષણ માટે જરૂરી ફંડ, અનુદાન તથા ધનની અછત.
- દિવ્યાંગ બાળકો અંગેની જરૂરી આંકડાકીય માહિતી અને પછી તેનું આંકલનનો અભાવ.
- દિવ્યાંગ અને અન્ય ક્ષતિઓ ધરાવતા લોકો માટે રોજગારીની તકોની ઊણપ.
- સમાવેશી શિક્ષણ તથા દિવ્યાંગોના પુનર્વસન વિષયક યોજનાઓની જાહેર જનતાને માહિતી ન હોવી.

આવાં અનેક કારણોસર સમાવેશી શિક્ષણની સફળતા માટે વધુ ને વધુ પુરુષાર્થ કરવાની જરૂર છે. આવો, સૌ સાથે મળીને આ કલ્યાણકારી યોજનાને સફળ બનાવીએ...

## વરસાદ (બાળગીત)

**મિત્તલ પટેલ "પરિભાષા"**

પ્રાંતવેલ વર્ગ પ્રાથમિક શાળા, જૂથ-ગાબટ,
તા. બાયડ, જિ. અરવલ્લી (સાબરકાંઠા).

*ઝરમર વરસાદમાં*
*ભીંજાઈ જવાની*
*કેવી મજા ! ભાઈ કેવી મજા !*
*ખુલ્લા આકાશ તળે*
*ખુશીને નહાવાની*
*કેવી મજા ! ભાઈ કેવી મજા !*
*નદી છલકાય ને*
*માછલી મલકાય છે !! (૨)*
*ઝાંડવાય નાહી ધોઈ*
*તૈયાર થઈ જાય છે.*
*કાગળની હોડીને હલેસા મારવાની*
*કેવી મજા ! ભાઈ કેવી મજા !*
*પાણી ભરાયને*
*છબછબિયા થાય છે (૨)*
*દેડકાના ડ્રાઉં ડ્રાઉંનું*
*સંગીત રેલાય છે (૨)*
*મેઘધનુષ્યના રંગોની*
*હોળી રમવાની*
*કેવી મજા ! ભાઈ કેવી મજા !*

# શિક્ષણમાં 'પ્લેસિબો' ઈફેક્ટ....

**ડૉ. મીતા એચ. થાનકી**

પ્રોફેસર, આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર

બીજા વિશ્વયુદ્ધ વખતની આ વાત છે. એ સમય હતો ઈ.સ. ૧૯૩૯ થી ઈ.સ. ૧૯૪૫નો કે જ્યારે મેરીલેન્ડના બાલ્ટીમોર શહેરની જહોન્સ હૉપકિન્સ હૉસ્પિટલના મેડિકલ વિભાગના ડીન ડૉ. વિલિયમ ઓસ્લરની નિમણૂક ઈંગ્લેન્ડની ઑક્સફર્ડ યુનિવર્સિટીના મેડિકલ વિભાગમાં પ્રોફેસર તરીકે થઈ હતી. બીજા વિશ્વયુદ્ધના આ ગાળા દરમિયાન તેઓને બ્રિટિશ સૈન્યના ઘવાયેલા સૈનિકોની સારવાર માટે પણ નિયુક્ત કરવામાં આવ્યા હતા. એ સમયે ઘવાયેલા સૈનિકોના પરિવારજનોને માત્ર એટલા સમાચાર મળે કે તેમના સ્વજન ડૉ. વિલિયમ ઑસ્લરની સારવાર હેઠળ છે એટલે તેઓ સાવ નિશ્ચિંત બની જતા પરંતુ ડૉ. ઓસ્લર હંમેશા કહેતા કે તેમણે જે રોગો દૂર કર્યા હતા તે માટે તેમણે આપેલી સારવાર કારણભૂત ન હતી પરંતુ તે સારવારમાં દર્દીએ અને તેમના સ્વજનોએ મૂકેલી શ્રદ્ધા જ જવાબદાર હતી. એક ચિકિત્સક તરીકે તેઓ માનતા કે પોતાને દર્દીના રોગો દૂર કરવામાં મળતી સફળતા તેમના હૂંફયુક્ત વર્તન અને સ્નેહાળ વ્યક્તિત્વ પર જ આધારિત હતી, અને તેમના મેડિકલ ક્ષેત્રના જ્ઞાનનો ફાળો તેમાં ખાસ ન હતો.

અમેરિકાના આધુનિક મેડિકલ સાયન્સના તજજ્ઞ ડૉ. હેન્રી વેલ્ચે પણ પોતાના ડૉક્ટર પિતાના આ 'ફેઈથ હિલિંગ પાવર'નું સમર્થન કરતાં પોતાના એક પુસ્તકમાં લખ્યું છે કે "ડૉ. ઑસ્લરની રોગ નિવારણની કલા તો જાણે કે તેમના શરીરની આસપાસ એક આભા બનીને વિંટળાયેલી રહેતી. ઘણીવાર તો સારવાર શરૂ થાય તે પહેલાં તેમની હાજરી માત્રથી જ દર્દીની માંદગી અદશ્ય થઈ જતી મેં મારી સગી આંખોથી જોઈ છે."

તબીબી વિજ્ઞાન આ ફેઈથ હિલિંગ પાવરને પ્લેસિબો ઈફેક્ટ તરીકે ઓળખાવે છે.

'પ્લેસિબો' એ એક લેટિન ક્રિયાપદ છે, જેનો ગુજરાતી અર્થ થાય છે, 'હું ખુશ કરીશ'. પ્લેસિબો એટલે બનાવટી દવા અથવા દવાની ભ્રમણા ઉત્પન્ન કરતો પદાર્થ કે જે દર્દીને માનસિક સંતોષ આપી શકે કે તે હવે જરૂર સાજો થઈ જશે. પછી તે પદાર્થ ગોળી સ્વરૂપે, રંગીન પ્રવાહી સ્વરૂપે, ડૉક્ટરના પ્રેમાળ શબ્દો સ્વરૂપે કે માત્ર ડૉક્ટરની હાજરી સ્વરૂપે પણ હોઈ શકે. પ્લેસિબો આવા કોઈપણ સ્વરૂપે હોય, પરંતુ તેની અસર એટલી જબરદસ્ત જોવા મળી છે કે તેનાથી ચિકિત્સા ક્ષેત્રને એક નવી જ દિશા પ્રાપ્ત થઈ છે.

શરીર અને મન પર 'પ્લેસિબો ઈફેક્ટ' કઈ રીતે કાર્ય કરે છે તે અંગે સચોટ કારણ તો વિજ્ઞાન પણ હજુ શોધી શક્યું નથી, પરંતુ કેટલાંક સંશોધકો એવું માને છે કે 'પ્લેસિબો' તરીકે વપરાયેલો પદાર્થ, શબ્દો કે વર્તણૂક માનવ-મગજના 'Cerebral cortex' તરીકે ઓળખાતા એક ચોક્કસ હિસ્સાને ઉત્તેજિત કરે છે. મગજનો આ હિસ્સો ઉત્તેજિત થતાં માનવીનું અંતઃસ્રાવી તંત્ર સક્રિય થાય છે, જેને લીધે માનવશરીરમાં કેટલાંક જૈવ રાસાયણિક ફેરફારો થતાં કુદરતી રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે.

આમ પ્લેસિબો એ ખરેખર કોઈ દવા નથી, પરંતુ એક જાતની હૂંફયુક્ત પ્રક્રિયા છે, જેની શરૂઆત દર્દીના ડૉક્ટર પરના ગહન વિશ્વાસથી થાય છે અને ડૉક્ટરની હકારાત્મક વર્તણૂંક દ્વારા દર્દીના શરીરમાં રહેલા રોગપ્રતિકારક બળો સક્રિય થતાં જ તેનો અંત આવે છે. આ પ્રક્રિયા એ કોઈ ચમત્કાર નથી. કારણ કે જો દર્દીને ખબર પડી જાય કે તેને પ્લેસિબો અપાઈ રહી છે, તો તેના શરીર પર પ્લેસિબોની અસર થતી નથી. આથી, એ વાત સિદ્ધ થાય છે કે આપણું શરીર તેના તરફ થતાં હકારાત્મક પ્રતિભાવો, હૂંફયુક્ત વર્તન, શ્રદ્ધાપૂર્વક દર્દી દ્વારા લેવાયેલો પ્લેસિબો પદાર્થ વગેરે દ્વારા શરીરમાં રાસાયણિક ફેરફારો લાવી શકે છે.

પ્લેસિબોની અસરકારકતા એ વાતની સાબિતી છે કે માનવીના મન અને શરીર વચ્ચે એક મજબૂત જોડાણ છે. વળી, માનવીને થતા લગભગ ૮૦% રોગો મનોદૈહિક (Psychosometic) હોય છે. માંદગીનો ઉદ્ભવ પહેલા મનમાં થાય છે અને પછી તેની શરીર પર અસર જોવા મળે છે. અથવા રોગ પ્રથમ શરીરમાં જન્મે છે અને પછી તે મનમાં ઘર કરી જાય છે. તેથી ડૉક્ટરની દર્દીનો વિશ્વાસ સંપાદન કરવાની ક્ષમતા, આત્મિયતાપૂર્ણ વર્તન અને ડૉક્ટર તરીકેની આવડત એ ત્રણેય પરિબળો પ્લેસિબોની અસરકારકતા વધારે છે.

હવે પ્રશ્ન એ છે કે 'પ્લેસિબો' તબીબી ક્ષેત્રે આટલી અસરકારક સિદ્ધ થઈ હોય તો શિક્ષણની અસરકારકતા માટે તેને ઉપયોગમાં લઈ શકાય ? ઉત્તર છે... હા... આપણી વૈદિક શિક્ષણ પ્રણાલિ પાસે આ કીમિયો હતો જેને કારણે જ ભારતમાં મહામનિષિઓ પેદા થયા. ઋષિકુળ પરંપરાના એ યુગમાં આશ્રમમાં વિદ્યાપ્રાપ્તિ અર્થે પ્રવેશેલા શિષ્યો ગુરુ અને ગુરુપત્ની પાસેથી પિતા અને માતાનો પ્રેમ અને હૂંફ પામતા રહીને શિક્ષા ગ્રહણ કરતા. તેઓના મહામનિષિ થવામાં ગુરુનું અગાધ જ્ઞાન જ નહીં પરંતુ પ્રેમ, કાળજી અને હૂંફ સ્વરૂપે અપાતી 'પ્લેસિબો' ઈફેક્ટ જ વધારે કારણભૂત હતી, જે શિષ્યોના જીવનને ઊર્ધ્વગામી બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવતી.

હવે આજની શિક્ષણ વ્યવસ્થા તરફ એક દષ્ટિપાત કરીએ... આજના શિક્ષાગૃહો મહદ્અંશે સેલ્ફ ફાઈનાન્સ બનાવવામાં આવી રહ્યા છે. તગડી ફી ચૂકવીને મોંઘુદાટ શિક્ષણ લઈ રહેલા વિદ્યાર્થીઓ અને સામે પક્ષે ખૂબ જ ઓછા ફિક્સ પગારથી નોકરી કરી રહેલા શિક્ષકો વચ્ચે પેલા ગુરુકુલ કાળના ગુરુ-શિષ્ય જેવા પ્રેમ અને હૂંફ સ્વરૂપની 'પ્લેસિબો ઈફેક્ટ' શી રીતે સંભવે ? વળી, સેલ્ફ ફાયનાન્સ શિક્ષણના આ યુગમાં પોતાના શિક્ષણ પાછળ લખલૂટ ખર્ચાઓ કરીને શિક્ષક થયેલા આ શિક્ષકો પોતે ખર્ચેલા નાણાનું વળતર મેળવવા સ્વાભાવિક રીતે જ તત્પર હોવાના.... જે તેમને ટૂંકા ફિક્સ પગારની નોકરી તો કદી આપી શકે તેમ નથી. પરિણામે તેઓનું ધ્યાન તો નાણા કમાવાના અન્ય સ્રોતો જેવા કે વીમા એજન્ટ થવાનું કે કોઈ ચેઈનવાળા બિઝનેસ સાથે સંકળાવવામાં જ હોવાનું.... પરિણામે તેઓ તો શિક્ષક તરીકે વિદ્યાર્થીને આપવાના પ્રેમ અને વાત્સલ્યની દરકાર શી રીતે રાખી શકે ?

તો હવે પ્રશ્ન એ રહ્યો કે શિક્ષણમાં પ્લેસિબો ઈફેક્ટને અસરકારક બનાવવા શું કરી શકાય ? આ રહ્યા કેટલાંક સૂચનો....

- સૌ પ્રથમ તો શિક્ષણને સેલ્ફ ફાયનાન્સ ન રાખતા તેને દેશની સરકારને હસ્તક જ રાખવું રહ્યું કેમ કે શિક્ષણ ક્ષેત્ર એ તો કોઈપણ દેશના વિકાસની કરોડરજ્જુ ગણાય.
- શિક્ષણની સંસ્થાઓમાં જે તે અભ્યાસક્રમ માટે ક્વૉલિફાઈડ શિક્ષકોની જ ભરતી થાય તે અંગે જરૂરી વ્યવસ્થાતંત્ર ગોઠવવું જરૂરી છે.
- શિક્ષકોને ફિક્સ પગારથી નોકરીએ ન રાખતા પૂરા પગાર સાથે સન્માનપૂર્વક તેમની સેવાઓ લેવામાં આવે.
- વિદ્યાર્થીઓને શાળાએ આવવું ગમે તેવી તમામ ભૌતિક સુવિધાઓ જેવી કે રમતનું મેદાન, રમતના સાધનો, સંગીતના સાધનો, બાગ-બગીચા, વિવિધ કલાઓનો શિક્ષણમાં સમાવેશ... વગેરેને શિક્ષણનો મહત્ત્વનો હિસ્સો બનાવવામાં આવે.
- પ્રવૃત્તિ આધારિત જ્ઞાન (પ્રજ્ઞા) પ્રોજેક્ટને પ્રાથમિક માધ્યમિક શિક્ષણનો પાયો બનાવવામાં આવે.
- પ્રવૃત્તિ આધારિત જ્ઞાનના મૂલ્યાંકનની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવે.

આ અને આવા બીજા નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો જ શિક્ષણમાં વિદ્યાર્થીઓની અભિરુચિ વધારી શકશે અને તેમના વ્યક્તિત્વને હકારાત્મક ઓપ આપવા 'પ્લેસિબો ઈફેક્ટ'નું કાર્ય કરશે.... તમને શું લાગે છે ???

# ‘ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયક-૨૦૧૭’ - એક સમીક્ષા

**રણછોડ શાહ**

૪૭, સુવર્ણપુરી સોસાયટી, ચીકુવાડી, જેતલપુર રોડ, વડોદરા.
સંપર્ક સૂત્રઃ ૯૯૭૯૮૬૧૬૩૧

ગુજરાત રાજ્યમાં આવેલી સ્વનિર્ભર શાળાઓ માટે ફી નિયમન તથા તેની સાથે સંકળાયેલી આનુષાંગિક બાબતોની જોગવાઈ કરવા માટે સરકારે વિધાનસભામાં ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયક - ૨૦૧૭ રજૂ કરેલ, જે વિધાનસભામાં પસાર થયેલ છે. સરકારશ્રીએ ખૂબ લાંબી વિચારણાના અંતે વિધેયક પસાર કરેલ છે. આ લેખમાં તેના કારણો, પૂર્વ તૈયારી અસરકારક બનાવવાના ઉપાયો અને દુરોગામી અસરોની ચર્ચા કરવાનો ઉપક્રમ છે.

આ વિધેયક એકાએક આવેલું નથી. ઘણા લાંબા સમયથી શિક્ષણ સમાજમાં આ બાબત ચર્ચાની એરણ ઉપર હતી. ગુજરાત રાજ્યની સ્થાપના સમયે ચોક્કસ નિયમોના ધોરણે શાળા સંચાલનમાં સરળતા રહે તે માટે સરકારશ્રી તરફથી અનુદાન આપવામાં આવતું. ત્યારબાદ શિક્ષણ સમાજના વિવિધ ઘટકોના આંદોલનને કારણે સો ટકા ગ્રાન્ટની નીતિ અમલમાં આવી. શિક્ષણ ઉપરનો ખર્ચ વધતાં સરકારશ્રીએ શિક્ષકોના પગર ઉપર સો ટકા ગ્રાન્ટ અને વહીવટ માટે પગારના દસ કે પંદર ટકા ગ્રાન્ટ આપવાનું સ્વીકાર્યું. સાથેસાથે જેમને આ ગ્રાન્ટ ન લેવી હોય તેમને શૈક્ષણિક વર્ષ ૧૯૯૯-૨૦૦૦થી ધો.૯, ૧૦, ૧૧ અને ૧૨ માટે અનુક્રમે રૂ. ૪૦/-, રૂ. ૪૫/-, રૂ. ૫૦/- અને રૂ.૬૦/- માસિક ફી લેવાની પરવાનગી આપવામાં આવી. ત્યારબાદ તેમાં કોઈ વધારો આજદિન સુધી થયો નથી. આ જ સમય દરમિયાન વિદ્યાર્થીઓની સંખ્યાના વધારાને પહોંચી વળવા માટે સરકારશ્રી તરફથી સ્વનિર્ભર શાળાઓને પરવાનગી આપવામાં આવી. સરકારશ્રીએ ફીની રકમનો મુદ્દો સંચાલકોની વિવેકબુદ્ધિ ઉપર છોડી દીધો હતો. સરકારશ્રી શિક્ષણમાં ખાનગી સાહસિકોની મદદ લઈ શિક્ષણને વધુ ગુણવત્તાસભર બનાવવા માંગતી હતી. સરકારનો તથા મોટાભાગના શાળા સંચાલકોનો ઉદ્દેશ પણ ગુજરાતના વિદ્યાર્થીઓ સારી ગુણવત્તાવાળું શિક્ષણ પ્રાપ્ત કરે તેવો હતો. પરંતુ આ પ્રયોગથી ઈચ્છિત પરિણામો પ્રાપ્ત થયાં નહીં તેથી સરકારે નીચેના જેવા કારણોસર ખરડો પસાર કરવો પડ્યો.

**ફી નિર્ધારણ સમિતિ બનાવવાના કારણો**

(૧) શિક્ષણ ધંધો નહી, સેવા છે તેવી સરકાર, સમાજ, વાલી અને શાળા સંચોલકોની સ્પષ્ટ સમજ છે. પરંતુ જૂજ સંખ્યાના સંચાલકો આ વિધાન સાથે સહમત નથી. તેઓ વિદ્યાર્થીઓને ગ્રાહક સમજી શાળા સંચાલનની કામગીરીને નફાખોટ સાથે જોડે છે. કેટલાક અંશે આજના ભૌતિકવાદી સમાજરચના અને સામાજિક માન્યતાના આધારે તપાસીએ તો તેમાં વજૂદ પણ લાગે. આજે એક નવી શાળા શરૂ કરવા માટે લાખો નહીં કરોડો રૂપિયાની આવશ્યકતા રહે. તે સંજોગોમાં જેણે મોટું રોકાણ કર્યું છે તે વળતરને અનુરૂપ નફાને નજર રાખી ફીનું ધોરણ નક્કી કરે તેવું બને. કદાચ સરકાર આ બાબતે પણ ચલાવી લેત, પરંતુ કેટલીક સંસ્થાઓએ નફાનું અમર્યાદિત ધોરણ નક્કી કર્યું. બેફામ ફી ઉઘરાવવા માંડી, વાલીઓ પણ ઊંચી ફી લેતી સંસ્થાઓમાં પ્રવેશ માટે પડાપડી કરવા લાગ્યા અને આવી શાળામાં બાળકોને ભણાવવામાં ‘સ્ટેટસ સિમ્બોલ’ અનુભવવા લાગ્યા.

(૨) રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને સાર્વત્રિક હોય તે જોવાની સંપૂર્ણ જવાબદારી રાજ્ય સરકારના શિક્ષણ વિભાગની છે. સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોને સારો પગાર આપવામાં આવે છે.

(ક્યારેક તે પાંચ વર્ષ બાદ) પરંતુ ત્યાં શિક્ષકની કામગીરીથી વાલીઓને સંતોષ નહોતો. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની અનુદાનિત શાળાના શિક્ષણ બાબતે પણ સમાજનો સારો પ્રતિભાવ નહોતો. આ સંજોગોમાં સ્વનિર્ભર શાળાઓની સંખ્યા ખૂબ મોટી બની ગઈ. શરૂઆતમાં શિક્ષણમાં પ્રયોગાત્મક અભિગમ ધરાવતા કેળવણીકારો જ શાળાઓ શરૂ કરતા. મહૃદઅંશે તેઓ બાળકોને કેન્દ્રમાં રાખીને જ કામગીરી કરતા. પરંતુ સમયાંતરે ધનવાન લોકોએ શિક્ષણક્ષેત્રે મૂડી રોકાણ કરવાનું શરૂ કરતાં પરિસ્થિતિ તદ્દન અસંતુલિત થઈ ગઈ. શાળાએ 'દુકાન' કરતાં પણ વધુ કદરૂપું સ્વરૂપ લઈ લીધું. વિદ્યાર્થીને વસ્તુ તરીકે જોવામાં આવ્યો. છેલ્લા થોડાક વર્ષોમાં કેટલાક વાલીઓ અચાનક ધનવાન બની જતાં, થ્રી સ્ટાર-ફાઈવ સ્ટાર શાળાઓને પસંદ કરવા લાગ્યા. વળી, જેને પોસાઈ શકતું નહોતું તેવા પણ 'દેખાદેખી'થી આવી શાળાઓમાં જોડાવવા લાગ્યા. જોડાયા બાદ આર્થિક રીતે પહોંચી ન વળતાં આવા મધ્યમ વર્ગીય વાલીઓ ઉહાપોહ કરવા લાગ્યાં. આથી સરકારે દરમિયાનગીરી કરવી પડી.

(૩) ગુજરાતી માધ્યમની શાળાઓની સંખ્યા ઘટવા લાગી અને અંગ્રેજી માધ્યમની શાળાઓ ગ્રામ્ય વિસ્તારના અંતરિયાળ વિસ્તારમાં પણ શરૂ થતાં મનમાની ફી લેવાનું સંચાલકો માટે સરળ અને સહજ બન્યું. ગ્રામ્ય વિસ્તારના વાલીઓને પોતાના સંતાનો શહેરી વિસ્તારના બાળકો કરતાં પાછળ રહી જશે તેવા ભયને કારણે જે માંગે તે ફી આપવા ના છૂટકે તૈયાર થયા. આ બાળકો પાસે પણ ટાઈ, વોટર બોટલ, ટ્રાન્સપોર્ટ, શાળાનું નામ છાપેલ નોટબુક અને પુસ્તકો, ગણવેશ વગેરે વસ્તુઓ શાળામાંથી ખરીદાવવા આગ્રહ રાખતા શિક્ષણનું ખર્ચ અકલ્પનીય વધી ગયું. સમાજમાં આ બાબતે મોટો અસંતોષ ઊભો થયો.

(૪) બ્રાન્ડેડ શાળાઓની ચેન શરૂ થઈ. મલ્ટીનેશનલ બ્રાન્ડવાળી અને ઉદ્યોગગૃહોની સ્વનિર્ભર શાળાઓ ઘણી વધી ગઈ. આજના યુવાનને 'બ્રાન્ડ'નો ખૂબ મોટો મોહ (Craze) છે. જીવન જરૂરિયાતની વસ્તુઓ પણ સ્થાનિક (Local) કક્ષાની બનાવટવાળી લેવાને બદલે રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય કક્ષાની બ્રાન્ડેડ વસ્તુઓ ખરીદવામાં આ યુવાનો ગૌરવ અનુભવે છે. આ જ વર્ગ બાળકોના શિક્ષણ માટે શાળામાં આવતા બ્રાન્ડેડ શાળાના સંચાલકોને ફાવતું મળ્યું. આથી ત્યાં જતા વિદ્યાર્થીઓ લાખોમાં ફી ચૂકવવા લાગ્યા.

(૫) આજે સમાજ સવલતો પાછળ ગાંડો છે. આર્થિક રીતે પોસાઈ ન શકે તેવા ઘરોમાં પણ ટી.વી. હોય તે તો સમજ્યા પરંતુ પંખા ને બદલે એ.સી. આવી ગયા છે. શાળાઓ પાસે પણ ઉત્તમ સુવિધાયુક્ત મકાનોની માંગ ઊભી થતા ટી.વી., સ્માર્ટ બોર્ડ, અદ્યતન પ્રયોગશાળાઓ અને કમ્પ્યૂટર રૂમ, સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ઓડિટોરિયમ, વિવિધ રમતો માટેના કોચ, સાધનો અને મેદાનોની જાળવણી જેવા લખલૂટ ખર્ચ કરવા પડે તેવી પરિસ્થિતિ સામાન્ય શાળાઓ માટે પેદા થતાં તેમને ના છૂટકે ફી વધારાનો નિર્ણય લેવો પડે છે. સામાન્ય આર્થિક આવકવાળા વાલીને આ ખર્ચ ન પોસાય તો તે ફરિયાદ કરે, અને સરકારે તો તેના ઉકેલ શોધવા જ પડે. જે અન્વયે સરકારે આ કાર્ય કર્યું હોય તેમ પણ બને.

(૬) એક જમાનામાં થિયેટરમાં ઈન્ટરવલ વખતે સિંગ-ચણા ફાકતાં આપણે આજે મલ્ટિપ્લેકસમાં સીટ પર પિક્ચરની ટિકિટ કરતાં વધારે રૂપિયાનું ખાતા થઈ ગયા છીએ. આવી જ રીતે ટ્યુશન અને શાળાએ જવા સ્કૂટી ચલાવતા બાળકો માટે શાળામાં ઘોડે સવારી શીખવવામાં આવે છે. જાણે કે ઘોડે સવારી શીખ્યા પછી બાળક ઘોડો લઈ ટ્યુશને જશે ! આવું જ ગાંડપણ સ્વીમિંગ પુલનું છે. વરસાદ પડે ત્યારે શાળાએ બાળકને ન મોકલતા વાલીઓ શાળામાં સ્વીમિંગ પુલ છે કે નહીં તેવો સવાલ પૂછે છે. વાલીઓની માગણી અને લાગણીને કારણે શાળાઓ પ્રવેશ માટેના આકર્ષણ ઉભા કરવા આવી વ્યવસ્થાઓ તૈયાર કરે છે અને પછી મોં માગી ફી વસૂલે છે. આથી દેખાદેખીમાં

મોંઘી શાળામાં ભેરવાઈ ગયેલો વાલી ફી વધ્યાની બૂમો પાડે છે.

સરકારે ઉપરોક્ત જેવા કારણોને ધ્યાનમાં રાખીને વિધેયક બનાવ્યું હોય તે સ્વાભાવિક છે. સામાન્ય લોકોના અવાજને ધ્યાને લઈ સરકારે પગલાં લેવા પડે. પરંતુ નીચેના જેવી પૂર્વ તૈયારીઓ અને સંશોધન બાદ પગલું લેવામાં આવ્યું હોય તો તે વધારે સચોટ બન્યું હોતઃ

**ફી નિર્ધારણ સમિતિ અગાઉની પૂર્વ તૈયારીઓ**

(૧) સૌ પ્રથમ તો સમગ્ર ગુજરાતની તમામ શાળાઓની ફીની વિગતવાર માહિતી પ્રાપ્ત કરી તેનું વર્ગીકરણ કરવાની જરૂર હતી. ચોક્કસ સ્લેબ નક્કી કરી કયા સ્લેબમાં કુલ શાળામાંથી કેટલી શાળાઓ આવેલ છે તેનું સંશોધન કરવાની ખાસ જરૂર હતી. જિલ્લાકક્ષાની પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણની કચેરીઓ દ્વારા આ માહિતી ભેગી કરી વર્ગીકરણ સહેલાઈથી કરી શકાયું હોત. આંકડાકીય માહિતીને આધારે યોગ્ય નિર્ણય લઈ શકાયો હોત.

(૨) આજે પણ મોટાભાગની (લગભગ એંસી ટકાથી ઉપર) શાળાઓની ફી નિમ્ન-મધ્યમ કે મધ્યમ કક્ષાની છે. સામાન્ય વાલીની માસિક આવક રૂ. ૧૫,૦૦૦ થી ૫૦,૦૦૦ ની ગણીએ તો તેને માસિક ફી રૂ. ૧,૦૦૦ થી ૨,૦૦૦ સુધી પોસાઈ શકે અને તેથી મોટાભાગની શાળાઓની ફી આ જ છે. ફીનો સર્વે આ બાબતની ચોક્કસ માહિતી આપી જ શકે.

(૩) માસિક રૂ. ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ કે તેનાથી વધુ ફી લેતી શાળાઓ અત્યંત જૂજ છે. સર્વે દ્વારા માહિતી ભેગી કરતાં આ શાળાઓને અન્ય શાળાઓથી અલગ તારવી તેમની પરિસ્થિતિનો અલગ રીતે અભ્યાસ થઈ શક્યો હોત. આ શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓની આવકની માહિતી પ્રાપ્ત કરી શક્યા હોત તો સમાજનો કયો વર્ગ આવી અત્યંત ઉચ્ચ ફી લેતી શાળાઓમાં અભ્યાસ કરે છે તેનું વિશ્લેષણ કરી યોગ્ય પગલાં લઈ શકાયા હોત.

(૪) વિધેયક પસાર કરતાં પહેલાં શાળા સંચાલકો પાસેથી ફી વધારા-ઘટાડા બાબતના તેમના સૂચનો મેળવી શકાયા હોત. તેનું વિશ્લેષણ કરવું જરૂરી હતું. સામાન્ય ફી, મધ્યમ કક્ષાની અને અત્યંત ઊંચી ફી લેતા શાળા સંચાલકોના માનસ, વર્તણૂક, નિસ્બત અને નિષ્ઠાનો અભ્યાસ કરવો અત્યંત આવશ્યક હતો. સરકારે જે ફી નક્કી કરી તેને કોઈ સ્પષ્ટ અને ચોક્કસ આધાર પ્રાપ્ત થતો નથી. આજે સરકાર આ ફીના ધારાધોરણ બાબતે કોઈ ઠોસ તાર્કિક ઉત્તર આપી શકે તેમ નથી.

(૫) આ પ્રશ્ને જે સૌથી વધુ નિસ્બત ધરાવે છે તેવા વાલીઓનું આ વિધેયકમાં ક્યાંય સ્થાન દેખાતું જ નથી. વાલીઓ પોતાના સંતાનને અભ્યાસ કરાવવા માટે સ્કૂલની પસંદગી કરે છે. શાળાઓ વાલીઓની પસંદગી કરી શકતી નથી. ટૂંકમાં વાલી શાળા પાસે જાય છે. પરંતુ શાળા વાલી પાસે જતી નથી. વાલીની ઈચ્છા હોય તે જ શાળામાં તે પોતાના બાળકનો પ્રવેશ લે છે. આ સંજોગોમાં મોટાભાગના વાલીઓ શાળાની ફી બાબતે કેવો અભિપ્રાય ધરાવે છે તેનો તલસ્પર્શી અભ્યાસ કરવાની જરૂર હતી. માત્ર વાતોને આધારે અથવા સમાચારના આધારે નક્કી કરવાની વાત નહોતી અને નથી. આજનો વાલી અત્યંત મોટા પ્રમાણમાં બાળક પ્રત્યે સજાગ બન્યો છે. શિક્ષિત વાલી શાળા, તેનું સંચાલન, શિક્ષક અને શિક્ષણનું સ્તર, ભૌતિક સુવિધાઓ, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, શિક્ષકોની ગુણવત્તા વગેરે જેવા વિષયોનો અભ્યાસ કરી લીધા પછી જ પ્રવેશ લે છે. આ સંજોગોમાં માત્ર થોડાક બોલકા અને ઉહાપોહ કરતા લોકોના વિચારોના આધારે લેવાતા નિર્ણયો કેટલા ઉપયોગી બનશે તે પણ વિચારણા માંગી લે તેવી બાબત છે.

(૬) જેને માટે આ તમામ વ્યાયામ થઈ રહ્યો છે તેવા વિદ્યાર્થીઓના અભિપ્રાયને ગણનામાં લેવામાં આવેલ નથી. શાળા છોડીને ગયેલ ધો.૧૦ થી ૧૨ ના પૂર્વ વિદ્યાર્થીઓ આ

બાબતે કેવા વિચાર ધરાવે છે તે બાબત જાણવી આવશ્યક હતી. આ વિદ્યાર્થીઓ શાળાની કામગીરી બાબતે સીધા જાણકાર હોવાથી કદાચ તેમના અભિપ્રાયો આ સમગ્ર પ્રક્રિયામાં વધારે ઉપયોગી બન્યા હોત.

(૭) સમગ્ર શિક્ષણ વ્યવસ્થાના કેન્દ્ર સ્થાને પ્રત્યેક શાળાના કર્મઠ, નિષ્ઠાવાન, પ્રામાણિક, મહેનતુ અને નિસ્બત ધરાવતા આચાર્યશ્રી તથા શિક્ષકો હોય છે. શાળા સાથે સીધી રીતે સંકળાયેલ આ વર્ગનો અભિપ્રાય અત્યંત આવશ્યક હતો. આ સંવર્ગ એવો છે કે જે શિક્ષણના તમામ પાસાઓથી સંપૂર્ણપણે જાણકાર અને માહિતગાર છે. કોઈપણ શાળાને ઉત્તમથી સર્વોત્તમ આ મિત્રો જ બનાવી શકે. પ્રશ્નાવલી દ્વારા તેમનો અભિપ્રાય પ્રાપ્ત થયો હોત તો નિર્ણય લેવામાં કોઈ તર્ક, સત્ય, સમજ અને આગોતરી વ્યવસ્થા ગોઠવાઈ શકાઈ હોત.

શાળામાં અભ્યાસ કરતા બાળકોમાંથી કેટલા ટકા વિદ્યાર્થીઓ ખાનગી ટ્યુશનમાં જાય છે. તેની વિગત પ્રાપ્ત કરવી જરૂરી હતી. વળી વાલીઓ તેમના પાલ્યના ટ્યુશન પાછળ જે રમક ખર્ચવા તૈયાર છે તે શું શાળાની ફીથી ઓછી છે ? ટ્યુશન ક્લાસમાં લેવાતી ફીનો અભ્યાસ કરવામાં આવ્યો હોત તો વાલીઓના માનસનો અભ્યાસ કરવાનું વધારે સુગમ બન્યું હોત.

**ફી નિર્ધારણ સમિતિને અસરકારક બનાવવાના સૂચનો**

અચાનક વિધેયક આવી જતાં ઉપરના જેવી પૂર્વ તૈયારીઓ થઈ શકી નથી, તે હકીકત છે. આજે પણ આ બાબતે સૌ સાથી પક્ષોને સાથે બેસાડી વિશ્વાસમાં લઈ જો આગળ વધવામાં આવે તો જ યોગ્ય ગણાશે. જે બાળકને કેન્દ્રમાં રાખીને સુકાર્ય થઈ રહ્યું છે તેમાં વાલી અને શાળા વચ્ચે વિસંવાદિતા થશે તો તમામ મહેનત નિષ્ફળ જશે. બાળકના સર્વાંગીણ વિકાસમાં બે સંસ્થાઓ ઘર અને શાળા હાથમાં હાથ મિલાવીને ચાલશે તો જ તેને સફળતા પ્રાપ્ત થશે. જો તેમાં ચૂક થશે તો સમાજમાં બીનજરૂરી તંગ વાતાવરણ થતાં શિક્ષણ રફેદફે થઈ જશે તેવી ભીતી રહે છે.

આ સંજોગોમાં નીચેના જેવા મુદ્દાઓ બાબતે ફેર વિચારણા થાય તો જે પરિવર્તન અપેક્ષિત છે તેમાં કદાચ સફળતા પ્રાપ્ત થાય. અત્યારની પરિસ્થિતિમાં નીચેના જેવા સૂચનો ધ્યાને લઈ શકાય :

**સૂચનોઃ**

(૧) તમામ સંસ્થાઓને એક જ લાકડીએ હાંકવાનો નિયમ યોગ્ય લાગે છે ખરો ? આજે પણ દરેક ક્ષેત્રમાં નિષ્ઠાવાન લોકોનું અસ્તિત્વ છે. તેઓ 'સ્વ' ને બદલે 'સર્વ'ને ધ્યાનમાં રાખીને કાર્ય કરે છે. આવી શૈક્ષણિક સંસ્થાઓને શોધી કાઢવાનું સરળ ન હોય તો પણ અત્યંત મુશ્કેલ તો નથી જ. જિલ્લાકક્ષાએ સરકારના પ્રતિનિધિરૂપ શિક્ષણાધિકારીઓની મદદથી આ કાર્ય સરળતાથી થઈ શકે. જે સમાજ સારા લોકોનું સન્માન કરતો નથી અને ખરાબને સજા કરવામાં નિષ્ફળ જાય છે તેની પ્રગતિ શક્ય નથી.

(૨) જે રીતે મોંઘવારીમાં વધારો થઈ રહ્યો છે તે જોતાં આઠથી દસ કે પંદર ટકા સુધીનો ફી વધારો કરતી શાળાઓને ફી નિર્ધારણ સમિતિની પરવાનગી લેવામાંથી મુક્તિ આપવી જોઈએ. શિક્ષકોના પગાર, મકાનનું બાંધકામ કે મરામત, વીજળી વપરાશનો વધારો અને બળતણના દરનો વધારો, શાળામાં જરૂરી વસ્તુઓની ખરીદીમાં થતા ભાવવધારાને ધ્યાનમાં લઈએ તો શાળા પાસે ફી વધારવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી. કદાચ કોઈ દાતા શાળાનું મકાન બાંધવા દાન આપે પરંતુ શાળા સંચાલન માટે પ્રતિવર્ષ મદદ કરે તેવું હાલના સમયમાં બને તેમ નથી.

(૩) જે શાળા સારું શિક્ષણ આપવાની ઈચ્છા ધરાવતી હોય તેને સક્ષમ (Competent), હોંશિયાર (Intelligent), કર્મઠ (Workaholic), નિસ્બત (Concern) ધરાવતા અને શિક્ષણપ્રેમી શિક્ષકોની નિમણૂક કરવી જ પડે. આજના સ્પર્ધાત્મક યુગમાં પ્રત્યેક વ્યક્તિ ઉત્તમ વળતર પ્રાપ્ત કરવા માંગ કરે તે સ્વાભાવિક છે. આ સંજોગોમાં શાળાએ ખૂબ ઊંચા પગાર આપીને પણ ઉત્તમ શિક્ષકોને શાળામાં

રોકવા પડે. વળી આ મિત્રોને લાંબા સમય સુધી સંસ્થામાં ટકાવી રાખવાનું કાર્ય કેટલું મુશ્કેલ છે તે તો શાળા સંચાલકને જ ખબર પડે. આ શિક્ષકોનો પ્રતિવર્ષ જો સારો પગાર વધારો ન થાય તો તેઓ ચોક્કસ જ અન્ય જગ્યાએ જાય. અહીંયા પણ શાળા પાસે આવકનો વધારો હોય તો જ તેજસ્વી શિક્ષકોની પગાર વધારાની માંગને પહોંચી વળી શકાય.

(૪) જે શાળાઓ ઔદ્યોગિક એકમ, ધાર્મિક સંસ્થાઓ કે અન્ય ધનિક લોકો સાથે સંલગ્ન છે તેમને તેમના મૂળસ્રોતમાંથી કદાચ ખૂટતી રકમ મળે. પરંતુ અન્ય શાળાઓ માટે માત્ર ફીની રકમ જ આવકનો સ્રોત હોય તેવા સંજોગોમાં ફી વધારો અનિવાર્ય છે.

(૫) વાલીઓ શાળાઓ પાસે અત્યંત ઊંચી અપેક્ષા રાખે છે. તેઓ વાતચીત દરમિયાન જણાવે છે કે ભલે ફી વધારે લો પણ અમારા સંતાનોને તમામ ઉત્તમ સવલતો પૂરી પાડો. વર્ગખંડમાં એક કરતાં વધારે પંખા કે એ.સી. આપો, આર.ઓ. પ્લાન્ટ મૂકાવી આપો, વોટરકુલર કે ઠંડાપાણીના જગ દ્વારા બાળકોને ઠંડુ પાણી પૂરું પાડવાનો વાલીઓ આગ્રહ રાખે છે. આ ખર્ચને પહોંચી વળવા માટે ફી વધારે લીધા સિવાય કોઈ વિકલ્પ હોતો નથી. આ બાબત સરકારશ્રી વિચારણા કરી બંને પક્ષે ન્યાય મળે તેવી વ્યવસ્થા ગોઠવે તેવી અપેક્ષા અસ્થાને નથી.

(૬) અગાઉ જણાવ્યું તેમ શાળાનું ફી પ્રમાણે વિભાગીકરણ કરી જે શાળાઓ સમાજને પોસાઈ શકે તેવી ફી લે છે તેમને આ પ્રક્રિયામાંથી મુક્તિ આપવી જોઈએ જેથી ફી નિર્ધારણ સમિતિનો કામનો બોજો ઓછી કરી શકાય.

(૭) સરકાર સંચાલિત શાળાઓમાં સરકાર તમામ વ્યવસ્થા ગોઠવે છે. જો ત્યાં થતું શૈક્ષણિક કાર્ય અને સહઅભ્યાસ કાર્યનું બારીકાઈથી નિરીક્ષણ ગોઠવી ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડે તો વાલીઓ ખાનગી શાળાને બદલે સરકારી શાળા પસંદ કરે જ. સૌ બીનજરૂરી ખર્ચથી દૂર રહેવાનું પસંદ કરે તે સ્વાભાવિક છે. અત્યારે જેમની ઊંમર ૪૦ કે ૫૦ વર્ષ કરતાં વધુ છે તેમાંના મોટાભાગના અગાઉ સરકારી શાળામાં જ ભણ્યા છે. આવી કામગીરી થાય તો આ સમગ્ર પ્રશ્નનો છેદ જ ઊડી જશે.

(૮) સરકાર પાસે સરકારી શાળાઓના ખર્ચની સંપૂર્ણ વિગત છે. ખાનગી શાળાઓને સરકારી શાળાઓના ધોરણે ફી નિયમન કરવાનો આગ્રહ રાખી શકે. સરકાર આ બાબતે તાર્કીક અને ન્યાયી ઉદાહરણ પૂરું પાડી વાલીઓને આ બાબતે સ્પષ્ટતા કરે તો કદાચ પ્રશ્નની ઉગ્રતા કે કડવાશ ઓછી કરી શકાશે.

(૯) કેટલાક શાળા સંચાલકોની પ્રામાણિકતા અને નિષ્ઠા બાબતે શંકા સેવાય છે અને તેવું ક્યાંક છે પણ ખરું. પરંતુ શું ફી નિર્ધારણ સમિતિ જન્મજાત દોષથી દૂર રહી જ શકશે તેવી કોઈ ખાતરી છે ખરી ? ક્યાંક એવું ન બને કે ‘બકરી કાઢતાં ઊંટ પેસી જાય.’

(૧૦) જે વિગતો શાળાએ ફી નિર્ધારણ સમિતિ સમક્ષ રજૂ કરવાની છે તે તો શાળાઓ વર્ષોથી ચૅરિટી કમિશ્નરમાં રજૂ કરે જ છે. સરકાર ધારે તો તે તમામ વિગત શાળા પાસેથી પ્રાપ્ત કરી ફી બાબતે નિર્ણય લઈ જ શકે, ફી નિર્ધારણ સમિતિની શું જરૂર છે ?

(૧૧) ફીનો આધાર ભૌગોલિક સ્થિતિ ઉપર પણ હોઈ શકે છે. અત્યંત વિકસીત શહેરી વિસ્તાર અથવા એક જ શહેરમાં ધનિક, મધ્યમ વર્ગીય અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોની વસ્તી હોય જ છે. આ સંજોગોમાં પણ ફીમાં ફેરફાર હોય તે સ્વાભાવિક છે.

(૧૨) અન્ય દેશોમાં પણ ખાનગી અને સરકારી શાળાઓ શિક્ષણનું સંચાલન કરે છે. ત્યાં કેવી પરિસ્થિતિ છે તેનો અભ્યાસ કરવા માટે એક પ્રતિનિધિ મંડળ મોકલી શકાય. આ તમામ બાબતોના વિગતપૂર્ણ અને ઊંડાણ પૂર્વકના અભ્યાસ બાદ આ બાબતનો નિર્ણય લઈ શકાય. આવું ઉત્તમ માળખું ગુજરાતમાં ગોઠવાય તો ભારતમાં અન્ય રાજ્યો પણ ગુજરાતનું ઉદાહરણ લઈ પોતાના રાજ્યમાં વ્યવસ્થા ગોઠવે તેવું ઉત્તમ મોડેલ આપણે આપવું જોઈએ.

ઉપરોક્ત તમામ મુદ્દાઓની ચર્ચા જોતાં લાગે છે કે લગભગ વીસ ટકા કે તેનાથી ઓછી સંખ્યામાં શાળાઓનું ફીનું માળખું અત્યંત ઊંચું છે. ઊંચી આવકવાળાને પણ પોસાઈ શકે નહીં તેવી ફી આવી શાળાઓની છે. પરંતુ આ શાળાઓના વાલીઓના માનસશાસ્ત્રીય અભિગમનો અભ્યાસ કરવા જેવો છે. છેલ્લા બે દાયકામાં જેઓએ વાલીપણું પ્રાપ્ત કર્યું છે તેવા લોકો ખર્ચાળ જિંદગી જીવવામાં ગર્વ અનુભવતા હોવાથી તેઓને અત્યંત ઊંચી ફી લેતી શાળાઓ જ પસંદ પડે છે. વળી આ શિક્ષિત અને ધનાઢ્ય વર્ગ જે કરે છે તેનું અનુકરણ બીજા થોડાક લોકો કરતા હોવાથી કદાચ પરિસ્થિતિએ અત્યંત ગંભીર સ્વરૂપ પકડ્યું હોય તેમ લાગે છે.

**ફી નિર્ધારણ સમિતિની દૂરોગામી અસરો**

સરકારનો અભિગમ ખૂબ પ્રસંશનીય છે. સરકાર સૌને સંતોષ થાય તેવો ઉકેલ લાવવા માટે સંનિષ્ઠ પ્રયત્ન કરે છે. પરંતુ પ્રશ્ન અત્યંત પેચીદો છે. વળી સમસ્યાના અનેક બાજુઓ એવી છે કે તેને સ્પર્શતાં જ વધુ ગૂંચવણ ઊભી થાય તેમ છે. નીચેના જેવી દૂરોગામી અસરો પણ જોવા મળે :-

(૧) ફી નિર્ધારણ સમિતિ સૌને અનુકૂલ આવે તેવો ઉકેલ લાવવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરે છતાં તમામ પક્ષોને સંતોષ ન થાયતો વાલી-શાળા વચ્ચેનું અંતર વધે અને તે શિક્ષણની ગુણવત્તાને અસર પડે.

(૨) તમામ શાળાઓ પ્રામાણિકતાપૂર્વક માહિતી પૂરી પાડશે જ તેવી આશા સારી છે પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ અલગ હોઈ શકે. રાષ્ટ્રીય ચારિત્ર્ય બાબતે આપણા સમાજમાં પૂરી પરિપક્વતા નથી.

(૩) શિક્ષણેતર કાર્ય કરતા અને શાળાના કાર્યમાં બીનજરૂરી દખલ કરતા તત્વો કદાચ શિક્ષણની શાંતિને ડહોળી નાંખે તેવું પણ બને.

(૪) કેટલાક સંનિષ્ઠ અને કેળવણી પ્રેમી સંચાલકો સમિતિ પાસે જવાની જટીલ અને લાંબા લાંબા ફોર્મ ભરવાની પરિસ્થિતિને કારણે શાળા સંચાલનથી વિમુખ બને તેવા સંજોગો ઉત્પન્ન થાય.

(૫) આપણે ‘લાયસન્સ રાજ’માંથી મુક્ત થવાની બાબત તરફ આગળ વધતા હતા તેને બદલે આજે પરિસ્થિતિ વિરૂદ્ધ ઉત્પન્ન થતાં નવા નિષ્ઠાવાન અને પ્રામાણિક આગંતુકો આ ક્ષેત્રમાં આવવાનું ટાળે તો શૈક્ષણિક સંસ્થાઓની વિકાસની ગતિ રૂંધાય.

આશા રાખીએ સરકાર તમામ પક્ષે સંપૂર્ણ વિચાર કરીને શિક્ષણ સૌને પોસાય તેવું, ગુણવત્તાસભર અને વિશ્વની સ્પર્ધામાં ટકે તેવું બનાવવામાં સફળ થશે જ.

## શિક્ષણને મોંઘુદાટ કરવામાં સંચાલકો જેટલા જ જવાબદાર વાલીઓ પણ છે

મુદ્દો એ છે કે અનેક વાલીઓ પાસેથી શાળાઓ પોતાની અગાઉની નિયત ફી લઈને બેઠી છે. એ ફી ઘણી વધારે છે અને લાખો-કરોડો રૂપિયામાં છે. સરકારે કાયદો કર્યા પછી પણ વાલીઓમાં જાગૃતિ આવી નથી. અનેક વાલીઓ વધુ ફી ચૂકવ્યા પછી પણ નિષ્ક્રિય છે. આ નિષ્ક્રિયતામાં ગુજરાતના શિક્ષણનું ભાવિ છુપાયેલું છે.

તુલસી પત્રઃ

એક વેપારીનો છોકરો નાપાસ થયો. બીજા બધા વિષયમાં સારા ગુણ હતા, પરંતુ ગણિતમાં ઘણા ઓછા ગુણ હતા.

ગુસ્સામાં તમતમતો વેપારી શાળાના આચાર્યને મળ્યો. તેણે ફરિયાદ કરી કે આવું કેમ ચાલે ? તમે મારા છોકરાને ગણિતમાં કેમ નાપાસ કર્યો. ગણિતના શિક્ષકે કહ્યું કે તમારો છોકરો સાદા સરવાળા પણ નથી કરી શકતો. ૧૮ + ૨૪ નો સરવાળો કરવાનું કહ્યું તો જવાબમાં ૨૦ લખ્યા હતા. વેપારીએ આચાર્ય સામે આંખ મિંચકારી, ગજવામાંથી પૈસા કાઢ્યા અને બોલ્યા સાચો સરવાળો ૪૨ થાય છે અને મારા છોકરાએ ૨૨ ઓછા લખ્યા છે. લો આ ૨૨ રૂપિયા લઈ લો પણ તેને પાસ કરી દો.

આ છે ગુજરાતનાં માતા-પિતાની માનસિકતા અને પ્રેકટીકલ અભિગમ!

# શિક્ષણને મોંઘુદાટ કરવામાં સંચાલકો જેટલા જ જવાબદાર વાલીઓ પણ છે

**રમેશ તન્ના**

મો. ૯૮૨૪૦૩૪૪૭૫ ● Email : rameshptanna@gmail.com

થોડી અતિશયોક્તિ સાથે કહેવું પડે છે કે ગુજરાતમાં વાલી નામનું પ્રાણી મોટા ભાગે બાલીસ વર્તન કરે છે. એમાંય જ્યારે મુદ્દો બાળકોના શિક્ષણને લગતો હોય ત્યારે તો ગુજરાતના વાલીઓમાં મુગ્ધતા, મોહ, લાગણી-અંધાપો, પાછળ ન રહી જવાની હીન-ભાવના, આગળ વધવાની લોલુપતા... આ બધું એક સાથે પ્રગટે છે. બે-ચાર પાંદડે થયેલાં ગુજરાતી મા-બાપો પોતાનાં સંતાનોના શિક્ષણ માટે કોઈ પણ હદે જઈ શકે છે. પૈસા પાણીની જેમ વહાવી શકે છે અને જરૂર પડે તો કાશીમાં જઈને કરવત પણ મૂકાવી શકે છે.

એ વાત પાછી જુદી છે કે આજકાલ વાલીઓની ભૂલભરેલી હરકતોને કારણે લાખો બાળકોએ પોતાના ગળા પર કરવત મૂકાવી હોય તેવો ઘાટ છે.

ગુજરાત સરકારે વર્ષો પહેલાં શિક્ષણનું ખાનગીકરણ કર્યું. કોઈ વાંધો નહીં. સમયની એ માગ હતી. એ પછી શિક્ષણમાં ખાનગી સંસ્થાઓ અને કંપનીઓ આવવા લાગી. શિક્ષણ મલાઈદાર ધંધો બન્યું. દરેક રાજકારણીની એક શાળા-કૉલેજ હોય તેવો ગુજરાત વિધાનસભામાં પસાર ન થયેલો ધારો અમલમાં આવ્યો. શિક્ષણમાં દરેકને ઘી-કેળાં દેખાવા લાગ્યાં. શરૂઆતમાં કમાઓ-કમાઓ એવું થયું, પરંતુ પછી સરકારની અમી નજર નીચે શાળાના સંચાલકોએ લૂંટો...લૂંટો શરૂ કર્યું. સરસ્વતીને બધાએ ધક્કા મારીને બહાર કાઢી મૂક્યાં અને તેમના સ્થાને લક્ષ્મીદેવીનું સ્થાપન કર્યું.

આ સમયગાળામાં એક નવી ઘટના બની. અંગ્રેજી મેડમની ધમાકેદાર એન્ટ્રી થઈ. વાતાવરણ અચાનક બદલાઈ ગયું. ગુજરાતી માધ્યમ ખોવાઈ ગયું અને ગુજરાતમાં ઈંગ્લિશ મિડિયમ છવાઈ ગયું. શરૂઆતમાં તો માત્ર શ્રીમંત લોકો પોતાના સંતાનોને ઈંગ્લિશ મિડિયમમાં (જેમ દરદીને હૉસ્પિટલમાં દાખલ કરે તે રીતે) દાખલ કરવા લાગ્યા. એ પછી તો આ આગ ઠેર ઠેર પ્રસરી ગઈ. ઈવન લોકો મોક્ષને પણ ભૂલી ગયા. પોતાના સંતાનને ઈંગ્લિશ મિડિયમની સ્કૂલમાં એડમિશન મળે એટલે જાણે કે મા-બાપને મોક્ષ મળી ગયો હોય તેવી ભવ્ય અને દિવ્ય સ્થિતિનું નિર્માણ થયું.

ગણિતમાં એકદમ પાકા શાળા-કૉલેજના સંચાલકો ઝીણી નજરે આ બધું જોતા હતા. તેઓ પામી ગયા કે બકરો હવે બરાબર ઘાટમાં આવ્યો છે. હલાલ કરીશું તો વાંધો નહીં આવે. એ પછી તો શિક્ષણમાં સરે-આમ લૂંટ ચાલી. ઉઘાડી લૂંટ, મા સરસ્વતીના નામે લૂંટ. ડાહીમાના દીકરા જેવા સંચાલકોએ વિદ્યાર્થીઓનાં માતા-પિતાને વૈવિધ્યસભર રીતે લૂંટવાનું શરૂ કર્યું. ફીને અનેક આકાર-પ્રકારના સ્વરૂપમાં વિભાજિત કરી દેવાઈ. સાંભળવાં ગમે તેવાં નવાં નવાં રૂડાં-રૂપાળાં નામો આપવામાં આવ્યાં. આમેય સરેરાશ ગુજરાતી મા-બાપ લૂંટાવા તૈયાર જ હોય છે જો લૂંટનારો બુદ્ધિશાળી હોય તો. (ઘણા કેસમાં તો તેની એટલે કે બુદ્ધિની પણ જરૂર નથી પડતી.) પહેલાં ગુજરાતમાં ડોનેશન એટલે સ્વૈચ્છિક અને સેવાકીય સંસ્થાઓને અપાતું દાન એવી સમજણ અને છાપ હતી. શિક્ષણનું ખાનગીકરણ થયા પછી ડોનેશનની વ્યાખ્યા બદલાઈ ગઈ. ડોનેશનની નવી વ્યાખ્યા અમલમાં આવી. ડોનેશન એટલે પોતાના પાલ્યને શાળા-કૉલેજમાં એડમિશન અપાવવા માટે સ્વૈચ્છિક રીતે, પૂરા સાન-ભાનમાં, કોઈની શેહ-શરમમાં આવ્યા વિના, પોતાની બુદ્ધિ અનુસાર, સંપૂર્ણ હોશમાં, પ્રસન્નતા સાથે આપવામાં આવેલી રકમ.

સ્પર્ધા વધતી ગઈ તેમ શાળા-કૉલેજોની સંખ્યામાં વધારો થતો ગયો. કોઈ રાજકુમારી રાત્રે ના વધે તેટલી

દિવસે વધે અને દિવસે ના વધે તેટલી રાત્રે વધે તેમ શાળાઓની ફીનું પણ થયું. ધીમે ધીમે શાળાની ફીમાં વધારો થતો ગયો. એક બાજુ ઘરનો તમામ ખર્ચો અને બીજી બાજુ સંતાનોનો શૈક્ષણિક ખર્ચ એવું નવું સમીકરણ અમલમાં મૂકાયું.

**આ સ્થિતિ માટે જવાબદાર કોણ ?**

(૧) શિક્ષણને ખાનગી વેપારીઓ અને ઉદ્યોગપતિઓ અને સંચાલકોના હાથમાં સોંપી દેનારી સરકાર ?

(૨) શિક્ષણ જેવી મહત્ત્વની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી દેનારા શાસકો ?

(૩) આખો ખેલ મૂંગા મોંએ જોઈ રહેનારા શિક્ષકો-અધ્યાપકો-આચાર્યો ?

(૪) શિક્ષણને ધીખતો ઉદ્યોગ બનાવીને વિદ્યાર્થીઓના મા-બાપને લૂંટનારા શાળાના સંચાલકો ?

(૫) સરકાર અને શાળાના સંચાલકોની ચાલમાં આવી જઈને કરોડો રૂપિયા ખર્ચનારાં માતા-પિતા ?

ગુજરાતની શિક્ષણની આજની વસમી અને અસહ્ય પરિસ્થિતિ માટે ઉપરનાં બધાં પરિબળોમાંથી માત્ર કોઈ એક પરિબળ જવાબદાર છે એવું નથી. ખરેખર તો આ બધાં પરિબળો એકબીજા સાથે ગાઢ રીતે, લટિયાં-જટિયાં મળેલાં હોય તે રીતે હળેલાં-મળેલાં છે. આ બધાં પરિબળોનો ભોગ ગુજરાતના વિદ્યાર્થીઓ બન્યા છે. દરેકે પોતાના સ્વાર્થ માટે ખેલ પાડ્યો છે. દરેકનો તેમાં રોલ છે.

જોકે આજની આ પરિસ્થિતિ માટે સૌથી વધારે જવાબદાર વાલીઓ છે. સંતાનોને નિમિત્ત બનાવીને તેમણે જે ચેષ્ટા કરી છે તે માફ કરી શકાય તેવી નથી. સંતાનોને શાળા-કૉલેજમાં પ્રવેશ અપાવનાર માતા-પિતા એક ક્ષણમાં ગ્રાહક બની ગયાં અને તેમણે પોતાના પાલ્યને બલિનો બકરો બનાવી દીધો. દેખાદેખીમાં કે પોતાનું સંતાન બીજાથી પાછળ રહી જશે તેવી કાલ્પનિક બીકમાં કે પછી પોતાના બાળકને બીજાં કરતાં વધારે સારું શિક્ષણ આપવાની લાયમાં વાલીઓએ ગુજરાતનું સમગ્ર શિક્ષણ પ્રદૂષિત કરવામાં, જાણે-અજાણે સૌથી મોટું પ્રદાન આપ્યું. કહેવાતી મોટી શાળાઓમાં પ્રવેશ અપાવવા વાલીઓએ ન કરવાનું બધું કર્યું. લાગવગ લઈ આવે, શિક્ષણમંત્રી કે મુખ્યમંત્રી સુધીની ભલામણ ચિઠ્ઠી લઈ આવે અને કોરા ચેક પર સહી કરીને શાળાના સંચાલકોને, કોઈ મંદિરમાં ભેટ ધરાવતા હોય તેટલા પવિત્ર ભાવથી ચેક આપી દે. લાંચ આ રીતે પણ આપી શકાય. ભ્રષ્ટાચાર આ રીતે પણ કરી શકાય. પ્રગતિ કોને કહેવાય તેનો આ એક ઉત્તમ નમૂનો.

જો માતા-પિતાએ ગ્રાહક બનીને શાળાઓના સંચાલકોને ધીખતી કમાણી ન કરાવી હોત તો શિક્ષણની આટલી બૂરી વલે ના થઈ હોત. માતા-પિતા કેટલાં ગરજવાન હોય છે તેના દાખલાઓ આપીએ તો આખું પુસ્તક થાય. લાખો રૂપિયા ફી આપ્યા પછી સંતાનના એડમિશન માટે માતા-પિતા સંચાલકોને પગે લાગવાનું બાકી રાખતાં હોય છે. તેઓ આજીજી, વિનવણી, યાચના કરે. જાણે કે ભિક્ષા માગતાં હોય તે રીતે સંચાલકો પાસે એડમિશન માગે. આ સ્થિતિ દયનીય કહેવાય અને તેમાં દયા સરસ્વતીની નહીં, માતાપિતાની ખાવાની હોય.

ગુજરાત સરકાર હમણાં જાગી. અચાનક સરકારની દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ. સરકારે જોયું કે અરરર... ગુજરાતમાં શાળાઓના સંચાલકો નિર્દોષ અને બિચારી અને ગરીબ અને જરૂરિયાતમંદ અને લાચાર અને ગરજવાન પ્રજાને લૂંટી રહ્યા છે. શિક્ષણનાં ધામો ઉદ્યોગોમાં ફેરવાઈ ગયાં છે. આવું ના ચાલે. સરકારે કાયદો કર્યો : શાળાઓ નિયત કરેલી ફી જ લઈ શકશે. એનાથી વધારે ફી લેશે તો કાયદેસર કાર્યવાહી થશે. પૈસા કમાઈ કમાઈને મેદસ્વી થઈ ગયેલા શાળાના સંચાલકોના પેટનું પાણી પણ ના હલ્યું. વાલીઓમાં થોડીક હલચલ થઈ, પણ જે જાગૃતિ અને સક્રિયતા દેખાવાં જોઈએ તેમાંથી કશું જોવા ના મળ્યું. ખાઈ-બધેલી શાળાના સંચાલકોએ સરકાર કે વાલીઓ કોઈને ભાવ ના આપ્યો કે પોતાનો ભાવ ના ઘટાડ્યો. સરકારી રાહે બધું થયા કર્યું.

(અનુસંધાન પૃષ્ઠ ૨૬ ઉપર)

# ડો. આંબેડકર : સંઘર્ષમય અને કઠોર પરિશ્રમ દ્વારા માનવમૂલ્યોની કેળવણી

**પ્રવીણભાઈ કે. મકવાણા**

મુખ્યશિક્ષક શ્રી, આંગણકા પ્રાથમિક શાળા, તા. મહુવા, જિ. ભાવનગર.

"શિક્ષિત બનો, સંગઠિત બનો, અને સંઘર્ષ કરો." આ સૂત્ર આપનાર સમગ્ર વિશ્વના મહામાનવ એટલે ડૉ. ભીમરાવ બાબા સાહેબ આંબેડકર. તેમણે તા. ૧૧-૦૯-૧૯૩૮ રવિવારે પૂણે ખાતે યોજાયેલા વિદ્યાર્થી સંમેલનમાં આપેલ પ્રવચન આપણને સૌને કેળવણી વિષયક તેમના વિચારોથી પ્રેરણા આપે છે. આ કેળવણી વિષયક વિચારો આપણને ડૉ. ભીમરાવ આંબેડકરના વિદ્યાર્થી જીવનના અનુભવો, શિક્ષકો સાથેના અનુભવો, સમાજ જીવન અને વાલીઓના અનુભવો જાણવા મળે છે. ખાસ કરીને દલિત વિદ્યાર્થીઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ, વિચરતી-વિમુક્ત જાતિ આવા વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદીપ સમાન છે. આ કેળવણી વિષયક વિચારો વર્તમાન જગત માટે આજે પણ ખૂબ જ પ્રસ્તુત બને છે.

**પ્રસ્તાવના**

"મારું જીવન તો હાલમાં ગામડામાં વસતા અભણ અને જુલમ - અત્યાચારથી ત્રસ્ત થયેલા લોકોની ફરિયાદો સાંભળીને તેમનું સુખદ નિવારણ કરવાની ચિંતામાં પસાર થઈ રહ્યું છે. તેના કારણે વિદ્યાર્થી વર્ગ તરફ જોઈએ તેટલું ધ્યાન આપવાનો મને અવસર મળતો નથી. તેથી હું વિદ્યાર્થીઓ તરફ દુર્લક્ષ સેવી રહ્યો છું એવી વાત કેટલાક લોકો ફેલાવી રહ્યા છે. મારે મન સદાય વિદ્યાર્થીઓનું હિત સમાયેલું છે."

**પુસ્તકો મારે મન વ્યસન.**

કોઈપણ એક કાર્ય વ્યવસ્થિત રીતે પાર ના પાડવું અને બીજા અનેક કામોમાં હાથ નાંખવો યોગ્ય નથી. હું રાજકારણ - સમાજ કાર્યમાં પરોવાયો છું. છતાં આજીવન વિદ્યાર્થી જ છું. તેથી વિદ્યાર્થી જ વિદ્યાર્થીનો વિરોધી કેવી રીતે રહી શકે ? મારે જરૂરી અભ્યાસ માટે વારે ઘડીયે પુસ્તકો ખરીદવાનું દેવું છે. મારી શાખને કારણે મુંબઈની કોઈપણ પુસ્તકની દુકાનમાંથી હું પુસ્તક ઉધાર લાવી શકું છું. આંબેડકર પોતે જ લખે છે કે મારા તરફ અસ્પૃશ્યતા એટલી હતી કે મારી સાથે કોઈ વાત કરવા પણ તૈયાર ન હતું મને સારી કંપની જોઈતી હતી છેવટે મેં પુસ્તકોને મારા મિત્ર બનાવી દીધા. I used to leave the inn at about ten a.m. for the office, and return late at about eight in the evening, contriving to while away outside the inn as much time in the company of friends as I could. The idea of returning to the inn to spend the night therein was most terrifying to me, and I used to return to the inn only because I had no other place under the sky to go for rest. In this big hall on the first floor of the inn there were no fellow under the sky to go for rest. In this big hall on the first floor of the inn there were no fellow human beings to talk to. I was quite alone. The whole hall was enveloped in complete darkness. There were no electric lights, nor even oil lamps to relieve the darkness. The caretaker used to bring up for my use a small hurricane lamp. Its light could not extend beyond a few inches. આ દર્દ બાબાસાહેબનું હતું. મારા જ્ઞાન પ્રાપ્તિના કાર્યમાં કદી પણ વિક્ષેપ પડવા દેતો નથી. મારે મન વિદ્યાની ઉપાસના એ મારું બહું મોટું વ્યસન બની ગયું છે. વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી અવસ્થામાં કેમ વર્તવું તે બાબતમાં હું મારા સ્વાનુભવના આધારે કંઈક તો કહીશ. જે સમાજમાં છેલ્લા હજારો વરસો સુધી કોઈપણ જાતનું શિક્ષણ ન હતું. તે સમાજના પુષ્કળ લોકો હમણાં હમણાં યુનિવર્સિટીની પદવી લઈને બહાર આવતા જોઈને કોને સંતોષ ના થાય ? પહેલા તો આપણા સમાજમાંથી બી.એ. ની પદવી મેળવનાર નામ મળતા જ ન હતા. થોડાંક વર્ષ પહેલાં કૃષ્ણા જિલ્લામાં આપણા સમાજની એક વ્યક્તિ પ્રથમ બી.એ. પાસ થઈ હતી. તેના

કારણે તે માણસ એટલી બધી પ્રસિદ્ધિ પામ્યો કે તેનું નામ માત્ર લખીને કાગળ લખી બી.એ. લખો એટલે ટપાલી તેને પત્ર પહોંચાડી દેતો. એટલું બી.એ. લખવાથી સમાજમાં તે જાણીતો બની જતો, પણ જો રમૂજમાં કહેવું હોય તો એમ કહી શકાય કે અત્યારે અહીં હાજર રહેલા લોકો વચ્ચે જો કાંકરી ફેંકવામાં આવે તો બી.એ. પાસ થયેલાને જ વાગશે.

**શ્રેષ્ઠ બનવાનો પ્રયત્ન કરો.**

આજના જીવનસંઘર્ષની લડાઈમાં આગળ વધેલા લોકો કરતાં આપણે જો પાછા પડીશું તો આપણી સુરક્ષા નહીં રહે, કારણ કે આજે વિવિધ સ્થાન પર આગળ પડતા લોકો જ બેઠા છે. માત્ર બી.એ. પાસ થવાથી તમને નોકરી મળશે નહીં. માત્ર બુદ્ધિનો પ્રભાવ પાડી સફળ થવાશે નહીં. તમે જે શિક્ષણ મેળવ્યું છે તેના મૂલ્યોથી નવ નિર્માણ કરવું પડશે. અભણ મા-બાપના પેટે જન્મ લઈને જો બી.એ. થાવ તો અભિમાન રાખશો નહિ. આપણી ફરજનું ભાન રાખીને ધગશથી ભણો. હું સૌપ્રથમ બૅરિસ્ટર થઈને આવ્યો ત્યારે મહારડા બૅરિસ્ટર એવું કહીને મને હીન ગણતા હતા. મેં મારી યોગ્યતા સાબિત કરીને તેમના મોઢા બંધ કરી દીધા હતા. જ્યારે આપણે સોનાના મૂલ્ય જેટલું કાર્ય કરીશું, ત્યારે ઈત્તર વર્ગના લોકો તે કાર્યને કથિરના મૂલ્ય જેટલું આંકશે. આપણે કોઈ પણ કાર્ય જ્યારે તેમના કરતા સો ઘણું સારું અને સાચું કરીશું ત્યારે તેમની બરાબરીમાં આપણી ગણતરી થશે. આ બધું કરવા સારું આપણામાં ભરપૂર આત્મવિશ્વાસ નિર્માણ કરવાની જરૂર છે.

**આત્મવિશ્વાસની શક્તિ**

આપણે આત્મવિશ્વાસ ગુમાવ્યા વગર કામ કરવું જોઈએ. જેમ કુસ્તી રમવા માટે અખાડામાં ઉતરેલો પહેલવાન જો સામાવાળા પહેલવાનની જાંઘ પર થાપ મારીને કરાતા હોંકારા પડકારાથી ગભરાઈ જાય તો તેનાથી કાંઈ જ ન થઈ શકે. હું જે કરીશ તે થઈને જ રહેવાનું છે. અર્થાત્ કે હું બધું આત્મવિશ્વાસથી કહેતો હોઉં છું. મારું આવું કહેવાથી કેટલાંક લોકો મને અહંકારી કહી મારી નિંદા કરતા હશે, પણ આ હું મારા આત્મવિશ્વાસને આધારે કહું છું. હું પણ તમારી જેમ એક મહારબાઈના પેટે જન્મ્યો છું. ગરીબીની દૃષ્ટિએ વિચારીએ તો આજના ગરીબોમાં યે ગરીબ વિદ્યાર્થી કરતા તે વખતે મને કોઈ સારી સગવડ અથવા ઈત્તર અનુકૂળતા નહોતી. મુંબઈના ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટની ચાલીમાં દસ ફૂટ લંબાઈ અને દસ ફૂટ પહોળાઈની એ ખોલીમાં મા-બાપ ભાઈઓ સાથે રહીને એક પૈસાનું ઘાસતેલ વાપરીને અભ્યાસ કર્યો છે. એટલું જ નહીં પણ અનેક અગવડો અને સંકટોનો સામનો કરીને જો હું આટલું કરી શક્યો હોય તો તમને આજે ઘણી સઘન સામગ્રી મળી છે. તમે તેનો ઉપયોગ કરી અશક્યને શક્ય બનાવો. કોઈ પણ માણસ સતત કઠોર પરિશ્રમ અને મહેનતથી પરાક્રમી અને બુદ્ધિશાળી બની શકે છે. હું જ્યારે વિદ્યાર્થી અવસ્થામાં ઈંગ્લેન્ડ હતો ત્યારે જે અભ્યાસક્રમ આઠ વરસે પૂરો થતો હતો તે અભ્યાસ મેં બે વર્ષ અને ત્રણ મહિનામાં સફળતાથી પૂરો કર્યો હતો. તેના માટે મારે રોજના ચોવીસ કલાકમાંથી અઢાર કલાક અભ્યાસ કરવો પડ્યો હતો. આજે પણ મારે ખુરશી પર રોજના વીસ કલાક કામ કરવું પડે છે. આજના યુવાનોને વ્યસનમાં ડુબેલા જોઉં છું ત્યારે નારાજ થાઉં છું. મને તો આ પાછલી ઉંમરે પણ કોઈ વ્યસન અભ્યાસ માટે કરવું જરૂરી લાગતું નથી. આત્મવિશ્વાસ એ એક દૈવી શક્તિ છે.

**કઠોર પરિશ્રમથી જ યશ મળે.**

માત્ર નવી પદવી મેળવવાથી જ્ઞાન કે અનુભવ મળતો નથી. પદવી એ કોઈ જ્ઞાન નથી. વિશ્વ વિદ્યાલયોની પદવીઓ અને બુદ્ધિમતાની વચ્ચે કોઈ સંબંધ નથી. જેમકે પંચમ જ્યોર્જ જ્યારે ૧૯૧૧ની સાલમાં હિન્દુસ્તાનમાં વિશ્વવિદ્યાલયોને લાખો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવી અને નિષ્ણાત પ્રોફેસરોને બોલાવીને કામ સોંપવામાં આવ્યું. જે લોકોએ એમ.એ. પાસ કર્યું હોય તેઓ જ આ વર્ગમાં હાજર રહી શકે. રામાનુજ નામનો ક્લાર્ક માત્ર મેટ્રિક પાસ હતો. તે મહિને વીસ રૂપિયા પગારથી નોકરી કરતો હતો. તેની પ્રબળ ઈચ્છા હોવાથી ગણિત નિષ્ણાત દ્વારા વ્યાખ્યાન માટે પરવાનગી આપવામાં આવી હતી. રામાનુજે તે પ્રોફેસરના પાંચ-છ વ્યાખ્યાન સાંભળી પોતાની નોટમાં

કંઈક લખતો હતો. આ જોઈ ગણિતના પ્રોફેસર ગુસ્સે થયા. કડક શબ્દોમાં ઠપકો આપ્યો. રામાનુજે સ્વસ્થતાથી કહ્યું, મહાશય આપ જે પ્રમેયો ભણાવી રહ્યા છો તે મેં મારી વિદ્યાર્થી અવસ્થામાં જ ઉકેલી નાખ્યા છે. મેં મારી નોટબુકમાં ઉકેલી નાખ્યા છે. જ્યારે આ મહાશય નોટબુક જૂએ છે ત્યારે અચરજમાં પડી જાય છે. આ મહાશય ખુદ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા વિભાગને પત્ર લખી જણાવે છે કે તમે આવા પારંગત વ્યક્તિને મહિને ૨૦ (વીસ) રૂપિયા પગાર આપી કારકૂન રાખો છો તે મોટું દુઃખ છે. ગણિતના આ પ્રોફેસર આગળ જતાં રામાનુજને વિલાયત લઈ ગયા. રામાનુજના અપ્રતિમ ગણિતના જ્ઞાનનો લાભ લેવા ભારે પગાર આપી વિદેશ લઈ ગયા અને પોતે આજીવન રામાનુજના વિદ્યાર્થી બની ગયા. આમ વિદ્યાર્થીએ સમજી લેવું જોઈએ કે આપણે બી.એ. પાસ થઈ ગયા એટલે આગળ ભણવાનું કશું બાકી રહેતું નથી એમ માનવું નહિ. સતત જ્ઞાન મેળવતા રહેવું જોઈએ.

**ચારિત્ર્યનું મહત્ત્વ**

માનવીમાં જો ચારિત્ર્ય, નૈતિકતા ન હોય તો પ્રાપ્ત કરેલી તમામ વિદ્યા ફોગટ જાય છે. વિદ્યા તલવારની ધાર જેવી છે પણ એનો સઘળો આધાર તેને ધારણ કરવાવાળા પર અવલંબિત છે. કારણ કે અભણ માણસ કોઈને છેતરતો નથી. કોઈને કેમ છેતરવા એની તેને સમજ પડતી નથી. આપણે ભણેલા-ગણેલા લોકો પાસે બીજાને છેતરવાની ચતુરાઈ કે યુક્તિ - પ્રયુક્તિ હોય છે. આમ ભણેલા વ્યક્તિમાં જો શીલતા સદાચાર હોય તો તે બીજા માણસ સાથે લબાડાઈ કે છેતરામણી કરી શકે નહિ. આમ માણસમાં નૈતિકતાનું મૂલ્ય શિક્ષણ ખૂબ જ મહત્ત્વનું છે. ભણેલા ગણેલા નૈતિકતાથી જીવન જીવે તે ખૂબ જ જરૂરી છે. વિદ્યાના શસ્ત્ર માટે શીલતા અને નૈતિકતા ખરો આધાર છે.

**વિદ્યાર્થીજીવન અને રાજકારણ**

વિદ્યાર્થીઓએ વિદ્યાનો ઉપયોગ માત્ર પોતાના પેટ ભરવા પૂરતો ન કરવો જોઈએ. સ્પૃશ્ય સમાજની સરખામણીએ તમારી મુશ્કેલીઓ ઘણી વધારે છે. તમારે ભણી-ગણીને પણ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. બધી રીતે તમારો માર્ગ કાંટાળો છે. કયા ઉપાયથી આ માર્ગ સહેલો બનાવી શકાય તે તમારે વિચારવું પડશે. આપણે બધાએ સંગઠન કરી એકતા ઉભી કરવી પડશે. સમાજમાં આ ભેદભાવની નગરીના કિલ્લામાં ક્યાંક તો તિરાડ પડ્યા વગર રહેવાની જ નથી. વિદ્યાર્થીઓએ વ્યક્તિગત સ્વાર્થ છોડી સંગઠન ઉભું કરવું પડશે. વ્યક્તિગત સ્વાર્થ છોડી સમાજના હિતને ધ્યાને લેવું જોઈએ. જો આપણે એક થઈ કંઈક કરીશું તો આપણા સમાજ પર હજારો વર્ષોથી થતા જુલમ-અત્યાચારોનું નિવારણ થઈ શકશે. આપણે આપણા શીલ, શિસ્ત, સંગઠન દ્વારા સમાજની ઉન્નતિ કરવી જોઈએ.

**ઉપસંહાર**

ડૉ. આંબેડકરનું જીવન સમગ્ર ભારતમાં જ નહિ પણ વિશ્વના કરોડો દલિતો, પીડિતો, વંચિતો, શોષિતો માટે દિપક સમાન છે. તેમના વિચારો સમાજને વિકાસના માર્ગે લઈ જાય છે. કેળવણીની કેડીએ આંબેડકરનું જીવન અને વિચારો શ્રેષ્ઠત્તમ માનવમૂલ્યોને ઉજાગર કરે છે.

ડૉ. આંબેડકરજીના જીવન અને કવન માટે કવિ કુતુબ 'આઝાદ'ની કાવ્યપંક્તિઓ અર્પણ ..... હજો....

*ઉકેલે છે ઘણાં મહેનત કરી અઘરી સમસ્યાઓ,*
*ઘણાં જોતા રહે છે જિંદગીભર હસ્તરેખાઓ.*
*નથી પુરુષાર્થ કંઈ કરતાં, નથી કરતાં પ્રયાસો કંઈ,*
*કરી શકતાં નથી સાકાર તેઓ કોઈ સ્વપ્નાઓ.*
*હશે જો ધ્યેય લોખંડી તો મંઝિલ પણ મળી જશે,*
*ભલેને માર્ગમાં કોઈ કરે કંટક પથારાઓ.*
*કસોટીનાં સમય ટાણે પરાયા કામ નહિ આવે,*
*બધા છે સ્વાર્થનાં સાથી અમારા ને તમારાઓ.*
*પ્રભુને જ્યાંને ત્યાં શોધો નહીં દિલમાં વસે છે એ,*
*ધૂતારાઓ લઈ બેઠા છે ઈશ્વરનાં ઈજારાઓ.*
*કદી તૂફાનમાં મરશું તો સ્વાગત ભવ્ય થવાનું,*
*કિનારે લાશને મૂકી જાશે આવીને મોજાઓ.*
*પ્રવાહોને સમયનાં ઓળખી 'આઝાદ' જે ચાલે,*
*ગમે તે ક્ષેત્રમાં જઈને બને છે એ વિજેતાઓ.*



# પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય (સન્માન)

**પાલખીવાલા અમિતા મનુભાઈ** ભૂતપૂર્વ મ.શિ. અસારવા વિદ્યાલય

પરમવીર ચક્ર ભારતનું સર્વોચ્ચ સૈન્ય આભૂષણ છે. ભારત રત્ન પછી સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કાર પરમવીર ચક્રને માનવામાં આવે છે. આ કોઈ ચાંદીનો થાળ નથી. પરંતુ યુદ્ધ સમય દરમિયાન દુશ્મનોની ઉપસ્થિતિમાં જે શૂરવીરોએ ઉચ્ચ પ્રકારની શૂરવીરતા, ત્યાગ, અનોખી ઝડપ, અપ્રતિમ તાકાત, ધ્યાનાકર્ષક વીરતા, સાહસિકતા, બલિદાન, શૌર્ય, અભેદ્યતા, લેસર દૃષ્ટિકોણ, એક્સ-રે દૃષ્ટિકોણ સહિત અન્ય દૃષ્ટિકોણ દર્શાવ્યા છે; જેમણે મા-ભોમની રક્ષા અને સલામતી માટે પોતાનું સર્વસ્વ ન્યૌચ્છાવર કરી દીધું છે તેવા લોખંડી રત્નોને એનાયત કરવામાં આવતો આ ખિતાબ છે.

પરમવીર ચક્રને "Wheel of the ultimate Brave" તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતીય સેનાની ત્રણેય પાંખ-ભૂમિદળ, હવાઈદળ અને નૌકાદળના કોઈપણ અધિકારી કે કર્મચારી આ સન્માન મેળવવાને પાત્ર છે. મોટેભાગે મરણોપરાંત આપવામાં આવતું આ સન્માન માત્ર ૨૧ જ વીરોને પ્રાપ્ત થયું છે. જેમાંથી ભારતીય ભૂમિસેનાને વીસ વખત અને ભારતીય વાયુસેનાને એક વાર પરમવીર ચક્ર એનાયત કરીને સન્માન કરવામાં આવ્યું છે. નૌકાદળની કોઈપણ વ્યક્તિ હજુ સુધી આ આભૂષણથી સન્માનિત થઈ નથી. આ ખિતાબ મરણોપરાંત છે, કારણ કે આપણા બહાદુર જવાનો વારંવાર દેશ માટે પોતાનું જીવન કુરબાન કરી દે છે. જો કે ભૂમિસેનાના યોગેનુંસિંધ યાદવ, નાયબ સુબેદાર બનાસીંગ અને સંજયકુમાર એકમાત્ર ફરજ પરના સક્રિય પરમવીર ચક્ર ગ્રહણ કરનાર છે.

ભારત જ્યારે બ્રિટિશ સેનાની હકૂમત હેઠળ કાર્યરત હતો ત્યારે સેનાનું સર્વોચ્ચ સન્માન વિક્ટોરિયા ક્રોસ હતું. પરંતુ આઝાદી બાદ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારત પ્રજાસત્તાક દેશ ઘોષિત થયો ત્યારે પ્રેસિડન્ટ ઑફ ઈન્ડિયા દ્વારા આ પુરસ્કારની સ્થાપના કરવામાં આવી, પણ તેની અસર ૧૫ ઑગસ્ટ ૧૯૪૭થી આપવામાં આવી.

આ પુરસ્કાર દ્વારા લેફ્ટનન્ટ કે એનાથી ઓછી પદવી ધરાવનાર સૈન્યના કર્મચારીને કે તેની વિધવા પત્નીને મૃત્યુ સુધી અથવા તો તે પુનર્વિવાહ ના કરે ત્યાં સુધી આપવામાં આવે છે. અને જો વિધવાનું મૃત્યુ થાય તો આ પુરસ્કાર તેના પુત્રને અથવા અવિવાહિત પુત્રીને આપવામાં આવે છે. અને જો પુરસ્કૃત વ્યક્તિ કુંવારી હોય તો તેની શહીદીથી આ પુરસ્કાર તેના માતા અથવા પિતાને આપવામાં આવે છે અને પ્રાપ્ય પુરસ્કાર, પેન્શન કે રોકડ રકમના લાભોને ઈન્કમટેક્ષમાંથી મુક્તિ આપવામાં આવે છે.

પરમવીર ચક્રથી વિભૂષિત વ્યક્તિને માસિક ૧૦,૦૦૦ રૂપિયાનું સ્ટાયપેન્ડ આપવામાં આવે છે. જો કે દેશના ઘણાં રાજ્યોની સરકાર આ ઈલ્કાબ ગ્રહણ કરનાર વ્યક્તિની કદરદાની રૂપે ઈનામ આપવામાં કેન્દ્ર સરકાર કરતાં પણ વધુ શ્રેષ્ઠ પુરવાર થઈ છે.

રશિયન પિતા અને હંગેરિયન માતાની સ્વીત્ઝર્લેન્ડમાં જન્મેલી દીકરી ઈવા લીન્ડા દ્વારા પરમવીર ચક્રની કૃતિ

ઘડવામાં આવી હતી. ઈવા લીન્ડા જ્યારે ભારત આવ્યા ત્યારે સૈન્યના મેજર જનરલ વિક્રમ ખામોલકર સાથે લગ્નગ્રંથીથી જોડાઈને સાવિત્રીબાઈ ખામોલકર નામ ધારણ કર્યું.

હિન્દુ પૌરાણિક કથામાંથી પ્રેરણા લઈને સાવિત્રીબાઈએ પરમવીર ચક્રની કૃતિ તૈયાર કરી. આ કૃતિનો પ્રધાન સૂર મહર્ષિ દધિચી ઋષિના બલિદાન અને માનવસેવાના ભાવોનો રહ્યો. અસૂરોનો વિનાશ કરી, સૃષ્ટિમાં ચારેબાજુ શાંતિ પ્રસ્થાપિત કરવા તથા દેવતાઓની પ્રાણરક્ષા માટે ભય અને ચિંતાથી મુક્ત ઋષિ દધિચીએ આંખો બંધ કરી યોગબળ દ્વારા પોતાના પ્રાણોને શરીરથી અલગ કરી નિર્જીવ બનીને પોતાના હાડકાનું દેવરાજ ઈન્દ્રને દાન કર્યું. જે હાડકામાંથી ઈન્દ્રનું ખૂબ જ શક્તિશાળી વજ્ર બન્યું. જેના પ્રહારથી વૃત્રાસુરનો સંહાર થયો, અસૂરોની હાર થઈ અને દેવતાઓની જીત થઈ.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ તુર્તજ સૈન્યનાં સેનાપતિના મદદગાર અધિકારી જનરલ મેજર હીરાલાલ અટલે સાવિત્રીબાઈને ભારતના આ સર્વોચ્ચ શૌર્ય ચંદ્રકની કૃતિ તૈયાર કરવા માટે પસંદ કર્યા. તેમને આશા હતી કે હિંદુ, પૌરાણિક કથાઓ, સંસ્કૃત તથા વેદોના પ્રખર અભ્યાસી ઉપરાંત ચિત્રકાર તથા કલાકાર સાવિત્રીબાઈ આ યુદ્ધ શૌર્ય ચંદ્રકની કારીગરીમાં પોતાનું કૌશલ્ય દર્શાવી શકશે અને જનરલ મેજરની એ આશા ફળીભૂત પણ થઈ.

બ્રોન્ઝમાંથી બનેલ આ ગોળ ચંદ્રક ૩.૪૯ સે.મી.નો વ્યાસ ધરાવે છે. ચંદ્રકની આગળની બાજુએ મધ્યમાં રાજ્યના ચાર સિંહોનું પ્રતીક છે અને તેની પડખે પરાક્રમી અને નીડર યોદ્ધા શિવાજીની તલવાર 'ભવાની'ના ચિન્હ સાથે ઈન્દ્રના શક્તિશાળી શસ્ત્ર વ્રજની ચાર પ્રતિકૃતિઓ દર્શાવેલ છે. ચંદ્રકની પાછળની બાજુએ બે કમળના ફૂલો સાથે હિન્દી અને અંગ્રેજી એમ બંને ભાષામાં પરમવીર ચક્ર ઉત્કીર્ણ કરવામાં આવ્યા છે. આ ચંદ્રકને ૧.૩ ઈંચ લાંબી જાંબલી રંગની રીબન સાથે એક સીધી ભમરકડીમાંથી પસાર કરીને લટકાવવામાં આવે છે.

જેવી રીતે કોઈ ડૉક્ટર કે વ્યક્તિ પોતાના નામની આગળ Dr. કે Mr. નું ટૂંકુંરૂપ લખી શકે છે, તેવી જ રીતે આ ચંદ્રકથી પુરસ્કૃત વ્યક્તિ પોતાના નામની પાછળ PVC લખી શકે છે.

આજે પરમવીર ચક્ર વિજેતા જોજર ધનસિંહ થાપાની શૌર્ય ગાથાને અહીં આલેખવાનો પ્રયાસ કર્યો છે.

લેફ્ટનન્ટ કર્નલ ધનસિંહ થાપા પરમવીર ચક્ર; ૧/૮ ગોરખા રાયફલ્સ.

ઈ.સ. ૧૯૬૨નું ચીન સાથેનું યુદ્ધ એ ભારતીય ઇતિહાસમાંના માત્ર એક અતિ વેદનાકારી અને દુઃખદ પ્રકરણ રહ્યું છે; પરંતુ તેણે કેટલાંક ભારતીય લશ્કરી સૈનિકોની વીરત્વપૂર્ણ ગાથાઓ પણ આપણને આપી છે.

૧૦ જૂન ૧૯૨૮માં શિમલામાં જન્મેલા ધનસિંહ થાપાએ ઑગસ્ટ ૧૯૪૯માં ભારતીય સેનામાં ૮મા ગોરખા રાયફલ્સમાં કમિશન અધિકારીના રૂપમાં પોતાની સેવાઓ આપવાની શરૂઆત કરી. ચીનના યુદ્ધ દરમિયાન ધનસિંહ થાપાએ ખૂબ મહત્ત્વપૂર્ણ કામગીરી બજાવી.

૧૨ ઑક્ટોબર ૧૯૬૨માં સિરીજાપ ૧ નામની સૈન્ય ચોકી પર થાપાએ ચીની સૈન્ય સાથે જોરદાર યુદ્ધ લડ્યું. જેમાં ચીની સૈન્યની પીછેહઠ થઈ. પ્રથમ હુમલાની પીછેહઠથી ૨૦ ઑક્ટોબર ૧૯૬૨માં લગભગ સવારે ૬ વાગ્યે ચીની સૈનિકોએ વધુ શક્તિશાળી બનીને ભારે મોટી તોપો દ્વારા કાશ્મીરના લદાખ્ જિલ્લામાં સિરીજાપ ઘાટી પર ઓચિંતો અને પ્રબળ હુમલો કરી દીધો. લદાખની ઉત્તર સીમા પર પેંન્ગોગ (pengong) સરોવરની પાસે ચૂશુલ હવાઈ મથકને ચીની સેનાથી બચાવવા માટે સિરીજાપ ઘાટીમાં ૧/૮ ગોરખા રાયફલનું નેતૃત્વ સંભાળતા ધનસિંહ થાપાએ ચીની આક્રમણખોરોને પાછળ ધકેલવાનું કામ શરૂ કર્યું. સંરક્ષણની દૃષ્ટિએ અતિ આવશ્યક ગણાતા આ વિસ્તારની વ્યૂહાત્મક અગત્યત્તાને ધ્યાનમાં રાખીને થાપાએ ચીની આક્રમણખોર સેનાનો બહાદુરીથી સામનો કર્યો. બંને બાજુથી લગભગ અઢી કલાક સુધી ગોળાબાજી ચાલતી રહી. આ હુમલામાં ભારતના સંદેશાવ્યવહારની સેવાઓ બહુ

ખરાબ રીતે નષ્ટ થઈ ગઈ. ભારતીય સૈન્ય ચોકી બરબાદ થઈ ગઈ. અનેક જવાનો શહીદ થઈ ગયા. આ સંજોગોમાં ચીને અધિક સૈન્યબળ સાથે રિજાંગલલા પર પણ આક્રમણ કરી દીધું. પરંતુ લેફ્ટનન્ટ કર્નલ ધનસિંહ થાપા તેમની બર્ટલ્યનના સૈનિકોને મોતનો ભય રાખ્યા વિના વળતો હુમલો કરવાની હિંમત અને પ્રેરણા આપતા રહ્યાં. આથી જ ઓછું સંખ્યાબળ હોવા છતાં પણ તેમની બર્ટલ્યને અપ્રતિમ બહાદુરી, ધૈર્ય અને હિંમતથી તેમની ચોકી ઉપરની ચીની સેનાને ભારે નુકસાન પહોંચાડવાની સાથે મારી હકાવ્યા. એટલું જ નહીં પણ ભારતીય સૈનિકોએ ચીનના પ્રદેશમાં ક્રમિક પ્રસારણ પણ કર્યું અને આ સાથે ચીનના આક્રમણને નિષ્ફળ બનાવી દીધું.

બબ્બે વારની નિષ્ફળતા પછી ચીન ફરીથી ટૂંકસમયમાં જ ઓચિંતો પ્રબળ હુમલો કરશે જ એવી દીર્ઘદષ્ટિથી લેફ્ટનન્ટ કર્નલ થાપા પોતાની બર્ટલિયનના સૈનિકોને સાવધાની રાખવા તથા માનસિક રીતે તૈયાર રહેવા સૂચવતાં જ રહ્યા અને આખરે એ વાત તથ્ય પણ સાબિત થઈ. પાયદળની વિશાળ શક્તિ અને વિપુલ પ્રમાણમાં લડાયક ટેન્કો સાથે ચીની આક્રમણખોરોએ ત્રીજો હુમલો કર્યો, જે અતિ શક્તિશાળી અને સચોટ પુરવાર થયો.

એક તો પહેલા બે આક્રમણોએ ભારતીય સૈનિકોની સંખ્યા પર વિપરીત અસર કરી જ દીધી હતી. છતાં પણ ૮ ગોરખા રાયફલ્સ પલટન યુદ્ધ સામગ્રી ખલાસ થાય ત્યાં સુધી યુદ્ધભૂમિ પર અડગ રહ્યાં. અને અંતમાં જ્યારે અધિક સંખ્યામાં દુશ્મનો એમની ચોકી ઉપર તૂટી પડ્યા ત્યારે લેફ્ટનન્ટ કર્નલ ધનસિંહ થાપા જમીનમાં ખોદેલી લાંબી સાંકડી ખાઈમાંથી (trench) બહાર કૂદી પડ્યા અને હાથાપાઈની લડાઈમાં જ્યાં સુધી ચીની સૈનિકો દ્વારા તેઓ બંદી ના થયા ત્યાં સુધી અનેક ચીની સૈનિકોને મોતને ઘાટ ઉતારતાં રહ્યાં.

જો કે ધનસિંહ થાપા ચીની યુદ્ધ બંદી શિબિરમાંથી ભાગવામાં સફળ રહ્યાં. અનેક દિવસો સુધી પહાડિયોમાં ભટકીને છેવટે થાપા ભારતીય સીમાક્ષેત્રમાં પ્રવેશ્યા અને ભારતીય ચોકી સુધી પહોંચ્યા. ઘાયલ અવસ્થામાં હોવા છતાં પણ તેમની ખુમારીએ અન્ય ભારતીય જવાનોમાં પણ નવા ઉત્સાહનો સંચાર કર્યો. આ ઘટનાએ ન તો માત્ર ચીની સૈન્યનું મનોબળ ઘટાડ્યું પણ ભારતીય સૈનિકોની નિર્ભયતાનો પણ દુનિયાભરને સંદેશ પાઠવ્યો.

શાન તેરી કભી કમ ના હો....

આન તેરી કભી કમ ના હો....

એ વતન.... મેરે વતન..... અન્ય વીરોની જેમ ભારતમાતાના આ વીર સપૂતનું એક જ સૂત્ર હતું...

Nation First, Nation Last.

ભારતીય સેનાની સર્વોત્તમ પરંપરાને અનુસરતા લેફ્ટનનટ કર્નલ ધનસિંહ થાપાને યુદ્ધમાં અભૂતપૂર્વ સાહસ, વીરતા, વિશુદ્ધ યુધ્ધ કૌશલ, આશ્ચર્યકારક હિંમત અને પ્રેરણાદાયી નેતૃત્વ માટે સર્વોચ્ચ યુદ્ધ સન્માન 'પરમવીર ચક્ર'થી સન્માનિત કરવામાં આવ્યા. આ ઘટના પછી પણ થાપાએ ભારતીય સેનાને પોતાની સેવાઓ આપી અને લેફ્ટનન્ટ કર્નલના પદથી નિવૃત્ત થયા. ઘણાં વર્ષો સુધી સહારા ઈન્ડિયા પરિવારના તેઓ સદ્સ્ય પણ રહ્યાં. અને ૬ સપ્ટેમબર ૨૦૦૫ના રોજ આ વીર ગોરખા સપૂતે પોતાના અંતિમ શ્વાસ લીધાં. પોતાના સંતુલિત અને શૌર્યસભર જીવનદ્વારા આ ગોરખા નાયકે ભારત દેશમાં અતુલ્ય યોગદાન આપ્યું. આ જાંબાઝ કર્નલની બહાદુરીને બિરદાવતા ભારતીય નૌવહન નિગમે પોતાની 'શીપ' નું નામ મેજર ધનસિંહ થાપા PVC (Param Vir Chakra) આપ્યું છે.

ધીરજ, દઢતા, હિંમત, તરલબુદ્ધિ તથા સિંહસમુ કાળજુ ધરાવનાર અને બહાદુરીની મિશાલ જેવા લેફ્ટનન્ટ કર્નલ ધનસિંહ થાપાએ ભારતીય સૈનિકોમાં અનોખી પ્રેરણા પૂરી પાડીને ગોરખા રેજિમેન્ટના ઈતિહાસમાં પોતાનું નામ સદાય માટે સુવર્ણ અક્ષરે કોતરાવ્યું છે.

ભારતમાતાના આ વીર સપૂતને કોટિ કોટિ પ્રણામ.

જય હિન્દ.

# પ્રત્યેક ભારતીયને ડો. એ. પી. જે. અબ્દુલકલામનો પત્ર

તમે કહો છો કે આપણી સરકાર અસરકારક નથી

તમે કહો છો કે આપણા કાયદાઓ ખૂબ જૂના છે

તમે કહો છો કે મ્યુનિ. કચરો ઉઠાવતી નથી...

તમે કહો છો કે ફોન કામ કરતો નથી, રેલ્વેતંત્ર મજાક છે.

આખા વિશ્વમાં આપણી હવાઈ સેવાઓ સૌથી વધુ ખરાબ છે. પત્રો ક્યારેય સાચી જગાએ પહોંચતા નથી.

આખો દેશ ખાડે ગયો છે.

તમે કહો છો, કહો છો કહો છો

તમે દેશ માટે શું કર્યું ? સમસ્યાઓ વિશે શું કર્યું ?

એક વ્યક્તિ લઈ લો, જે સિંગાપોર જાય છે. તેને તમે તમારું નામ અને ચહેરો આપો. જેવા તમે સિંગાપોરના હવાઈ અડ્ડાની બહાર નીકળો છો, તે જ ક્ષણે તમે એક સારી આંતરરાષ્ટ્રીય કક્ષાની વ્યક્તિ બની જાઓ છો. તમારો વ્યવહાર ઉત્તમ બની જાય છે. સિંગાપોરના રસ્તા પર તમે સિગારેટના ઠુંઠા ફેંકી શકતા નથી કે કોઈપણ દુકાનમાં ખાઈ શકતા નથી. તેમના ભૂગર્ભ માર્ગોનો ઉપયોગ કરવામાં તમે ગર્વ મહેસૂસ કરો છો. તમે ત્યાંના orchard રોડના સાંજના ૫ થી ૮ સમય દરમ્યાનના વાહન હંકારવાના ૬૦ રૂ. ચૂકવો છો. જો તમે ત્યાંની નક્કી કરેલ સમય મર્યાદા કરતા વધુ રેસ્ટોરન્ટમાં કે શોપિંગ મોલમાં રોકાવ છો, તો ચૂપચાપ પાર્કિંગ પ્લોટમાં આવી પાર્કિંગ ટિકિટ ફડાવો છો ત્યારે તમને તમારું 'સ્ટેટ્સ' યાદ આવતું નથી. સિંગાપોરમાં તમે આ બધા માટે કંઈજ કહેતા નથી. ખરું ને ? દુબઈમાં 'રમઝાન' દરમ્યાન જાહેરમાં ખાવાની હિંમત કરી શકતા નથી. જેહાદમાં માથાને ઢાંક્યા વિના તમે ફરવાની હિંમત કરી શકતા નથી. લંડનમાં ટેલિફોન એક્ષચેન્જના કર્મચારીને પૈસા આપીને પોતાના STD અને ISD કોલ્સ બીજા વ્યક્તિના ખાતામાં નાંખી દેજો એવું કહેવાની, ખરીદવાની હિંમત કરી શકતા નથી. વોશિંગ્ટનના રોડ પર પ્રતિ કલાક ૮૮કિ.મી. ની મર્યાદાનો ભંગ કરીને ત્યાંની ટ્રાફિક પોલીસને તમે કહી શકતાં નથી કે હું કોણ છું ? તું મને ઓળખે છે ? હું આ છું અને ફલાણાનો છોકરો કે છોકરી છું. તમે તમારો વિરોધ તમારી પાસે રાખો છો અને ભૂલી જાવ છો. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડના દરિયાકિનારે ટહેલતા ટહેલતા નાળિયેરના ખાલી કોયલા કચરાપેટી સિવાય ગમે ત્યાં નાંખી શકતા નથી. ટોકિયોની ગલીઓમાં તમે પાનની પિચકારી કેમ નથી મારતા ? બૉસ્ટનમાં પરીક્ષાઓમાં ધોકાદડી કરી ખોટા પ્રમાણપત્રો કેમ નથી મેળવી શકતા ? આ તો બહુ શરમની વાત છે તેમ કહીએ છીએ. તમે વિદેશોમાં તેમની સિસ્ટમના વખાણ કરો છો, માન્યતા આપો છો પણ એ જ બાબતોને તમે પોતાના દેશમાં માન આપતા નથી, જેવા તમે ભારતીય ભૂમિ પર પગ મૂકો છો કે કાગળના ટૂકડા અને સિગારેટને આમતેમ ગમે ત્યાં ફેંકો છો. જો તમારી વર્તણૂક બીજા દેશોમાં ખૂબ સારી હોય છે તો પોતાના દેશમાં કેમ નહિ ? અમેરિકામાં કૂતરાનો માલિક પોતાના પાલતૂને રસ્તામાં ફરવા લઈ જાય અને તેની ક્રિયા પૂર્ણ થયા બાદ તે જગાની સફાઈ કરી નાંખે તેવું જ જાપાનમાં છે. ભારતીય નાગરિક તરીકે તેવું આપણે કરીએ છીએ ? આપણે મતદાન મથકો પર જઈએ છીએ સરકાર પસંદ કરીએ છીએ અને પછી બધી જ જવાબદારીઓ તેના પર ઢોળી દઈએ છીએ. આપણે ફક્ત બેસીને ઈચ્છીએ છીએ કે સરકાર આપણી આળપંપાળ કરે, આપણી બધી જ જવાબદારીઓ પૂરી કરે ભલે આપણો

ફાળો શૂન્ય કે નકારાત્મક હોય. સરકાર સ્વચ્છતા જાળવે તેવું આપણે ઈચ્છીએ છીએ પરંતુ કચરો કચરાપેટીમાં નાંખવો કે આપણી આસપાસ પડેલ કાગળના ટુકડા ઉઠાવી લેવા તેવું આપણને સૂઝતું નથી. આપણે ઈચ્છીએ છીએ કે રેલ્વેતંત્ર ચોખ્ખાં શૌચાલયો ઉપલબ્ધ કરાવે પરંતુ આપણે શૌચાલયો વાપરવાની યોગ્ય રીતો શીખવા માંગતા નથી. આપણે ઈચ્છીએ છીએ કે હવાઈ સેવાઓ આપણને ઉત્તમ ખોરાક તથા અન્ય વ્યવસ્થાઓ પૂરી પાડે પણ તક મળે આપણે વસ્તુને લઈને સંતાડવાનું ચૂકતાં નથી.

જ્યારે આપણી પાસે કેટલાક સળગતા પ્રશ્નો આવે છે જેમ કે, તે સ્ત્રીઓ વિશે, દહેજ વિશે, છોકરીઓ વિશે અને બીજા એવા કેટલાક... ત્યારે આપણે આપણા ડ્રોઈંગરૂમમાં બેસીને બટાટા પાડીને તેનો વિરોધ કરીએ છીએ જ્યારે ઘરમાં તો તેનાથી ઊંધું જ ચિત્ર દેખાતું હોય છે. પાછો આપણો તર્ક કેવો ? આખી પ્રથાને બદલાવું જોઈએ, બદલવાની જરૂર છે, પણ દહેજ પ્રશ્ને મારો એકલતાનો દીકરો દહેજ ના લે, તો શું ફરક પડવાનો છે ? કોઈ પ્રથા બદલાવાની નથી તો પછી આ (પ્રથાને) કોણ બદલશે ?

આપણી સિસ્ટમ પ્રથામાં કોનો સમાવેશ થાય છે ? આપણા માટે તે કહેવું અનુકૂળ રહે છે કે સિસ્ટમમાં આપણા પડોશીઓ, અન્ય લોકો, શહેરો, સમાજો, સરકાર ચોક્કસપણે હું કે તમે નહિ. સિસ્ટમના બદલાવ માટે જ્યારે કોઈક સમય એવો આવે છે જેમાં આપણે આપણું હકારાત્મક યોગદાન આપી શકીએ છીએ ત્યારે આપણે આપણી જાતને આપણા કુટુંબ સાથે સાંકળીને એક માન્યતામાં બંધ કરી દઈએ છીએ અને સલામત રહેવાના ઉપાયો શોધીએ છીએ અને ઈચ્છીએ છીએ અને સલામત રહેવાના ઉપાયો શોધીએ છીએ અને ઈચ્છીએ છીએ કે મોકો મળે તો આ દેશથી દૂર જતા રહીએ. આપણે એવા કોઈ ''મિસ્ટર સ્વચ્છ''ની રાહ જોઈએ છીએ જે આવશે અને પોતાના ચમત્કારીક ઝાડુથી બધી જ ગંદગી સાફ કરી નાંખશે.

આપણી ડરપોક વૃત્તિથી પીછો છોડાવવા આપણે અમેરિકા તરફ દોટ મૂકીએ છીએ અને તેના ઝગમગાટનો આનંદ લઈ તેની પ્રથાના વખાણ કરીએ છીએ. જ્યારે ન્યૂયોર્ક અસલામત લાગવા લાગે છે ત્યારે ઈંગ્લેન્ડ તરફ દોટ મૂકીએ છીએ. જ્યારે ઈંગ્લેન્ડમાં બેરોજગારીનો સામનો કરીએ છીએ, ત્યારે આપણે અખાતી દેશોની ઉડાન ભરીએ છીએ. જ્યારે આપણે અખાતી દેશોના યુદ્ધમાં ફસાઈ જઈએ છીએ ત્યારે આપણે શરણાર્થી તરીકે ભારતીય સરકાર પાસે દેશમાં પાછા આવવાની માંગણી કરીએ છીએ. કોઈ પણ પોતાના દેશની પ્રથાને સુધારવામાં ફાળો આપવાની વિચારણા કરતું નથી. દરેક જણ દેશનું શોષણ કરી તેને નુકસાન પહોંચાડે છે આપણો અંતરાત્મા પૈસાનો ગુલામ બની ચુક્યો છે.

વ્હાલા ભારતીયો, આ લેખમાં ઊંડા તર્ક આધારિત વિચારો રજૂ કરેલ છે જે એક મોટા પાપે આત્મ-નિરીક્ષણ માંગી લે છે અને વ્યક્તિના ઝમીરને ઢંઢોળે છે. જે. એફ. કેનેડીના શબ્દો જે તેણે પોતાના અમેરિકનો માટે કહ્યા હતા તેને ભારતીય સાથે સાંકળીને ફરીથી તે શબ્દોનું ગુંજન કરી રહ્યો છું.

''ભારત માટે આપણે શું કરી શકીએ છીએ તે પૂછો, આજે અમેરિકા અને બીજા પશ્ચિમી દેશોએ જે શ્રેષ્ઠતા હાંસલ કરી છે તેવું ભારત બને તે માટે આપણે શું કર્યું તે પૂછો.''

ચાલો, ભારતને શ્રેષ્ઠ બનાવવા માટે જેની જરૂર છે તે આપણા તરફથી કરીએ.

આભાર.

# મા - મારે તારા ખાળોમાં રમવું છે

**શાહ ચૈતાલી હિરલભાઈ**

૫૦૪, સમત્વ ફ્લેટ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ.
મો.: ૮૪૦૧૧૮૪૧૦૯

આ સૃષ્ટિનું સુંદર સર્જન એટલે સ્ત્રી. ઈશ્વરે જ્યારે પોતાના બાળકનું ખાસ રીતે ધ્યાન રાખવાનું વિચાર્યું તો તેમાંથી થયું સ્ત્રીનું સર્જન. જ્યારે ભગવાનને એમ લાગ્યું કે આ સૃષ્ટિની સંભાળ રાખવા મારા જેવું સામર્થ્ય હોય, તેવું સર્જન કરું તો થયું સ્ત્રીનું અવતરણ.

આજે ઈશ્વરે કરેલા ભરોસા પર સ્ત્રી ખરી ઉતરી છે. તેને પોતાની શક્તિનો પરચો આ સૃષ્ટિને આપી દીધો છે, અને ધરતીથી અંતરીક્ષ સુધીની દોડમાં તે સંપૂર્ણ રીતે ખરી ઉતરી છે.

અનેક સિદ્ધિઓ વચ્ચે પણ એકાદ વસ્તુ નબળી હોય શકે છે. અને તેના માટે સમય, ઈતિહાસ અને સંજોગ બળવાન હોય છે. ધીમે ધીમે તે વિષય દઢ થયો હોય અને પછી નબળાઈ બનતો જાય છે. રૂઢિગત રીતે પોતાનો થોપાતો જાય અને વિકટ સમસ્યા બની રહે.

આપણા દેશમાં શક્તિ પૂજા, કુમારી પુજાને સૌભાગ્યવતી પૂજા થાય છે. સ્ત્રીઓ વિદ્વતા, સાહસ, શક્તિ, શૌર્ય, દૂરદર્શિતા, નીતિ, ધર્મ, સાધના, આત્મોન્નતિ, આદિ પરાક્રમોમાં પોતપોતાની રીતે જાજવલ્યમાન છે. વખતોવખત એવા ચમત્કારો કરી બતાવ્યા છે. જે કોઈને આશ્ચર્યમાં પડી જવાય.

આમ છતાં હજુ સ્ત્રીએ પોતાની જાતિને સ્વીકારવામાં ઘણું કષ્ટ થાય છે. અને એટલે જ સ્ત્રી ભ્રૂણ - હત્યાનું પ્રમાણ વધ્યું છે. આજના આધુનિક યુગમાં ફક્ત ગામડાઓમાં જ નહિ પણ શહેરોમાં રહેતી અત્યંત આધુનિક જીવનશૈલી અપનાવતી ભણેલી. ગણેલી બહેનો પણ પુત્ર-જન્મને પ્રાધાન્ય આપે છે.

પહેલાના વખતમાં દીકરીનો જન્મ થાય પછી તેને ''દૂધ પીતી'' કરવાનો રિવાજ હતો. પણ ત્યારે બાળકીનો ચહેરો જોઈ ક્યારેક માતા-પિતા કે સગાસ્નેહી પીગળી જતાં અને બાળકીને જીવન મળી જતું.

અત્યારે કહેવાતો સુધરેલ સમાજ તો ગર્ભમાં જ બાળકીને દફન કરી દે છે. આ ધરતી પર તેનું અવતરણ પ્રશ્નાર્થ થઈને રહી જાય છે.

સરકાર ભ્રૂણ હત્યાનો કાયદો કરે છે અને સમાજ તેને ઘોળીને પી જાય છે. ડૉક્ટર રૂપિયા કમાવાનો રસ્તો કરી લે છે.

શા માટે સરકાર, સમાજ કે ડૉક્ટરને તેના માટે જવાબદાર ગણવા ? શું તેમાં સ્ત્રીની ભૂમિકા અગત્યની નથી ?

સ્ત્રીએ પોતાની જાતને માનસિક રીતે તૈયાર કરવી પડશે. આજના યુગમાં એ સ્વીકારવું જ રહ્યું કે સ્ત્રી કોઈપણ રીતે પાછળ નથી, કમજોર નથી, પુત્રી-પુત્રની બધી રીતે સરખામણી કરી શકે છે.

શું પુત્રની પ્રસવપીડા ઓછી હોય છે, પુત્રી પ્રસવ કરતાં? શું પુત્રના ઉછેરમાં ઓછી તકલીફ હોય છે. પુત્રી ઉછેર કરતાં?

હા, પુત્ર જન્મથી કદાચ એટલા માટે પ્રતિક્ષા થતી હશે કે પ્રયત્ન થતો હશે કે ઘડપણમાં સાથ મળી રહે. પણ માતા (સ્ત્રી નહિ) જો એમ વિચારે કે આ બાળક (પુત્ર કે પુત્રી) જ્યારે નાનું હોય છે ત્યારે પલે પલે કેટલી બધી ખુશીઓ આપી હોય છે. જીવન હર્યું ભર્યું કરી દીધું હોય છે. શું એક માતાને તેના બાળક તરફથી મળતી ખુશીની કોઈ કિંમત હોઈ શકે ? ના, તે તો અણમોલ જ હોય. ફક્ત અનુભવી શકાય.

જતનપૂર્વક અંતઃકરણના ઊંડામાં ઊંડા ભાગમાં પ્રિયને સુંદર ''માતા''ને રાખો. કોઈ દૃષ્ટ વિચાર અંદર ન પેસવા દો. પ્રેમ, કોમળતાને ન્યાયને અભિવ્યક્ત કરવાના પ્રયાસો આ પૃથ્વી પર એક સરખા ચાલશે તો જરૂર શુભ પરિણામ મળશે. આ ઉચ્ચ ભાવનાને વળગી રહેવું જરૂરી છે.

કોઈપણ રાષ્ટ્રની પ્રગતિની સારામાં સારી પારાશીશી તે દેશની સ્ત્રીઓ પ્રત્યેની વર્તણૂકમાં રહેલી છે. મોટા ભાગે દરેક સ્ત્રીઓ ખૂબ જ આધ્યાત્મિક અને ઘણી ધાર્મિક છે. કદાચ જગતની કોઈપણ સ્ત્રીઓ કરતા ભારતીય સ્ત્રીઓ આ બાબતમાં મોખરે છે. આ સુંદર ગુણો જે આપણે જાળવી રાખી શકીએ ને સાથે સાથે બૌધિક વિકાસ સાધી શકીએ તો ભારતની કોઈપણ માતા ભ્રૂણ પરિક્ષણ કે ભ્રૂણ હત્યા માટે તૈયાર નહિ થાય.

# વિદ્યાર્થી આલમ

## અભ્યાસને પ્રેમ કરો

**જાદવ મિતાલી વી.**
જે. એન. બાલિકા વિદ્યાલય, ધો.૧૦

અહીં એક વાર્તા છે. જે આપણને કોઈપણ સાહસમાં સફળતા મેળવવા માટે નિયમિતતાનો મહિમા સમજાવે છે.

એક રાજા હતો જે પોતાના દેશમાં ખૂબ વૃક્ષો હોય એવું ઈચ્છતો હતો. આથી તેણે સમગ્ર રાજ્યમાં હરિફાઈની જાહેરાત કરી કોઈપણ વ્યક્તિ જે એક માસમાં હજાર રોપા (નાના છોડ) વાવવાનું કાર્ય પૂર્ણ કરે તેને એક ખેતરની ભેટ મળશે.

એક માસમાં પ્રથમ ત્રણ અઠવાડિયા સુધી દરેકે વિચાર્યું કે આ કાર્ય માટે હજી ઘણો બધો સમય છે. ઘણા લોકોએ એક પણ રોપો ન રોપ્યો પરંતુ એક ચતુર યુવાને જ્યારથી હરિફાઈની જાહેરાત થઈ ત્યારથી થોડા થોડા રોપા રોજ શાંતિથી રોપવાની શરૂઆત કરી.

મહિનાના અંતના થોડા દિવસ પહેલાં, રાજાના પ્રજાજનો જાગ્રત થયા અને સમજ્યા કે તે તેમણે કેટલા બધા દિવસો ગુમાવી દીધા અને ખૂબ ઝડપથી રોપા રોપવા લાગ્યા. પરંતુ શું તમે થોડા જ દિવસોમાં હજાર રોપા ઉછેરી શકો ? નહીં ને !

ફક્ત પેલો હોંશિયાર યુવાન કે જેણે રોજ થોડા થોડા રોપા રોપ્યા હતા તે જ આ કાર્ય પૂર્ણ કરી શક્યો રાજાએ પેલા યુવાનને સારી રીતે બદલો આપીને પોતાનું વચન પૂર્ણ કર્યું. અને તેનાથી પણ વિશેષ કોઈપણ કાર્યની સફળતા માટે નિયમિત પ્રયત્નોનો મહત્ત્વનો પાઠ પણ પોતાની પ્રજાને ભણાવ્યો.

આપણો અભ્યાસ પણ હજાર રોપા રોપવાની હરિફાઈ જેવો જ છે. એ એવો નથી કે જેમાં એક બે જ વ્યકિત જીતી શકે. પરંતુ જે પ્રયત્ન કરે છે અને સારું કામ કરે છે તેમને માટે સારા ગુણ ઉપરાંત શિક્ષકોની કદર અને વર્ગસાથીની પ્રશંસાનો અદ્ભુત બદલો પ્રાપ્ત થાય છે. પરંતુ આ શક્ય ત્યારે જ બને જ્યારે આપણે પણ પેલા નિયમિત રોપા રોપનાર હોંશિયાર યુવાનની જેમ નિયમિત કાર્યમાં જાતને રોકી રાખીએ. જો આપણે વાર્તાના બીજા લોકો જેવા હોઈએ તો આપણે “છેલ્લી મિનિટના અભ્યાસમાં રોકાઈને આપણી જાતને જરૂર વગરના દબાણમાં મૂકી દઈએ છીએ.”

આપણી કસોટી કે પરીક્ષાના પરિણામની ચિંતા ન કરીએ. કારણ કે સૌથી સારું કામ ત્યારે જ કરી શકીએ જ્યારે આપણું મન શાંત અને હળવું હોય, નહીં કે જ્યારે આપણે બિનજરૂરી તણાવ હેઠળ હોઈએ. જ્યારે પણ આપણને સમય મળે ત્યારે આપણે “હું મારાથી બનતા શ્રેષ્ઠ પ્રયત્નો કરીશ અને બાકીનું છોડી દઈશ.” આ વિચાર (જેવી વાત) સ્વગત બોલતા રહીએ.

આપણા અભ્યાસને પૂર્ણ કરવા સમય સારણી (ટાઈમ ટેબલ)નો ઉપયોગ આપણને બે રીતે મદદ કરે છે.

આખા અભ્યાસક્રમના મુદ્દાઓની યાદી બનાવી જેમ પૂર્ણ કરો તેમ તેના પર ખરાની નિશાની કરતા જાવ અને તેથી તમે કોઈ મુદ્દો ભૂલી નથી ગયા તેની ખાતરી થશે.

તમારા સમયની અનુસૂચિ પ્રમાણે કામ કરવાથી આપણી પરીક્ષા નજીક આવે, ત્યારે આપણા પર આવતા દબાણથી દૂર રહી શકાય.

ફક્ત યોજના બનાવવી પૂર્ણ નથી. આપણે સમગ્ર રીતે એને અનુસરવાની છે. આ વાતને ધ્યાનમાં રાખી સ્વામી ચિન્મયાનંદજીનું એક વાક્ય “તમારા કામનું આયોજન કરો અને આયોજનનો અમલ કરો.”

વર્ગમાં હોઈએ ત્યારે હંમેશા સાવધાન રહીએ. અભ્યાસમાં સરળતાથી સફળતા મેળવવા માટે વિષયવસ્તુ તરફ ધ્યાન આપવું એ સૌથી સરળ રહસ્યમંત્ર છે. કેળવણીના ક્ષેત્રમાં સંશોધનકારોએ શોધી કાઢ્યું છે કે વર્ગમાં

ધ્યાન એ આપણા અભ્યાસક્રમનું ઘેર ત્રણવાર પુનરાવર્તનની બરાબર છે. આપણી સાવધાની જાળવી રાખવાનો એક સરળ રસ્તો એ છે કે આપણે ટટ્ટાર અને હળવાશથી બેસીએ. બેસવાની સ્થિતિની મગજની સ્થિતિ પર સીધી અસર પડે છે. સાથે ધ્યાન રાખીએ કે આપણે રોજ રાત્રે પૂરતી ઊંઘ લીધી છે ને ? મોડી રાતનું જાગરણ એ સાવધાની નો સૌથી મોટો દુશ્મન છે.

આપણી પોતાની શક્તિ અને નબળાઈને તપાસો, ચકાસો. કોઈ એક ખાસ વિષય કે જેમાં આપણે કુશળ છીએ, પરંતુ આપણો મિત્ર વારંવાર વાંચે છે માટે આપણે એ વિષય ફરી ફરી ન વાંચીએ. આપણી નબળાઈ અંગે આપણા મગજમાં નિશ્ચય કરો અને એના પર પૂરતું ધ્યાન આપો. કેટલાંક વિદ્યાર્થી કોઈ એક વિષયને ટાળે છે કારણ કે તે એમને માટે અઘરો છે, મુશ્કેલી આપે છે. પણ તે ડહાપણભર્યું નથી. જો આપણે આપણી જાતને તેમાં રોકીએ તો કુદરતનો નિયમ છે કે આપણે સુધરી શકીએ છીએ. જેમ કે, અંગ્રેજી વિષય મારા માટે અઘરો હતો. પણ જ્યારે હું બીજા વિષયો સાથે અંગ્રેજીને પણ સારામાં સારી રીતે શીખવાની સમજવાની કોશિશ કરી. મારી જાતને તેમાં રોકવાની કોશિશ કરી તો અત્યારે મારો અંગ્રેજી વિષય પ્રત્યેનો અઘરો ભાવ દૂર થયો છે. યાદ રાખો કે આપણી સંનિષ્ઠ તૈયારી અને ધ્યાનપૂર્વકના પ્રયત્નો જ આપણને પરીક્ષાખંડમાં ઉપયોગી થશે. આપણા મિત્રને મહાત કરવા કરતાં આપણી કહેલી કામગીરી કરતાં વધુ સારી કામગીરી માટે ઝઝૂમો. આત્મ સુધારણા માટે આ વધુ વાસ્તવિક અને ઉપયોગી પ્રયત્ન છે.

ઘણા મહાન વૈજ્ઞાનિક, શોધકો, લેખકો અને બીજાઓ 'હંમેશાના મહાન' (માણસ) કદાચ ૧૯૫૫માં પ્રથમ ન આવ્યા હોય પરંતુ તેમણે શીખવાની અને મેળવવાની રીતને ચાહી અને વધારે માણી હસે. ઈન્દિરા ગાંધી, ચાર્લ્સ ડાર્વિન અને વિન્સટન ચર્ચિલે આના થોડા ઉદાહરણો છે.

આપણે પણ ૧૯૫૫માં પ્રથમ ન આવીએ તો કંઈ નહીં પણ શીખવાની અને મેળવવાની રીતને ચાહી અને તેને વધારે માણીએ. કારણ કે અભ્યાસનો અર્થ ફક્ત સારા ગુણ પ્રાપ્ત કરવા કે વર્ગમાં પ્રથમ આવવું એવો થતો નથી. પરંતુ દુનિયા, લોકો, અંક ભાષાઓ અને વસ્તુઓ વિષે વધુ ને વધુ જ્ઞાન મેળવવું તે થાય છે. .... આના ઘણાં લાભ છે.

# લોકશાહીમાં સબળ વિપક્ષનું મહત્ત્વ

**પંચાલ રિદ્ધિ એ.**
જે. એન. બાલિકા વિદ્યાલય, ધો.૧૦

લોકશાહી એટલે લોકોનું લોકો માટે અને લોકો દ્વારા ચાલતું શાસન. લોકશાહીમાં લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓની સરકાર દેશ પર શાસન કરે છે.

ભારત દુનિયાનો સૌથી મોટો લોકશાહી ધરાવતો દેશ છે. જો દેશની જનતા સુશિક્ષિત હોય જાગૃત હોય અને તેનામાં દેશપ્રેમ હોય તો જ દેશમાં સાચી લોકશાહીની સ્થાપના થઈ શકે.

લોકશાહીમાં ચૂંટાયેલી સરકાર યોગ્ય રીતે લોકહિતમાં શાસન કરે તે માટે એક સબળ વિરોધી પક્ષનું હોવું અનિવાર્ય છે. અહીં વિરોધ પક્ષ જો સબળ હોય તો જ શાસક પક્ષ પર અંકુશ રાખી તેને અયોગ્ય નિર્ણયો લેતા રોકી શકે છે, અને દેશની જનતાના હિતનું રક્ષણ કરી શકે છે. સબળ વિપક્ષના કારણે શાસકપક્ષને તેના મનસ્વી નિર્ણયો લેતા અટકાવી શકાય છે, માટે જ સબળ વિપક્ષ હોવો તે લોકશાહીના પાયાની જરૂરિયાત છે.

આજે આપણા દેશમાં લોકશાહીના અનેક અવરોધક પરિબળો છે. તેમાંનું એક પ્રમુખ પરિબળ સબળ વિરોધ પક્ષનો અભાવ છે.

આજે આપણા દેશમાં અનેક પક્ષો અસ્તિત્વમાં છે. મુખ્ય પક્ષમાં ભાગલા પડી રોજ નવા નવા પક્ષો રચાઈ રહ્યા છે. જેના કારણે તેમની શક્તિ ક્ષીણ થઈ રહી છે.

તેઓ શાસકપક્ષની સામે એક જૂથ થઈ શકતા નથી.

એક મજબૂત રાષ્ટ્રીયપક્ષની જગ્યાએ આપણા દેશમાં અનેક નાના રાજકીય પક્ષો અસ્તિત્વ ધરાવે છે. જે મોટે ભાગે જ્ઞાતિવાદ, ભાષાવાદ અને પ્રાદેશિકવાદ જેવી સંકુચિત, વૃત્તિઓના કારણે અસ્તિત્વમાં આવે છે, અને પોતાના પ્રદેશમાં પ્રભુત્વ ધરાવતા જોવા મળે છે. આવા પક્ષના પ્રમુખોને દેશહિત કરતા પોતાના કે તેથી આગળ વધી પોતાના પ્રદેશના હિતમાં જ રસ હોય છે. જેના કારણે તેઓ શાસક પક્ષ સામે એક જૂથ થઈ દેશહિતમાં નિર્ણયો લઈ શકતા નથી.

સબળ વિરોધપક્ષના અભાવે આજે શાસકપક્ષ મનસ્વી નિર્ણયો લઈ રહ્યો છે અને માત્ર પોતાની જ આપખુદીથી દેશની જનતાના હિતને અવગણીને સાચા-ખોટાં નિર્ણયો લઈ રહ્યો છે. જેને રોકવામાં મહદ્ અંશે નબળા વિપક્ષો નિષ્ફળ રહ્યા છે. વિપક્ષની ભૂમિકા શાસકપક્ષના નિર્ણયોનો નબળો વિરોધ કરવા પૂરતી જ મર્યાદિત રહી છે. તે નિર્ણયોનો વિરોધ કરી તેને અટકાવવા કે બદલવા તેઓ અસમર્થ છે.

વિપક્ષોની નબળાઈ માટે મુખ્ય જવાબદાર કારણ પ્રભાવશાળી નેતાનો અભાવ છે. જે શાસકપક્ષના પ્રતિભાશાળી નેતાની સામે વામણા પુરવાર થઈ રહ્યા છે. પરિણામે શાસકપક્ષ આપખુદીથી નિર્ણય લેવામાં મોટા ભાગે સફળ રહે છે. જેના પરિણામો દેશની જનતાને ભોગવવા પડે છે.

દેશની જનતા દેશમાં લોકશાહી હોવા છતાં લોકશાહીના સંપૂર્ણ લાભ મેળવી શકતી નથી. ચૂંટણીમાં લોકોને પોતાની પસંદના નેતાને ચૂંટવાનો અધિકાર તો છે. પરંતુ પ્રતિભાશાળી નેતાઓના અભાવે અન્ય વિકલ્પ મળતો નથી. લોકો મીડિયા દ્વારા ઉપસાવેલ વિરાટ પ્રતિભાથી અંજાઈને આવા પ્રભાવશાળી નેતાને ચૂંટી કાઢે છે. અને પછી આવા નેતા દ્વારા કરેલ વાદા પૂરા ન થતા નિરાશા અનુભવે છે અને તેમની આંખો અન્યને શોધે છે પરંતુ તે મળતો નથી આ જ છે દેશના લોકોની કમનસીબી કે તેમની પાસે વોટીંગ કરી પોતાનો નેતા ચૂંટવાની સત્તા તો છે પરંતુ નેતાની પસંદગીના અન્ય વિકલ્પો જ નથી.

આ જ છે આજના ભારતની લોકશાહીને અવરોધતું પ્રમુખ પરિબળ સબળ વિરોધપક્ષનો અભાવ.

## ક્યાં છ ધગધગતાં દિલ ?

**વજુભાઈ શાહ**

હરિજનો જાહેર વાહનોમાં છૂટથી બેસતા થયા છે, હોટલોમાં સૌની સાથે ખાતાંપીતાં થયા છે. પ્રસિદ્ધ મંદિરોમાં જઈ શકે છે, એ સાચું, એનું ઘણું મહત્ત્વ છે. પરંતુ આ બધી પ્રવૃત્તિ ઘણેખરે અંશ શહેરોમાં અને સમાજનાં ઉપલાં પડોમાં ચાલે છે. વિશાળ ગ્રામસમાજનું અવલોકન કરશું તો જણાશે કે સમાજની અંદરનાં પડ હજુ ભેદાયાં નથી.

સરકાર કાનૂનની શક્તિ અજમાવી રહી છે. પરંતુ કાનૂન કંઈ પેલાં પડને થોડાં જ વીંધી શકે ? લોકસંસ્થાઓ હરિજનોને રાહત પહોંચાડે છે અને પ્રચારકાર્ય પણ કરે છે. પરંતુ એ જાતના રાહતકાર્યથી કે પ્રચારકાર્યથી પેલાં પડને શી રીતે ભેદી શકાય ? એ પડને ભેદવા માટે તો ધગધગતાં દિલ જોઈએ, સામાજિક સંકલ્પ જોઈએ, પ્રાયશ્ચિતની તીવ્ર ને વ્યાપક ભાવના જોઈએ. એ બધું ક્યાં છે ?

રાષ્ટ્રના લગભગ છઠ્ઠા ભાગના લોકોને અછૂત રાખવાં એ ઘોર સામાજિક પાપ છ. એમ આપણને લાગે છે ખરું ? આ સરાસર અન્યાય સામે આપણા કોના દિલમાંથી બળવો જાગે છે ? હિંદુ ધર્મ પરનું આ કલંક ભૂંસી નાખવા માટે જેહાદ ચલાવવાનું કેટલાં વર્તમાનપત્રોને કર્તવ્ય લાગતું હશે ? આવો અધર્મ ચાલ્યા કરે તો હિન્દુ ધર્મ રસાતાળ જશે, એવી વેદના ધર્મધુરંધરોમાંથી કેટલા અનુભવતા હશે ? કાં તો અમે નહિ અને કાં તો આભડછેટ નહિ, એવી પ્રેરણા ક્રાંતિનો ઈતિહાસ વાંચનારા કેટલા નવજુવાનોને થતી હશે ? આપણને સૌને સાથે મળીને આ મહાપાપ સામે આખર સુધી લડી લેવાનું કેમ સૂઝતું નથી ?

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**

સરસપુર, અમદાવાદ.

**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

**ધો.૧૦નું ૫૩.૦૯ ટકા પરિણામ**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગયા માર્ચ માસમાં લેવાયેલ ધો.૧૦ની પરીક્ષાનું ૫૩.૦૯ ટકા પરિણામ આવ્યું છે. ધો.૧૦ની આ વર્ષે લેવાયેલ બોર્ડ પરીક્ષામાં ૭,૭૫,૦૧૩ નિયમિત વિદ્યાર્થીઓ, ૨૬,૬૧૦ રિપીટર વિદ્યાર્થીઓ અને ૪૨,૮૨૨ ખાનગી તથા એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી અનુક્રમે ૫,૨૮,૮૭૦, ૩૩,૩૮૫ અને ૨,૯૮૯ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

ગુજરાતી માધ્યમમાં દસમાં ધોરણમાં એક લાખ વિદ્યાર્થીઓ ગુજરાતી વિષયમાં નાપાસ થયા છે. સૌથી વધુ અંગ્રેજી વિષયનું ૯૫.૯૩ ટકા પરિણામ અને સૌથી ઓછું ગણિત વિષયનું ૬૯.૨૬ ટકા પરિણામ આવ્યું છે. એ૧ ગ્રેડમાં ૩,૭૫૦ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

આ વર્ષે પણ સૌથી વધુ પરિણામ સુરત જિલ્લાનું અને સૌથી ઓછું નર્મદા જિલ્લાનું પરિણામ આવ્યું છે.

**ધો.૧૦ CBSEનું ગુજરાતનું ૯૫ ટકાથી વધુ પરિણામઃ**

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ (સીબીએસઈ) દ્વારા ગયા માર્ચ-એપ્રિલ મહિનામાં લેવામાં આવેલી ધો. ૧૦ની પરીક્ષાનું ગુજરાતનું ૯૫ ટકાથી વધુ પરિણામ આવ્યું છે. જેમાં અમદાવાદની ટોપ સ્કૂલોને પણ ૧૦૦ ટકા પરિણામ મેળવવામાં સફળતા મળી છે. આ વખતે બોર્ડ કરતા ખાનગી સ્કૂલોનું પરિણામ ૪.૬ ટકા ઊંચું આવ્યું છે.

ધો.૧૦માં દેશભરમાંથી ૧૬.૬૮ લાખ પૈકી ગુજરાતમાંથી ચાલીસ હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેનું ઓવરઓલ પરિણામ ૯૦.૯૫ ટકા જાહેર કરવામાં આવ્યું છે. જે ગયા વર્ષે ૯૬.૨૧ ટકા હતું. આમ આ વર્ષે ૫.૯૬ ટકા ઓછું પરિણામ આવ્યું છે. આ વખતે વિદ્યાર્થિનીઓ કરતા વિદ્યાર્થીઓએ સારો દેખાવ કર્યો છે. જે મુજબ વિદ્યાર્થીઓનું ૯૩.૪ ટકા જ્યારે વિદ્યાર્થિનીઓનું ૯૨.૪ ટકા પરિણામ આવ્યું છે.

સીબીએસઈની પરીક્ષામાં વિદ્યાર્થીઓને બોર્ડ અને સ્કૂલ એમ બે વિકલ્પની પસંદગી આપવામાં આવે છે. બોર્ડનું ૯૨.૬ ટકા અને ખાનગી સ્કૂલોનું ૯૭.૨ ટકા પરિણામ આવ્યું છે.

**ધો.૧૨ સામાન્ય પ્રવાહનું અમદાવાદ શહેરનું ૬૫.૭૨ ટકા અને ગ્રામ્યનું ૬૧.૨૧ ટકા પરિણામઃ**

ધો.૧૨ સામાન્ય પ્રવાહનું અમદાવાદ શહેરનું પરિણામ ૬૫.૭૨ ટકા અને અમદાવાદ ગ્રામ્યનું ૬૧.૨૧ ટકા પરિણામ આવ્યું છે. ગયા વર્ષ કરતા આ વર્ષે અમદાવાદ શહેર અને ગ્રામ્ય એમ બંનેનું પરિણામ ઓછું છે.

અમદાવાદ શહેરમાં આ વર્ષે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૩૮,૪૯૩ વિદ્યાર્થીઓમાંથી ૧૩,૫૫૧ વિદ્યાર્થીઓ નાપાસ થતા શહેરનું પરિણામ ૬૫.૭૨ ટકા રહ્યું છે. જ્યારે ગ્રામ્યમાં આ વર્ષે ૨૪,૬૦૫ વિદ્યાર્થીઓમાંથી ૯,૯૨૧ વિદ્યાર્થીઓ નાપાસ થતાં ૬૧.૨૧ ટકા પરિણામ રહ્યું છે.

ધો.૧૨ સામાન્ય પ્રવાહના આ પરિણામમાં

ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં સૌથી વધુ નાપાસ થયા છે. જેનો આંકડો ૧.૩૮ લાખની આસપાસ થવા જાય છે.

**ગુજકેટનું પરિણામ : ૯૯ થી વધુ પર્સેન્ટાઈલમાં એ ગ્રૂપના ૬૬૫, બી ગ્રૂપના ૬૬૨ વિદ્યાર્થીઓ :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ગુજકેટની પરીક્ષામાં આ વર્ષે પ્રથમવાર ૧૩૨૩૯૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે ગયા વર્ષ કરતાં ૫૦ ટકા વધુ છે. આ પરિણામમાં એ ગ્રૂપમાં ૯૯ થી વધુ પર્સેન્ટાઈલમાં ૬૬૫ અને બી ગ્રૂપમાં ૯૯થી વધુ પર્સેન્ટાઈલમાં ૬૬૨ વિદ્યાર્થી છે. આમ એ ગ્રૂપ સાથે બી ગ્રૂપના વિદ્યાર્થીઓ બરોબરી પર રહ્યા છે.

આ પરિણામમાં એ ગ્રૂપમાં છોકરાઓની સરખામણીએ છોકરીઓ ખૂબ જ ઓછીછે. ૫૫૦૩૫ છોકરાઓની સામે ૧૧૩૪૮ છોકરીઓ એ ગ્રૂપમાં છે. જ્યારે બી ગ્રૂપમાં છોકરીઓની સંખ્યા વધુ છે. ૨૮૬૨૧ છોકરાઓની સામે ૨૬૯૨૧ છોકરીઓ છે.

એ ગ્રૂપમાં ૫૦ થી ઓછા પર્સેન્ટાઈલમાં ૩૨૭૩૬ વિદ્યાર્થીઓ અને બી ગ્રૂપમાં ૩૨૯૧૬ વિદ્યાર્થીઓ છે. ૨૦ થી ઓછા પર્સેન્ટાઈલમાં એ ગ્રૂપમાં વધુ વિદ્યાર્થીઓ ૧૩૦૫ અને બી ગ્રૂપમાં ૧૨૮૯૦ વિદ્યાર્થીઓ છે.

**ટૂંકાવીને**

- ધો.૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં ગુજરાતી માધ્યમનું પરિણામ વધ્યું અને અંગ્રેજીનું ઘટ્યું.
- ગુજરાતી માધ્યમમાં એ-૧ ગ્રેડમાં ૯૬ વિદ્યાર્થી વધ્યા.
- ૧૦૦ ટકા પરિણામવાળી સ્કૂલો ઘટી જ્યારે ૧૦ ટકાથી ઓછા પરિણામવાળી શાળાઓ વધી.
- જેઈઈ એડવાન્સમાં દેશના ટોપ-૧૦૦માં ગુજરાતના પાંચથી વધુ વિદ્યાર્થીઓ
- અત્યાર સુધી જે તે યુનિ. કૉલેજ દ્વારા કરવામાં આવતા ઈન્ટિગ્રેટેડ એમ.બી.એ-એમ.સી.એ. અને ફાર્મ-ડીના પ્રવેશ હવેથી સરકારની કમિટી કરશે.


# વરસાદ...

**કિરીટ ગોસ્વામી**

એફ-૨૦-૬૬૬, પહેલો માળ, રણજિત નગર, જામનગર-૩૬૧૦૦૫.
મો.:૯૮૭૯૪૦૧૮૫૨

દરિયાભાઈને ગરમી થૈ !
ખાવા ઠંડી હવા જરા
    આકાશે એ તો પહોંચ્યા જૈ...
    દરિયાભાઈને ગરમી થૈ !
માંડ કરીને ખૂટ્યો
    એનો લાંબોલચક રસ્તો !
મદદ જરા માગી તો
    આવ્યો પવન હસતો - હસતો !
પવન કહે કે –
    દરિયા તું તો બહુ છે મોટો મોટો...
વાદળ થૈ ને પછી દોડ
    તો થાક ન લાગે ખોટો !
દોટ પછી તો મૂકી દરિયે
    ઝટપટ વાદળ વાદળ થૈ !
ખાવા ઠંડી હવા જરા
    આકાશે એ તો પહોંચ્યો જૈ !
કાળાં ભમ્મર જોઈ વાદળાં
    ચકલી રાજી - રાજી !
'ડ્રાઉં-ડ્રાઉં' ની ડફલી
    પળમાં ચારે બાજુ વાગી !
હાથીભાઈ હરખાયા,
    દોડી ટાબરિયાંની ટોળી !
'મે આવ મે આવ' મોરભાઈ પણ
    ટહુક્યા ડોક મરોડી !
હરખ બધાંનો દેખી
    દરિયો વરસી ગ્યો બસ ફટાક દૈ !
    ને દરિયાભાઈની ગરમી ગૈ !


# પ્રકાશન વિભાગ





## શિક્ષણપ્રયોગ
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૨૨૫/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર





## ડોલ્ટન યોજના
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૭૫/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર





## વિરલ વિદ્યાપુરુષ
**ડો. મોહનભાઈ પંચાલ**
**કિંમત : ૧૦૦/-**
પ્રકાશક : હરભાઈ સ્મારક નિધિ





## શિક્ષણ વિચાર
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૧૬૦/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર





## જીવનલક્ષી શિક્ષણ
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૬૦/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




## કોઈએ નહોતું કીધું
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૪૫/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




## સ્મરણયાત્રા
**જશીબેન નાયક**
**કિંમત : ૧૬૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય





## સપનાં થયાં સાકાર
**હરિત પંડ્યા**
**કિંમત : ૧૨૫/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય





## સ્મૃતિ સુમન
**કિંમત : ૬૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




## કાળી વાદળી ઉજળી કોર
**જશીબેન નાયક**
**કિંમત : ૧૬/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




## સ્મૃતિના અસવાર
**જશીબેન નાયક**
**કિંમત : ૪૫/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય





## LIGHT IN THE EAST
**FREDA WHITLAM**
**Price : 40/-**
Publisher :
Saraswati Vidya Mandal

NEW



## સંભારણાં
**કિંમત : ૧૭૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW



## સ્મૃતિ ઝરણાં
**કિંમત : ૧૫૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW



## સ્મરણ પુષ્પ
**કિંમત : ૯૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW



## સરદાર ગાથા
**કિંમત : ૫૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

Registered under RNI No. GUJ GUJ / 1976 / 33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2016-2018 Valid upto 31st December 2018
ઘરશાળા • જુલાઈ - ૨૦૧૭ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- • વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

# તારે મેહુલિયા

**અવિનાશ વ્યાસ**

તારે મેહુલિયા કરવાં તોફાન,
અમારા લોકના જાયે છે જાન.
મંડ્યો ને મંડ્યો તું મુશળધાર,
કેવી રીતે મારે જાવું નિશાળ ?
અવળા ને સવળા વાયરા વાય,
ઓઢેલી છત્રીનો કાગડો થાય...
તારે મેહુલિયા...
કેળાંની છાલથી લપસી જવાય,
ત્યારે તો ભાઈ, મને કંઈ કંઈ થાય,
ચંપલ મારી છબછબ થાય,
ધોયેલાં કપડાં બગડી જાય.
એવું ના ભઈલા અમને ગમે,
સીધો સીધો અલ્યા કાં ન રમે...
તારે મેહુલિયા...

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.